RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

Date:- 13-06-2026 I VOL : 12 I Issue : 88 I Page : 8 I Price : 1.00/-

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઑફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

**સુવિચાર**


આત્મવિશ્વાસ સફળતાનો પાયો છે. દરેક દિવસ નવી તક લઈને આવે છે.

3





સુરતમાં ખાખીનો ખોફ ખતમ? પુણામાં ધોળા દિવસે ઘાતકી હત્યાથી ધ્રુજી ઉઠ્યું ડાયમંડ સિટી!

4



નર્સોના ડ્રેસકોડ અને સુરક્ષા પર કંગના રનૌતનું નિવેદન: મીડિયાના વિવાદો પાછળ...

6



અભિનેતા દિનયાર તીરંદાજનું 69 વર્ષની વયે નિધન

7



ભારતીય શૂટર જસપાલ રાણાનું 49 વર્ષની ઉંમરે અવસાન

## એક નજર...

### આહના કુમરાએ પુલ કિનારે બિકીનીમાં આપ્યા બોલ્ડ પોઝ



અભિનેત્રી હંમેશા તેના દરેક લુકથી ઈન્ટરનેટનો પારો હાઈ કરી દે છે, જ્યારે પણ તે કેમેરા સામે આવે છે ત્યારે ઈન્ટરનેટનો પારો હાઈ થઈ જાય છે. બોલિવૂડ એક્ટ્રેસ આહના કુમરા તેના બોલ્ડ બિકીની લુક્સ ફેન્સ વચ્ચે શેર કરતી રહે છે. ફેન્સ પણ અભિનેત્રીની તસવીરો પર ખુબ પ્રેમ વરસાવે છે. તાજેતરમાં આહાના કુમરાએ તેની લેટેસ્ટ તસવીરો શેર કરી છે.

### 3 ભારતીયના મોત મુદ્દે રાહુલ ગાંધીના પ્રહાર

# મોદીમાં હિંમત નથી કે અમેરિકા વિરુદ્ધ એક શબ્દ બોલે: રાહુલ

પાક્કો ગુજરાત ન્યૂઝ, નવી દિલ્હી

અમેરિકાની સેનાએ મધ્ય-પૂર્વમાં ઓમાન સમુદ્રકાંઠા પાસે ત્રણ ભારતીય કોમર્શિયલ જહાજો પર હુમલો કરતાં ત્રણ ભારતીયોના મોત થયા બાદ લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. કોંગ્રેસે ત્રણ ભારતીયોના મોત બદલ દુઃખ વ્યક્ત કર્યું છે. રાહુલે અમેરિકન હુમલાની ટીકા કરવાની સાથે




વડાપ્રધાન પર પ્રહાર કરતાં કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીમાં હિંમત નથી કે, તેઓ અમેરિકા વિરુદ્ધ એક શબ્દ બોલે. અમેરિકન હુમલામાં ત્રણ ભારતીયોના મોત, PM ચૂપ : રાહુલ ગાંધી રાહુલે સોશિયલ મીડિયા એક્સ પર લખ્યું છે કે, 'અમેરિકાએ આંતરરાષ્ટ્રીય જળક્ષેત્રમાં ત્રણ દિવસમાં ત્રણ જહાજો પર હુમલા કર્યા, જેમાં ત્રણ ભારતીયોના મોત થયા છે અને આપણા કોમ્પ્રોમાઈઝ પીએમ? એક શબ્દ બોલતા નથી.' કોંગ્રેસ સાંસદો વધુમાં કહ્યું કે, 'જ્યારે વિદેશી શક્તિ ભારતીયની હત્યા કરે ત્યારે વડાપ્રધાને જવાબ આપવો પડે છે. જોકે તેમની હિંમત જ નથી કે, તેઓ એક પણ શબ્દ બોલે. આપણા ભારતીય ક્રૂ મેમ્બરોની હત્યાના થોડા દિવસ બાદ, આગામી અઠવાડિયે G7 યોજાવાની છે, જેમાં મોદીજી હસતાં જોવા મળશે, લોકોને ગળે મળશે અને કરારો કરશે. પરંતુ મૃત્યુ પામેલા ત્રણ ભારતીયો માટે તેમની પાસે એક શબ્દ નહીં હોય. કોમ્પ્રોમાઈઝ્ડ PM ભારત માતાના પુત્રોની રક્ષા કરી શકતા નથી, કારણ કે, જે લોકોએ આ પુત્રોના જીવ લીધા, તેમને નારાજ કરવામાં તેમની હિંમત પણ નથી અને તાકાત પણ નથી.' કોંગ્રેસ પાર્ટીએ ગઈકાલે (11 જુલાઈ) ત્રણ ભારતીય ક્રૂ મેમ્બર્સની હત્યા પર દુઃખ વ્યક્ત કર્યું હતું. પાર્ટીએ કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતાની જવાબદારીમાંથી છટકી ન શકે. મીડિયા વિભાગના પ્રમુખ પવન ખેડાએ કહ્યું કે, આ મામલે જવાબદારી સુનિશ્ચિત કરવા માટે કેન્દ્ર સરકારે રાજદ્વારી પગલા ભરવા જોઈએ. ઉલ્લેખનીય છે કે, હોર્મુઝની ખાડીમાં ઈરાન પછી અમેરિકાની દાદાગીરી હદ વટાવી રહી છે. ભારતે જણાવ્યું હતું કે, છેલ્લા ત્રણ દિવસમાં ત્રણ જહાજ પર અમેરિકન નૌકાદળે હુમલો કર્યો હતો. શિપિંગ મંત્રાલયના અધિકારી મુકેશ મંગલે જણાવ્યું હતું કે હોર્મુઝમાં ફસાયેલા 13 જહાજ પર હજી પણ ભારતના 562 ખલાસી છે. તેમા 329 હોર્મુઝ પશ્ચિમમાં અને બાકીના પૂર્વમાં છે. આ સિવાય આ વિસ્તારમાં વિદેશી ઝંડાવાળા જહાજો પર કુલ 18,000 ભારતીય ખલાસીઓ છે. હજી પણ ભારતના 13 જહાજ હોર્મુઝમાં ફસાયેલા છે.

# કોલકાતામાં બિલ્ડિંગમાં આગ લાગતાં 4000 EVM ભસ્મ રાજકીય કાવતરાનો આરોપ

કોલકાતા

પશ્ચિમ બંગાળના કોલકાતાના અલીપુર વિસ્તારમાં એક સરકારી ઈમારતમાં લાગેલી ભીષણ આગમાં 4 હજાર EVM બળીને ખાક થઈ ગયા છે. આ અંગે વિપક્ષ દ્વારા આ ઘટનામાં 'મોટા કાવતરા'ની આશંકાઓ વ્યક્ત કરાતા હોબાળો મચી ગયો છે. આગ બુધવારે દક્ષિણ કોલકાતાના અલીપુર સરકારી ઈમારતમાં લાગી હતી. આ બિલ્ડિંગમાં અન્ય મહત્ત્વના સરકારી વિભાગો ઉપરાંત દક્ષિણ 24



પરગના જિલ્લા પરિષદની ઓફિસ પણ આવેલી છે. બંગાળના મંત્રી કૌશિક ચૌધરીએ ગુરુવારે ઘટનાસ્થળની મુલાકાત લીધા બાદ ચોંકાવનારું નિવેદન આપતા કહ્યું કે, આગ સૌથી પહેલા ઈમારતના બીજા અને ત્રીજા માળે જોવા મળી હતી. પરંતુ આશ્ચર્યની વાત એ છે કે ચોથો, પાંચમો અને છઠ્ઠો માળ પ્રભાવિત થયા વિના જ આગ સીધી સાતમા, આઠમા, નવમા અને દસમા માળ સુધી પહોંચી ગઈ! મંત્રી કૌશિક ચૌધરીએ આ અંગે ગંભીર સવાલ ઉઠાવતા જણાવ્યું છે કે, આ આગ સામાન્ય લાગતી નથી. અમે તપાસ કરી રહ્યા છીએ કે આમાં કોઈ કાવતરું સામેલ છે કે નહીં. આગ ચોથા, પાંચમા અને છઠ્ઠા માળને નુકસાન પહોંચાડ્યા વિના સીધી સાતમા અને આઠમા માળ સુધી કેવી રીતે પહોંચી? આ સમગ્ર બાબત અત્યારે તપાસ હેઠળ છે.

# ભારતીય સેનાને મળ્યા 106 કામિકાઝે ડ્રોન

### 180 કિમીની રેન્જ સુધી હુમલો કરી શકે છે; ટારગેટથી ભટકશે નહીં

નવી દિલ્હી

ભારતીય સેનાની હુમલા કરવાની ક્ષમતા વધારવાની દિશામાં મોટું પગલું ભરતા, સ્વદેશી સંરક્ષણ કંપની SMPP એ સેનાને 106 ટર્બોજેટ



એન્જિનથી ચાલતા 'કામિકાઝે' ડ્રોન સોંપ્યા છે. તેમને 'પીસકીપર (અગ્નિવેગ)' નામ આપવામાં આવ્યું છે. આ ડ્રોન 180 કિમીની રેન્જ સુધી હુમલો કરી શકે છે. સાથે જ 450 કિમી પ્રતિ કલાકની ઝડપ પકડી શકે છે. એટલે કે, તેની ઝડપ દુનિયામાં સૌથી ઝડપી ઉડતા પેરેગ્રિન ફાલ્કન પક્ષીની 320 કિમી પ્રતિ કલાકની ઝડપ કરતાં પણ વધુ છે. એટલું જ નહીં, તેના પર ન તો જામિંગની અસર થશે, ન તો કોઈ સ્પૂફિંગ દ્વારા તેમને ટારગેટથી ભટકાવી શકશે. કંપનીએ જણાવ્યું છે કે તેણે 100 ઓપરેશનલ અને 6 ટ્રેનિંગ ડ્રોન સેનાને સોંપ્યા છે. આ ડિલિવરી ભારતની સ્વદેશી સંરક્ષણ નિર્માણ ક્ષમતા અને અનમેન્ડ વોરફેર (માનવરહિત યુદ્ધ) માં એક સિદ્ધિ માનવામાં આવી રહી છે. તેમને બેલારુસિયન ફર્મ KB ઈન્ડેલાની મદદથી તૈયાર કરવામાં આવ્યા છે. કંપનીનો દાવો છે કે આ ડ્રોન સંપૂર્ણપણે ઓટોનોમસ પ્રિસિઝન સ્ટ્રાઈક મિશન પાર પાડી શકે છે. એટલે કે, લક્ષ્ય નિર્ધારિત થયા પછી, તે કોઈપણ માનવીય હસ્તક્ષેપ વિના મિશન પૂર્ણ કરશે. કામિકાઝે ડ્રોન એવા ડ્રોન હોય છે જે લક્ષ્ય પર હુમલો કરતી વખતે પોતે પણ નષ્ટ થઈ જાય છે. તેમને લોઈટરિંગ મ્યુનિશન પણ કહેવામાં આવે છે. કામિકાઝે નામ સેકન્ડ વર્લ્ડ વોરના કામિકાઝે હુમલા પરથી લેવામાં આવ્યું છે. જ્યારે જાપાની પાઈલટ્સ પોતાના વિમાનોને દુશ્મનના જહાજો સાથે ટકરાવીને આત્મઘાતી હુમલો કરતા હતા. જ્યારે કોઈ ડ્રોન લોન્ચ કરવામાં આવે છે, ત્યારે તે ઘણી વાર સુધી હવામાં ફરતું રહે છે. કેમેરા અને સેન્સરથી ટાર્ગેટ શોધે છે. તે મળ્યા પછી તેની તરફ ઝડપથી આગળ વધે છે અને ટકરાતા જ વિસ્ફોટ કરી દે છે. આ ડ્રોન્સનો ફાયદો એ છે કે તે પ્રમાણમાં સસ્તા હોય છે. ચોક્કસ હુમલો કરી શકે છે. સૈનિકોના જીવને સીધા જોખમમાં મૂકતા નથી. ટેન્ક, રડાર, તોપ અને સૈન્ય ઠેકાણાઓને નિશાન બનાવી શકે છે. અગ્નિવેગમાં મહત્વપૂર્ણ મિલિટરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર, લોજિસ્ટિક્સ હબ, કમાન્ડ સેન્ટર, રડાર ઈન્સ્ટોલેશન અને અન્ય વ્યૂહાત્મક ઠેકાણાઓ પર સચોટ હુમલો કરવાની ક્ષમતા છે.

## NEWS TRACK

### ટ્રમ્પે કહ્યું- ઈરાન સાથે આજે યુદ્ધ સમાપ્ત થયું:તેઓ ક્યારેય પરમાણુ હથિયાર નહીં બનાવે

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે શુક્રવારે દાવો કર્યો કે અમેરિકાએ ઈરાન સાથેનું યુદ્ધ સમાપ્ત કરી દીધું છે. એક વર્ચ્યુઅલ રેલીમાં ટ્રમ્પે પોતાના સમર્થકોને આ વાત કહી. તેમણે એવો પણ દાવો કર્યો કે ઈરાન ક્યારેય પરમાણુ હથિયાર બનાવશે નહીં. ઈરાને ટ્રમ્પના આ દાવાને ફગાવી દીધો છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઈસ્માઈલ બઘાઈએ કહ્યું કે શાંતિ કરાર પર હજુ કોઈ અંતિમ નિર્ણય લેવામાં આવ્યો નથી. આ પહેલા ટ્રમ્પે વ્હાઈટ હાઉસમાં પત્રકારોને કહ્યું હતું કે સુપ્રીમ લીડર મોજતબા ખામેનીએ નવી ડીલને મંજૂરી આપી દીધી છે. તેમણે એમ પણ કહ્યું કે ઈરાન સાથેના શાંતિ કરાર પર આ અઠવાડિયે યુરોપમાં હસ્તાક્ષર થઈ શકે છે. જો બધું બરાબર રહ્યું તો ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સ પણ તેમાં સામેલ થશે. ટ્રમ્પે કહ્યું છે કે ઈરાની મીડિયાએ ડીલની જે શરતો સાર્વજનિક કરી છે, તેનો વાસ્તવિક કરાર સાથે કોઈ સંબંધ નથી. તેમણે કહ્યું કે ઈરાન તરફથી કરારને લઈને જાહેર કરાયેલું નિવેદન 'નબળું અને હાસ્યાસ્પદ' છે તથા તેમાં કહેવાયેલી વાતો સત્ય સાથે મેળ ખાતી નથી.

### 3 વર્ષ કોમામાં રહ્યા બાદ થાઈલેન્ડની લોકપ્રિય રાજકુમારીનું નિધન, 5 પુત્રો હોવા છતાં ઉત્તરાધિકારી મુદ્દે અસમંજસ

થાઈલેન્ડના રાજપરિવારમાંથી એક અત્યંત દુઃખદ સમાચાર સામે આવ્યા છે. છેલ્લા ત્રણ વર્ષથી વધુ સમયથી કોમામાં જીવન અને મરણ વચ્ચે ઝોલા ખાઈ રહેલા થાઈલેન્ડના પ્રિન્સેસ બજકિતીયાભાનું અવસાન થયું છે. થાઈલેન્ડના રોયલ હાઉસહોલ્ડ દ્વારા શુક્રવારે સવારે સત્તાવાર રીતે આ અંગેની જાહેરાત કરવામાં આવી છે. તેઓ 47 વર્ષના હતા. પ્રિન્સેસના નિધનથી સમગ્ર દેશમાં શોકનું મોજું ફરી વળ્યું છે. રાજમહેલ દ્વારા જારી કરવામાં આવેલા સત્તાવાર નિવેદનમાં જણાવાયું છે કે, 'તબીબોની ટીમ દ્વારા તેમને શક્ય એટલી શ્રેષ્ઠ અને સઘન સારવાર આપવામાં આવી રહી હતી, પરંતુ તેમની તબિયતમાં સતત બગાડ થતો રહ્યો હતો.' ગુરુવારે સ્થાનિક સમય અનુસાર રાત્રે 19:48 કલાકે (બેંગકોકના સમય અનુસાર) બેંગકોકની ચુલાલોંગકોર્ન હોસ્પિટલમાં તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. પ્રિન્સેસ બજકિતીયાભા ડિસેમ્બર 2022માં પોતાના પાલતુ કૂતરાઓને વોક કરાવી રહ્યા હતા, તે દરમિયાન તેઓ અચાનક બેભાન થઈને ઢળી પડ્યા હતા.

# ષડયંત્રનો પર્દાફાશ: સાગર સમુદાયને બદનામ કરનારા કથિત બ્લેકમેલર્સના જૂઠાણાનો ભાંડો ફૂટ્યો, પુરાવાના નામે માત્ર અટકળોનો આશરો

## રાજ કુંદ્રા કેસની આડમાં જૈન મુનિ વિરુદ્ધ રચાયું ઘૃણાસ્પદ કાવતરું, પાક્કો ગુજરાતના તીખા સવાલો સામે કથિત ટોળકીના સૂત્રધારે હથિયાર હેઠા મૂક્યા, અદાલત અને સમાજને ગેરમાર્ગે દોરવાનો મોટો ખેલ ખુલ્લો પડ્યો

છેલ્લા કેટલાક સમયથી સમાજની શાંતિ અને સૌહાર્દને ડહોળવા માટે એક અત્યંત ખતરનાક અને ઘૃણાસ્પદ ખેલ ખેલાઈ રહ્યો છે. આ આખા ષડયંત્રનું મુખ્ય નિશાન સાગર સમુદાય બન્યો છે, જેની પ્રતિષ્ઠાને ઠેસ પહોંચાડવા માટે એક સુઆયોજિત કથિત ટોળકી સક્રિય થઈ છે. આ ટોળકીની કામ કરવાની પદ્ધતિ અત્યંત શાતિર છે. સૌથી પહેલા આધુનિક ટેકનોલોજીનો દુરુપયોગ કરીને નકલી વીડિયો અને મોર્ફ્ડ એટલે કે ખોટા ફોટા તૈયાર કરવામાં આવે છે. ત્યારબાદ આ ભ્રામક સામગ્રીને સોશિયલ મીડિયાના અલગ-અલગ પ્લેટફોર્મ પર અપલોડ કરવાની ધમકી આપવામાં આવે છે. અહીંથી જ તેમનો અસલી ખેલ શરૂ થાય છે, જે ગેરકાયદેસર વસૂલાત અને ખંડણી માંગવાનો છે. જ્યારે આ કથિત ટોળકી ભોગ બનનાર પક્ષ પાસેથી ખંડણી વસૂલવામાં નિષ્ફળ જાય છે, ત્યારે સમાજમાં પૂજનીય સંતો અને આખા સમુદાયને બદનામ કરવાના ઈરાદાથી તે નકલી પોસ્ટ્સ વાયરલ કરી દેવામાં આવે છે. આ આખા કથિત રેકેટ પાછળ જે ચહેરાઓના નામ સામે આવી રહ્યા છે, તેમનો પોતાનો ભૂતકાળ અત્યંત વિવાદાસ્પદ રહ્યો છે.

### પાત્રોની કુંડળી અને કાળો ઈતિહાસ

આ આખા કથિત કાવતરાને ચલાવનારા ચહેરાઓની જ્યારે તપાસ કરવામાં આવી, ત્યારે તેના તાર બે મુખ્ય પાત્રો સાથે જોડાતા જોવા મળ્યા. પહેલું નામ જગત પારેખનું છે, જે અમદાવાદનો રહેવાસી છે. સ્થાનિક સૂત્રો અને કાનૂની રેકોર્ડ્સ અનુસાર, આ વ્યક્તિ પર પહેલાથી જ અસંખ્ય પ્રકારના ફ્રોડ અને ક્રિમિનલ કેસ ચાલી રહ્યા છે, જેનાથી તેની પોતાની વિશ્વસનીયતા પર ગંભીર સવાલો ઊભા થાય છે. આ કાવતરામાં તેનો સાથ આપી રહ્યો છે હાર્દિક હુડિયા, જે મુંબઈમાં બેસીને આખા નેટવર્કને ઓપરેટ કરવામાં મદદ કરી રહ્યો છે. પાક્કો ગુજરાત અખબારે આ કથિત ટોળકીને શરૂઆતથી જ ખુલ્લો પડકાર ફેંક્યો હતો કે જો તેમની પાસે જૈન મુનિ સાગરચંદ્ર સાગર આચાર્યજી વિરુદ્ધ રજભાર પણ પ્રમાણિત પુરાવા હોય, તો તેઓ તેને સામે લાવે. બંધ બારણે બેસીને અને નકલી ડિજિટલ આઈડી પાછળ છુપાઈને ચારિત્ર્ય સંહાર કરવાનું બંધ કરવામાં આવે.

### ટેલિફોનિક ઇન્ટરવ્યુ અને જૂઠાણાનું શરણાગતિ

જ્યારે આ આખા મામલાના મૂળ સુધી પહોંચવા માટે પાક્કો ગુજરાતના તપાસકર્તા પત્રકારોએ સીધો આ કથિત કાવતરાના મુખ્ય સૂત્રધાર જગત પારેખ સાથે ફોન પર સંપર્ક કર્યો, ત્યારે વાતચીત દરમિયાન જે સત્ય સામે આવ્યું તેણે આખી ટોળકીના દાવાઓની હવા કાઢી નાખી. જગત પારેખને જ્યારે ઓન-ફોન અત્યંત તીખા અને સીધા સવાલો પૂછવામાં આવ્યા કે તમે અદાલતમાં જે કેસ દાખલ કર્યો છે, તેમાં એટલા ગંભીર આરોપો લગાવ્યા છે કે જૈન મુનિ સાગરચંદ્ર સાગર આચાર્ય કથિત રીતે




અશ્લીલ વીડિયો બનાવીને વિદેશોમાં વેચે છે, તો આ અત્યંત ઘૃણાસ્પદ આરોપનો આધાર શું છે? તમારી પાસે શું પુરાવા છે?

આ સીધા સવાલ પર જગત પારેખ પાસે કોઈ ઠોસ જવાબ નહોતો. તેણે ઓન-રેકોર્ડ વાતચીતમાં સ્વીકાર્યું કે તેમની પાસે કોઈ પાક્કો પુરાવો નથી. તેણે કહ્યું કે અમને એવું લાગે છે કે કદાચ એવું હોઈ શકે છે. જ્યારે તેને પૂછવામાં આવ્યું કે પુરાવા વિના આટલો મોટો આરોપ લગાવવાની હિંમત તેણે કેવી રીતે કરી, ત્યારે તેણે જે તર્ક આપ્યો તે વધુ ચોંકાવનારો હતો. જગત પારેખે સફાઈ આપતા કહ્યું કે તે સમયે ફિલ્મ ઈન્ડસ્ટ્રી સાથે જોડાયેલા રાજ કુંદ્રાનો મામલો ચર્ચામાં હતો, જેમના પર મોબાઈલ એપ્સ પર અશ્લીલ વીડિયો અપલોડ કરવાના આરોપ લાગ્યા હતા. જગત પારેખના જણાવ્યા અનુસાર, તે ઘટનાને જોઈને તેને એવું લાગ્યું કે આચાર્ય સાગરચંદ્ર સાગર પણ કદાચ આવું જ કોઈ કામ કરતા હશે.

### અટકળોના આધારે ચારિત્ર્ય હનનનો નીચ પ્રયાસ

આ વાત વિચારવા જેવી છે કે શું દેશની ન્યાય વ્યવસ્થા અને કોઈ વ્યક્તિ કે સમુદાયની સામાજિક પ્રતિષ્ઠા એટલી સસ્તી છે કે તેને માત્ર એક સામાન્ય અટકળ કે વહેમના આધારે દાવ પર લગાવી દેવાય? રાજ કુંદ્રાના કેસનું ઉદાહરણ આપીને એક પરમ પૂજનીય જૈન મુનિ પર આટલું મોટું લાંછન લગાવી દેવું એ માત્ર કાયદાની મજાક ઉડાવવી નથી, પરંતુ આ આખા સાગર સમુદાયની ભાવનાઓને ઠેસ પહોંચાડવાનો અક્ષમ્ય અપરાધ છે. આ સ્પષ્ટપણે અદાલતને ગેરમાર્ગે દોરવાનું અને ન્યાય પ્રણાલીનો સમય બગાડવાનું એક સુઆયોજિત કાવતરું છે. કાનૂની નિષ્ણાતો પણ માને છે કે દેશની અદાલતો માત્ર ને માત્ર ઠોસ પુરાવા પર કામ કરે છે, કોઈના પૂર્વગ્રહ કે મનઘડંત અંદાજ લગાવવાની બીમારી પર નહીં. આ જ કારણ છે કે આ કથિત ટોળકીને હવે અદાલતની અંદર પણ કારમી હારનો સામનો કરવો પડશે.

### નિષ્કર્ષ અને અમારો સંકલ્પ

પાક્કો ગુજરાત આજે પણ પોતાના જૂના અને નિષ્પક્ષ વલણ પર પૂરી રીતે કાયમ છે. અમે આ કથિત ટોળકીને ફરી એકવાર ખુલ્લો પડકાર આપીએ છીએ કે જો તમારા દાવાઓમાં સત્ય હોય, તો અદાલતી પ્રક્રિયા પાછળ છુપાવાને બદલે જનતાની સામે પુરાવા રજૂ કરો. અમારું અખબાર ન તો કોઈ પ્રકારના સામાજિક કે રાજકીય દબાણ સામે ઝૂકશે અને ન તો બ્લેકમેલિંગ કરનારા તત્વોની ધમકીઓથી ડરશે. સાગર સમુદાય અને તેમના સંતોને બદનામ કરનારી આ ફેક ફેક્ટરી પાછળ છુપાયેલા દરેક ચહેરાને બેનકાબ કરવો એ અમારો પત્રકારત્વ ધર્મ છે. પાક્કો ગુજરાતના માધ્યમથી અમે આ મામલાની છેલ્લી કડી સુધી જઈશું અને સત્યને પૂરી તાકાત સાથે સામે લાવતા રહીશું.

**બ્યુરો રિપોર્ટ, પાક્કો ગુજરાત**
**અમે હંમેશા સત્યની સાથે છીએ.**

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો : 9662420070

# મહેસાણા બન્યું 'મિનિ ગોવા' : SP અને LCB, PIના કથિત વહીવટદારોના ઈશારે આખા જિલ્લામાં દારૂ-જુગારની રેલમછેલ!

## પોલીસકર્મી તરુણ ડાભી અને જેલના સળિયા પાછળ બંધ ઇમરાન ચલાવે છે કરોડોનું 'હપ્તા રાજ'? : 'પાક્કો ગુજરાત'નો સણસણતો ખુલાસો




મહેસાણા

ગુજરાતમાં દારૂબંધી અને કાયદો-વ્યવસ્થાના દાવાઓ વચ્ચે મહેસાણા જિલ્લો અત્યારે અસામાજિક પ્રવૃત્તિઓનું એપીસેન્ટર બની ગયો હોય તેમ લાગી રહ્યું છે. મહેસાણામાં છેલ્લા કેટલાક સમયથી ઠેર-ઠેર દારૂ અને જુગારની હાટડીઓ કોઈ પણ જાતના ભય વગર ધમધમી રહી છે, જેને જોઈને સ્થાનિકો હવે મહેસાણાને 'મિનિ ગોઆ' તરીકે ઓળખાવવા લાગ્યા છે. આ સમગ્ર ગોરખધંધા પાછળ મહેસાણા જિલ્લાના એસપી હિમાશુ સોલંકી અને એલસીબી પીઆઈ કામડીયાના કથિત વહીવટદારોની કાળી કમાણી અને આશીર્વાદ હોવાના ગંભીર આક્ષેપો ઉઠ્યા છે. 'પાક્કો ગુજરાત'ની ટીમે જ્યારે આ બાબતે ઊંડાણપૂર્વક તપાસ કરી, ત્યારે ખાખીની આડમાં ચાલતા કરોડો રૂપિયાના હપ્તાખોરીના સામ્રાજ્યનો પર્દાફાશ થયો છે.

સૂત્રો પાસેથી મળતી ચોંકાવનારી વિગતો મુજબ, આ આખા નેટવર્કનું સંચાલન બે કથિત વહીવટદારો કરી રહ્યા છે. જેમાં એક છે તરુણ ડાભી, જે નોકરી તો પોલીસ ખાતામાં કરે છે પરંતુ આખા જિલ્લામાં વહીવટદાર તરીકે ઓળખાય છે અને તેનો રુઆબ જિલ્લાના 'બીજા એસપી' જેવો છે! બીજો વહીવટદાર ઈમરાન (જે પબ્લિકનો માણસ છે અને જિલ્લા તથા રેન્જ આઈજીનો કથિત વહીવટ સંભાળે છે), તે હાલમાં કડી સબ જેલમાં બંધ હોવા છતાં તેને જેલની અંદર એસી, ટીવી સહિતની તમામ પ્રકારની વીઆઈપી (VIP) સુવિધાઓ પૂરી પાડવામાં આવી રહી હોવાના ગંભીર આક્ષેપો છે. જેલના સળિયા પાછળ બેસીને પણ આ આખું નેટવર્ક ઓપરેટ થઈ રહ્યું છે.

નંદાસણ પોલીસની હદ (રાજપુર ગામ): કલાપી હોટલની પાછળ ખુલ્લા ખેતરમાં ઝાકિર અને યુસુફ નામના શખ્સો રાજકોટ, અમદાવાદ અને ઉત્તર ગુજરાતના મોટા જુગારીઓને બોલાવી હાઈપ્રોફાઈલ જુગાર રમાડે છે. આ અડ્ડો ચલાવવા માટે રોજનો રૂ. ૧ લાખનો હપ્તો તરુણ ડાભીને પહોંચતો કરાતો હોવાનો આક્ષેપ છે.

> **ઝાકિર-યુસુફનો લાખોનું જુગારધામ, બૂટલેગરો સાથે સાંઠગાંઠ અને કેમિકલયુક્ત દારૂના કારણે શું મહેસાણામાં ફરી લઠ્ઠાકાંડની તૈયારી? એસએમસી અને ઉચ્ચ તંત્ર કેમ મૌન?**

બાવલુ પોલીસની હદ (લોર ગામ): ઠાકોરવાસની બાજુમાં ખુલ્લા ખેતરમાં રમેશ ઠાકોર મોટા પાયે જુગારધામ ચલાવે છે, જેનો દૈનિક હપ્તો રૂ. ૧.૫ લાખ (દોઢ લાખ) હોવાની ચર્ચા છે.

ગોઝારિયા રેલ્વે ફાટક: બેચર ઠાકોર દ્વારા ઠાકોરવાસ પાસે ખુલ્લેઆમ ઈંગ્લિશ દારૂનું વેચાણ કરાય છે.

ભસરિયા અને લિંચ ગામ: ભસરિયામાં વીરસંગજી ઠાકોર અને લિંચ ગામમાં સુરેશ ઠાકોર કોઈ પણ ડર વગર ઈંગ્લિશ દારૂનો કાળો કારોબાર ચલાવી રહ્યા છે.

આક્ષેપોની કડી અહીં જ નથી અટકતી. કથિત વહીવટદાર તરુણ ડાભી આખા જિલ્લામાં દારૂનો જથ્થો સપ્લાય કરવા માટે રાજસ્થાનના મોટા બૂટલેગરો સાથે સીધો સંપર્ક ધરાવતો હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

આબુનો આશુ અગ્રવાલ અને સાંચોરની કુખ્યાત 'બિશ્નોઈ ગેંગ' પાસેથી કન્ટેનરો અને લક્ઝરી ગાડીઓ ભરી-ભરીને દારૂ મહેસાણામાં ઘુસાડવામાં આવે છે. આ કાળા કારોબારમાંથી મહિને કરોડો રૂપિયાની હપ્તા વસૂલી કરીને દરેક સ્તરના પોલીસ અધિકારીઓ સુધી 'વહીવટ' પહોંચાડવામાં આવતો હોવાથી જ, જિલ્લાના કોઈ પોલીસ મથકને આ અડ્ડાઓ પર રેડ ન કરવાની કડક મૌખિક સૂચનાઓ આપી દેવામાં આવી છે!

ઈંગ્લિશ દારૂ ઉપરાંત જિલ્લામાં ઠેર-ઠેર દેશી દારૂની ભઠ્ઠીઓ પણ ધમધમી રહી છે. આ ભઠ્ઠીઓમાં જીવલેણ કેમિકલયુક્ત દારૂ બનાવવામાં આવી રહ્યો છે. જો મહેસાણા જિલ્લામાં આ ઝેરી દારૂના કારણે કોઈ લઠ્ઠાકાંડ સર્જાય અને નિર્દોષ નાગરિકોના જીવ જાય, તો તેનો જવાબદાર કોણ? એસપી હિમાશુ સોલંકી કે એલસીબી પીઆઈ કામડીયા?

### ■ 'પાક્કો ગુજરાત'ની રજૂઆત છતાં તંત્ર ઘોર નિંદ્રામાં!

આ ગંભીર અને સળગતી પરિસ્થિતિ અંગે 'પાક્કો ગુજરાત'ની ટીમે એલસીબી પીઆઈ કામડીયાને મૌખિક રજૂઆત કરી હતી, તેમજ જિલ્લા પોલીસ વડા (SP) ને રૂબરૂ જાણ કરવા ઉપરાંત તમામ પુરાવાઓ સાથે ઈમેલ દ્વારા પણ લેખિત ફરિયાદ મોકલી હતી. આ સિવાય ગાંધીનગર સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) ને પણ આ અંગે વાકેફ કરવામાં આવ્યા હતા. પરંતુ અત્યંત શરમજનક બાબત છે કે દિવસો વીતવા છતાં હજુ સુધી એક પણ અડ્ડા પર કોઈ જ કાર્યવાહી કરવામાં આવી નથી!

આ મૌન જ સાબિત કરે છે કે દાળમાં કંઈક કાળું નથી, આખી દાળ જ કાળી છે. શું ગૃહ વિભાગ અને રાજ્ય સરકાર આ કથિત વહીવટદાર તરુણ ડાભી અને હપ્તાખોરીના આખા રેકેટ પર બુલડોઝર ફેરવશે? કે પછી મહેસાણામાં આમ જ ખુલ્લેઆમ 'હપ્તા રાજ' અને અસામાજિક તત્વોનો આતંક ચાલુ રહેશે? જનતા હવે આરપારના મૂડમાં છે અને જવાબ માંગી રહી છે.

---

## પેટલાદ ટાઉન પોલીસની હોશિયારી : બિનવારસી વાહનોના નિકાલની ડ્રાઈવ દરમિયાન ઉકેલાયો બોરસદનો વાહન ચોરીનો ભેદ!

પેટલાદ

આણંદ જિલ્લા પોલીસ વિભાગ તરફથી એક ખૂબ જ મહત્વના સમાચાર સામે આવી રહ્યા છે. રાજ્ય સરકાર અને ગુજરાત પોલીસ દ્વારા કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને વધુ મજબૂત બનાવવા માટે સતત પ્રયાસો થઈ રહ્યા છે, ત્યારે પેટલાદ ટાઉન પોલીસ સ્ટેશનને એક મોટી સફળતા મળી છે. પોલીસ સ્ટેશન પરિસરમાં લાંબા સમયથી પડી રહેલા અને બિનવારસી વાહનોના યોગ્ય નિકાલ માટે ચલાવવામાં આવી રહેલી વિશેષ ડ્રાઈવ દરમિયાન, પેટલાદ ટાઉન પોલીસે બોરસદ ટાઉન પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી થયેલી વાહન ચોરીનો એક ગુનો ડીટેક્ટ કરીને અદભુત કામગીરી કરી છે.

મળતી વિગતો અનુસાર, આણંદ પોલીસ દ્વારા પોલીસ સ્ટેશનોમાં જપ્ત કરાયેલા અથવા બિનવારસી હાલતમાં પડેલા વાહનોના કાયદેસરના નિકાલ માટે એક ખાસ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. પેટલાદ ટાઉન પોલીસ સ્ટેશનના અધિકારીઓ અને સ્ટાફ જ્યારે આ વાહનોના કાગળો, એન્જિન નંબર અને ચેસિસ નંબરની ઝીણવટભરી તપાસ કરી રહ્યા હતા, ત્યારે એક શંકાસ્પદ વાહન પોલીસના ધ્યાને આવ્યું હતું. આ વાહનની ઉંડાણપૂર્વક તપાસ કરતા અને પોલીસના સત્તાવાર ડેટાબેઝ સાથે વિગતો મેચ કરતા ચોંકાવનારો ખુલાસો થયો હતો.

પેટલાદ પોલીસે જ્યારે આ વાહનની સઘન તપાસ કરી ત્યારે જાણવા મળ્યું કે આ મોટરસાયકલ બોરસદ ટાઉન પોલીસ સ્ટેશનની હદમાંથી ચોરાઈ હતી અને તેના સંબંધમાં બોરસદ પોલીસ મથકે વાહન ચોરીનો ગુનો પણ નોંધાયેલો હતો. પેટલાદ ટાઉન પોલીસે સમયસૂચકતા અને પ્રોફેશનલ અભિગમ દાખવીને આ વાહન ચોરીનો ગુનો ઉકેલી નાખ્યો છે અને આ ગુનામાં સંડોવાયેલા આરોપીને ઝડપી પાડવા માટે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. વાહન નિકાલની સામાન્ય પ્રક્રિયા દરમિયાન પણ આટલી સતર્કતા દાખવીને ગુનો શોધી કાઢવા બદલ પેટલાદ પોલીસની ચોમેર પ્રશંસા થઈ રહી છે.

## બગસરાના ઘંટીયાણ ગામની હૃદયદ્રાવક ઘટના પર ગોપાલ ઈટાલિયાનો મોટો પ્રહાર: વન વિભાગ સિંહના શિકાર બાદ ખેડૂતો સાથે અન્યાય કરવાનું બંધ કરે!

અમરેલી

અમરેલી જિલ્લાના બગસરા તાલુકાના ઘંટીયાણ ગામે બનેલી એક અત્યંત કરુણ અને હૃદયદ્રાવક ઘટનાએ સમગ્ર ગુજરાતને હચમચાવી દીધું છે. ઘંટીયાણ ગામમાં સિંહે એક માસૂમ નાના બાળક પર હુમલો કરીને તેને પોતાનો શિકાર બનાવી લીધો હતો. આ ઘટનાને પગલે સ્થાનિક ગ્રામજનો અને ખેડૂતોમાં ભારે આક્રોશ અને ભયનો માહોલ વ્યાપેલો છે. આ ગંભીર મુદ્દે હવે આમ આદમી પાર્ટીના ફાયરબ્રાન્ડ નેતા ગોપાલ ઈટાલિયાએ વન વિભાગ અને સરકાર સામે મોરચો માંડ્યો છે. ગોપાલ ઈટાલિયાએ વન વિભાગની કામગીરી સામે આકરા પ્રહારો કરતા જણાવ્યું છે કે, સિંહના હુમલામાં બાળકનો જીવ ગયા પછી વન વિભાગ પોતાની નિષ્ફળતા છુપાવવા માટે સ્થાનિક ખેડૂતો સાથે ઘોર અન્યાય કરી રહ્યું છે.

ગોપાલ ઈટાલિયાએ મીડિયા સમક્ષ આક્રોશ ઠાલવતા કહ્યું કે, જ્યારે વન્યજીવો માનવ વસ્તી તરફ પ્રયાણ કરે છે અને નિર્દોષ લોકોના જીવ લે છે, ત્યારે વન વિભાગની આખી સુરક્ષા વ્યવસ્થાની પોલ ખુલી જાય છે. ઘંટીયાણ ગામે બનેલી ઘટના બાદ આદમખોર બનેલા સિંહને પાંજરે પૂરવામાં વન વિભાગ સદંતર નિષ્ફળ નીવડ્યું છે. પોતાની આ નાકામી અને બેદરકારીને છુપાવવા માટે હવે વન વિભાગના અધિકારીઓ ઘંટીયાણ અને આસપાસના વિસ્તારના ખેડૂતો તેમજ પરપ્રાંતીય મજૂરોને બિનજરૂરી રીતે પરેશાન કરી રહ્યા છે. ખેતરોમાં જતા ખેડૂતોને રોકવામાં આવી રહ્યા છે અને તેમના પર ખોટું દબાણ લાવવામાં આવી રહ્યું છે, જે સહન કરી શકાય તેમ નથી.

નેતા ગોપાલ ઈટાલિયાએ સવાલ ઉઠાવ્યો છે કે, અમરેલી જિલ્લો એ સિંહોનું કુદરતી નિવાસસ્થાન ગણાય છે, જ્યાં ખેડૂતો વર્ષોથી સિંહો સાથે વન્યજીવ સમન્વય સાધીને રહે છે. પરંતુ જ્યારે કોઈ હિંસક વન્યજીવ માનવભક્ષી બને ત્યારે તેની જવાબદારી વન વિભાગની બને છે. અત્યારે ચોમાસાની ઋતુ નજીક છે અથવા ખેતીના કામો પૂરજોશમાં ચાલી રહ્યા છે, ત્યારે ખેડૂતો પોતાના ખેતરમાં જતા પણ ડરી રહ્યા છે. વન વિભાગ સિંહને પકડવા માટે કોઈ નક્કર કે આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરવાના બદલે ખેડૂતોના અધિકારો પર તરાપ મારી રહ્યું છે. ખેડૂતો અને ખેતમજૂરો સાથે ગુનેગાર જેવું વર્તન કરવામાં આવી રહ્યું છે, જે વન વિભાગની સરમુખત્યારશાહી દર્શાવે છે.

## હાઈવે પર કડક વોચ : સિવિલ ડ્રેસમાં ગોઠવાયેલી પોલીસ ટીમોનું ગુપ્ત મોનિટરિંગ

અમદાવાદ

રાજ્યના હાઈવે અને એક્સપ્રેસવે પર ગુનાખોરી અટકાવવા અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ડામી દેવા માટે પોલીસ તંત્ર દ્વારા એક નવો જ એક્શન પ્લાન અમલમાં મૂકવામાં આવ્યો છે. ખાસ કરીને વડોદરા-અમદાવાદ એક્સપ્રેસ હાઈવે, નેશનલ હાઈવે અને સંવેદનશીલ એક્ઝિટ પોઈન્ટ્સ પર પોલીસ દ્વારા અત્યારે ખાસ વોચ રાખવામાં આવી રહી છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, ગુનેગારો કે શંકાસ્પદ વાહનો પોલીસની નજરે ચડી ન જાય તે માટે હવે પરંપરાગત પેટ્રોલીંગની સાથે સાથે આધુનિક અને ગુપ્ત પદ્ધતિઓનો ઉપયોગ શરૂ કરાયો છે. આ અંતર્ગત હાઈવેના મહત્વના સ્પોટ, ટોલ પ્લાઝા અને એક્ઝિટ પોઈન્ટ્સ પર સિવિલ ડ્રેસમાં (સાદા કપડામાં) પોલીસ ટીમો તૈનાત કરવામાં આવી રહી છે. સાદા કપડામાં ગોઠવાયેલી આ ટીમો હાઈવે પરથી પસાર થતા શંકાસ્પદ વાહનો અને શંકાસ્પદ હિલચાલ કરતા લોકો પર બાજ નજર રાખે છે.

આ આખી વ્યૂહરચના પાછળ મુખ્ય હેતુ એ છે કે, બુટલેગરો કે ગુનેગારો પોલીસ વાન કે યુનિફોર્મ જોઈને સતર્ક ન થઈ જાય. જેવી કોઈ ચોક્કસ બાતમી કે શંકાસ્પદ પ્રવૃત્તિ જણાય, એટલે સિવિલ ડ્રેસમાં રહેલી ટીમો તુરંત હરકતમાં આવીને ઓપરેશન પાર પાડે છે. ઉચ્ચ પોલીસ અધિકારીઓના સીધા માર્ગદર્શન હેઠળ આ પ્રકારના ઓપરેશન્સનું સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. તાજેતરમાં જ હાઈવે પરથી ઝડપાયેલા દારૂ અને અન્ય મુદ્દામાલના કેસો આ ગુપ્ત મોનિટરિંગ અને સચોટ બાતમી પ્રણાલીનું જ પરિણામ છે. પોલીસના આ કડક વલણ અને એક્શન પ્લાનને કારણે હાઈવે પર ગેરકાયદેસર હેરફેર કરતા તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

## ઉનાળામાં માછલીઓના મોતનો સિલસિલો યથાવત

વડોદરા

વડોદરા શહેરમાં ઉનાળાની ઋતુ દરમિયાન વિવિધ તળાવોમાં મોટી સંખ્યામાં માછલીઓના મોત નીપજવાની ઘટનાઓ સતત સામે આવી રહી છે. થોડા દિવસો અગાઉ ગોત્રી તળાવ અને સુરસાગર તળાવમાં મોટી સંખ્યામાં માછલીઓના મોત નોંધાયા હતા. હવે સમા તળાવમાં પણ મોટી સંખ્યામાં માછલીઓ મૃત હાલતમાં જોવા મળતા સ્થાનિકોમાં ચિંતા વ્યાપી છે.

સમા તળાવના કિનારે મોટી સંખ્યામાં મૃત માછલીઓના ઢગલા જોવા મળી રહ્યા છે. જેના કારણે આસપાસના વિસ્તારોમાં તીવ્ર દુર્ગંધ ફેલાઈ છે. તળાવના કિનારે મૃત માછલીઓ પડેલી હોવાના કારણે પર્યાવરણ અને સ્વચ્છતા અંગે પણ પ્રશ્નો ઊભા થયા છે.

જાગૃત નાગરિકોના જણાવ્યા અનુસાર ઉનાળાની ઋતુ દરમિયાન તળાવોમાં માછલીઓના મોત પાછળ અનેક પરિબળો જવાબદાર હોઈ શકે છે. ખાસ કરીને પાણીમાં ઓક્સિજનનું પ્રમાણ ઘટી જવું, તળાવના કુદરતી કિનારાઓના સ્થાને આરસીસી માળખાંનું નિર્માણ થવું તેમજ વાતાવરણમાં થતા ફેરફારો માછલીઓના જીવનચક્ર પર પ્રતિકૂળ અસર પહોંચાડે છે.

---

પત્રકારો સામે તંત્ર કેમ મૌન?

## સુરતના નાસીરનગર ડિમોલિશન વિવાદમાં તંત્રનો ફિયાસ્કો: સવાલોથી બચવા અધિકારીઓએ પોલીસને આગળ ધરી...?

> પાક્કો ગુજરાત ન્યૂઝના 'મુદ્દાની વાત' કાર્યક્રમમાં પવન માકનના તીખા અને ઘાતક સવાલો; જવાબદારી નક્કી થશે કે પછી માત્ર તપાસના નામે લીપાપોતી?

સુરત

સુરતનું નાસીરનગર ડિમોલિશન અત્યારે માત્ર કાટમાળ હટાવવાનો મુદ્દો નથી રહ્યો, પરંતુ ભ્રષ્ટાચાર, આડોડાઈ અને સત્તાના દુરુપયોગનો એક એવો ભયાનક ગૂંચવાડો બની ગયો છે જેમાં તંત્રના ઉચ્ચ અધિકારીઓ ખરાબ રીતે ફસાયા છે. ગરીબોના આશિયાના પર બુલડોઝર ફેરવી દેનાર તંત્ર આજે જ્યારે જનતા અને મીડિયાના સવાલોના કઠેડામાં ઊભું છે, ત્યારે તેની પાસે બોલવા માટે એક શબ્દ નથી. સવાલોના સચોટ જવાબ આપવાને બદલે અધિકારીઓએ પત્રકારો સામે પોલીસનું કવચ આગળ ધરી દીધું છે, જે સાબિત કરે છે કે દાળમાં કંઈક કાળું નથી, આખી દાળ જ કાળી છે! આ ગંભીર અને સળગતા મુદ્દે 'પાક્કો ગુજરાત ન્યૂઝ'ના લોકપ્રિય કાર્યક્રમ 'મુદ્દાની વાત'માં વરિષ્ઠ પત્રકાર પવન માકન દ્વારા તંત્રની શાન ઠેકાણે લાવે તેવા સીધા, ઘાતક અને તીખા સવાલો પૂછવામાં આવ્યા છે. પવન માકને સત્તાના નશામાં ચૂર અધિકારીઓની ઊંઘ હરામ કરતા ન્યૂઝ રૂમમાંથી ગર્જના કરી છે કે: ડિમોલિશન કોણે કર્યું? શું આખી કાર્યવાહી કાયદાકીય જોગવાઈઓ મુજબ થઈ હતી કે પછી કોઈના અંગત સ્વાર્થ કે દબાણમાં આવીને બુલડોઝર ચલાવી દેવાયું?

મંજૂરી કોણે આપી? કાગળ પર આ ડિમોલિશનનો આદેશ આપનાર અસલી ચહેરો કોણ છે? તે અધિકારી સામે કેમ કોઈ આંગળી ચીંધતું નથી?

ઘટનાસ્થળે કયા અધિકારીઓ હાજર હતા? જ્યારે ગરીબો રડી રહ્યા હતા, ત્યારે કાયદો વ્યવસ્થા જાળવવાના નામે કયા જવાબદાર અધિકારીઓ ત્યાં ઊભા રહીને તમાશો જોઈ રહ્યા હતા?

જ્યારે પણ 'પાક્કો ગુજરાત ન્યૂઝ'ની ટીમે આ સવાલોના જવાબ મેળવવા માટે સંબંધિત વિભાગના અધિકારીઓનો સંપર્ક કર્યો, ત્યારે અધિકારીઓ કાં તો ચેમ્બર છોડીને ભાગતા નજરે પડ્યા અથવા તો પત્રકારોના માઈક જોઈને મૌન ધારણ કરી લીધું. સવાલ એ થાય છે કે જો તંત્ર સાચું છે, તો પત્રકારોના સવાલોનો સામનો કરવામાં આટલો ફફડાટ કેમ? કેમ મીડિયાને રોકવા માટે પોલીસ ફોર્સનો દુરુપયોગ કરવામાં આવી રહ્યો છે?

ગુજરાતની જનતા હવે તંત્રના એ જૂના બહાનાઓથી કંટાળી ગઈ છે જેમાં દરેક કૌભાંડ કે વિવાદ પછી કહી દેવાય છે કે 'કમિટી રચાશે અને તપાસ થશે'. નાસીરનગરના આ વિવાદમાં અસલી ગુનેગાર અધિકારીઓની જવાબદારી નક્કી થશે ખરી? શું ગુનાહિત બેદરકારી દાખવનાર અધિકારીઓ જેલના સળિયા પાછળ જશે કે પછી દર વખતની જેમ ફાઈલો દબાવી દઈને આખા મામલા પર લીપાપોતી કરી દેવાશે?

## ઝાલોદમાં આદિ હોસ્પિટલ સામે પાર્ક કરેલી ટ્રાવેરા અચાનક ગટરમાં ખાબકી

*JCBની મદદથી ગાડી બહાર કાઢવામાં આવી, વાહનને નોંધપાત્ર નુકસાન પહોંચ્યું*

ઝાલોદ, પંકજ પંડિત



ઝાલોદ શહેરના વિશ્વકર્મા મંદિર સામે આવેલી આદિ હોસ્પિટલ નજીક શુક્રવારે એક આશ્ચર્યજનક ઘટના સર્જાઈ હતી. રાજસ્થાન રાજ્યના ખૂંટા ગલીયા વિસ્તારના રહેવાસી એક વ્યક્તિ પોતાની સારવાર માટે આદિ હોસ્પિટલ ખાતે આવ્યા હતા. તેઓ GJ-09-BD-4698 નંબરની સફેદ ટ્રાવેરા ગાડીમાં હોસ્પિટલ પહોંચ્યા હતા. ગાડી હોસ્પિટલ નજીક પાર્ક કરવામાં આવી હતી. ત્યારબાદ ગાડીમાં રહેલા વ્યક્તિ સારવાર માટે હોસ્પિટલમાં ગયા હતા. તે દરમિયાન અચાનક પાર્ક કરેલી ટ્રાવેરા ગાડી પોતાની જગ્યાથી આગળ સરકવા લાગી હતી અને નજીકમાં આવેલા શિવમ પેટ્રોલ પંપ પાસેની ખુલ્લી ગટરમાં જઈ ખાબકી હતી. અચાનક બનેલી આ ઘટનાને કારણે આસપાસના લોકોમાં ભારે દોડધામ અને કુતૂહલ ફેલાયું હતું. સદનસીબે, ગાડી ગટરમાં ખાબકી ત્યારે તેમાં કોઈ વ્યક્તિ હાજર નહોતી. જેના કારણે કોઈ જાનહાનિ કે ઈજા થઈ નહોતી. જો ગાડીમાં કોઈ મુસાફર બેઠેલો હોત તો ગંભીર અકસ્માત સર્જાઈ શક્યો હોત તેવી ચર્ચા સ્થાનિકોમાં જોવા મળી હતી. ઘટનાની જાણ થતાં આસપાસના લોકો અને વાહનચાલકો મોટી સંખ્યામાં સ્થળ પર એકત્રિત થયા હતા.

---

કેન્દ્ર સરકારનો એવો નિર્ણય જે સાંભળીને હસવું કે રડવું તે નક્કી નથી થતું!

## એક દિવસમાં માત્ર 200 લિટર ડીઝલ અપાશે! ટ્રાન્સપોર્ટરો અને ખેડૂતો પૂછી રહ્યા છે- 'સાહેબ, આ હાસ્યાસ્પદ નિયમ બનાવ્યો કોણે?'

અમદાવાદ

કેન્દ્ર સરકાર ક્યારે કયો નવો નિયમ કે નિર્ણય લઈને આવી જાય તે સામાન્ય જનતા માટે હંમેશાં એક રહસ્ય અને સસ્પેન્સનો વિષય રહ્યો છે. પરંતુ, તાજેતરમાં ડીઝલના વપરાશ અને વિતરણને લઈને કેન્દ્ર સરકાર દ્વારા લેવાયેલો એક નિર્ણય ભારે ચર્ચા અને વિવાદના કેન્દ્રમાં આવ્યો છે. સોશિયલ મીડિયાથી લઈને ટ્રાન્સપોર્ટ એસોસિએશનો આ નિર્ણયને અત્યંત હાસ્યાસ્પદ અને ગેરવ્યાજબી ગણાવી રહ્યા છે. નવા નિર્ણય મુજબ, હવેથી એક દિવસમાં માત્ર ૨૦૦ લિટર ડીઝલ જ અપાશે તેવી વાતો વહેતી થતાં દેશભરના વાહનચાલકો અને વેપારીઓ માથું ખંજવાળી રહ્યા છે.

આ નવો નિયમ સાંભળવામાં ભલે કોઈ સામાન્ય કાર કે બાઈક ચાલક માટે મોટો લાગતો હોય, પરંતુ ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ અને ખેતી ક્ષેત્ર માટે આ એક મજાક સમાન છે.

ટ્રક અને ડમ્પર ચાલકોની મુશ્કેલી: લાંબા અંતરની ૧૨ થી ૨૨ વ્હીલની મોટી ટ્રકો અને કન્ટેનરોની ટાંકી જ ૪૦૦ થી ૮૦૦ લિટરની હોય છે. એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં માલસામાન પહોંચાડતી ટ્રકો રોજનું હજારો કિલોમીટરનું અંતર કાપતી હોય છે, જેમાં ૨૦૦ લિટર ડીઝલ તો ગણતરીના કલાકોમાં જ પૂરું થઈ જાય.

પંપ પર લાગશે લાંબી લાઈનો: જો ૨૦૦ લિટરની મર્યાદા રાખવામાં આવે, તો ટ્રક ચાલકોએ દિવસમાં ત્રણ-ત્રણ વાર પેટ્રોલ પંપ પર લાઈનમાં ઊભા રહેવું પડશે, જેનાથી સમયનો ભારે બગાડ થશે અને લોજિસ્ટિક્સ મોંઘુ થશે.

આ નિર્ણયની ખબર વાયુવેગે પ્રસરતા જ જનતાએ સરકારની આકરી ઝાટકણી કાઢી છે. લોજીક વગરના આ નિર્ણય પર લોકો સોશિયલ મીડિયા પર મીમ્સ બનાવી રહ્યા છે. ટ્રાન્સપોર્ટરોના મતે, જો ડીઝલની બચત કરવી હોય કે સપ્લાય કંટ્રોલ કરવો હોય, તો તેના બીજા ઘણા રસ્તા છે, પરંતુ ગ્રાઉન્ડ રિયાલિટી સમજ્યા વગર આવા તગલઘી નિર્ણયો થોપી દેવા તે લોકશાહીમાં હાસ્યાસ્પદ છે.

માત્ર ટ્રાન્સપોર્ટ જ નહીં, પરંતુ ખેતીકામમાં વપરાતા મોટા ટ્રેક્ટર્સ, હાર્વેસ્ટર અને ઉદ્યોગોમાં ચાલતા મોટા જનરેટરોમાં પણ રોજના સેંકડો લિટર ડીઝલની જરૂરિયાત હોય છે. જો સરકાર આ નિયમ પર મક્કમ રહેશે, તો દેશના અર્થતંત્રના પૈડાં થંભી જશે અને મોંઘવારી આકાશને આંબી જશે તેવી ભીતિ સેવાઈ રહી છે.

## નક્સલવાદના કાળા અંધકારમાંથી પિતૃત્વના ઉજાસ તરફ એક અનોખી સફર!

*જ્યાં લગ્નની પહેલી શરત જ 'નસબંધી' હતી, ત્યાં હવે પિતા બની રહ્યા છે પૂર્વ નક્સલીઓ; હથિયાર છોડી મુખ્ય પ્રવાહમાં આવેલા 56 નક્સલવાદીઓએ રિવર્સ સર્જરી કરાવી, 26ના ઘરે પારણું બંધાયું..!*

અમદાવાદ

લાલ આતંક, હિંસા, હથિયારો અને જંગલોની ભયાનક દુનિયા... નક્સલવાદનું નામ સાંભળતા જ મનમાં આવા જ વિચારો આવે. પરંતુ આ કાળી દુનિયાની પાછળ એક એવું દર્દનાક અને ક્રૂર સત્ય છુપાયેલું છે, જે સામાન્ય માણસ કલ્પના પણ ન કરી શકે. નક્સલી સંગઠનોમાં જો કોઈ સભ્ય લગ્ન કરવા માંગે, તો તેના માટે સૌથી પહેલી અને અનિવાર્ય શરત 'નસબંધી' (Vasectomy) કરાવવાની હતી! જોકે, હવે સમય બદલાયો છે. હિંસાનો માર્ગ છોડીને મુખ્ય પ્રવાહમાં પરત ફરેલા પૂર્વ નક્સલીઓના જીવનમાં સરકાર એક નવો સૂર્યોદય લાવી છે. છત્તીસગઢના નક્સલ પ્રભાવિત વિસ્તારોમાંથી સામે આવેલા એક ગ્રાઉન્ડ રિપોર્ટ અનુસાર, છેલ્લા ૧૦ વર્ષમાં ૫૬ પૂર્વ નક્સલીઓએ રિવર્સ સર્જરી કરાવી છે, જેમાંથી ૨૬ પૂર્વ નક્સલીઓ હવે પિતા બનીને ખુશખુશાલ જીવન જીવી રહ્યા છે. નક્સલી કમાન્ડરો અને સંગઠનો પાછળ એક સોચી-સમજી ક્રૂર રણનીતિ કામ કરતી હતી. સંગઠનનું માનવું હતું કે જો કોઈ નક્સલી દંપતીને સંતાન (બાળક) થાય, તો તેમની અંદર કૌટુંબિક મોહ-માયા જાગી જાય છે. સંતાન હોવાને કારણે તેઓ હથિયાર ઉઠાવતા અચકાશે, સંગઠન પ્રત્યેની વફાદારી ઓછી થઈ જશે અને તેઓ જંગલ છોડીને ભાગી જશે. એટલું જ નહીં, જંગલોમાં નવજાત બાળકની જવાબદારી ઉઠાવવી અને પોલીસથી બચતા ફરવું મુશ્કેલ બને છે. આથી, સંગઠનમાં લગ્ન કરનાર પુરુષોની જબરદસ્તી નસબંધી કરાવી દેવામાં આવતી હતી જેથી તેઓ ક્યારેય પિતા ન બની શકે અને આખી જિંદગી લાલ આતંકના ગુલામ બનીને રહે. જ્યારે આ નક્સલીઓએ આત્મસમર્પણ (Surrender) કર્યું અને હિંસાનો માર્ગ છોડીને સામાન્ય નાગરિક બનવાનું નક્કી કર્યું, ત્યારે તેમની સામે સૌથી મોટું દુઃખ સંતાન ન હોવાનું હતું. પૂર્વ નક્સલીઓની આ પીડાને સરકારે સમજી અને એક મોટો સરકારી પ્રોજેક્ટ શરૂ કર્યો.

પાક્કો ગુજરાત

શનિવાર । 13 જૂન 2026 । અમદાવાદ

સુરત સ્લમ સિટી કે ક્રાઇમ કેપિટલ?

# સુરતમાં ખાખીનો ખોફ ખતમ? પુણામાં ધોળા દિવસે ઘાતકી હત્યાથી ધ્રુજી ઉઠ્યું ડાયમંડ સિટી!

## પુણા તળાવ પાસે અજાણ્યા યુવકની તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી ક્રૂર હત્યા; સવાલ એ જ કે... શું સુરત હવે સુરક્ષિત છે?

સુરત

જે શહેર પોતાની સમૃદ્ધિ, ડાયમંડ અને ટેક્સટાઈલ ઉદ્યોગ માટે વિશ્વભરમાં જાણીતું છે, તે સુરત શહેર આજે લોહીથી ખરડાઈ રહ્યું છે. સુરતમાં છેલ્લા કેટલાક સમયથી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિના લીધે લુખ્ખા તત્વો અને ગુનેગારો બેફામ બન્યા છે. ગુનેગારોમાં પોલીસનો કોઈ ડર જ ન રહ્યો હોય તેમ એક પછી એક હત્યાના બનાવો સામે આવી રહ્યા છે. તાજી ઘટના સુરતના પુણા ગામ વિસ્તારની છે, જ્યાં પુણા તળાવ પાસે એક અજાણ્યા ઈસમની તીક્ષ્ણ હથિયાર વડે




જાહેરમાં ઘાતકી હત્યા કરી દેવામાં આવતા સમગ્ર વિસ્તારમાં ભારે સનસનાટી મચી ગઈ છે અને સ્થાનિક રહીશો ભયના ઓથાર હેઠળ જીવવા મજબૂર બન્યા છે.

પુણા તળાવ પાસે લોહીની નદીઓ વહી: કંપાવી મૂકે તેવું હત્યાકાંડ!

મળતી વિગતો મુજબ, પુણા ગામના હાર્દ સમાન પુણા તળાવ પાસે એક અજાણ્યા યુવક પર કેટલાક અસામાજિક તત્વો તૂટી પડ્યા હતા. હુમલાખોરો એટલા હેવાન બન્યા હતા કે તેમણે યુવક પર તીક્ષ્ણ હથિયારોના ઉપરાછાપરી ઘા ઝીંકી દીધા હતા. યુવકની ચીસાચીસથી આખો વિસ્તાર ધ્રુજી ઉઠ્યો હતો. લોહીલુહાણ હાલતમાં યુવક ત્યાં જ ઢળી પડ્યો અને તેનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. ધોળા દિવસે, જાહેરમાં થયેલા આ ક્રૂર હત્યાકાંડના પગલે આસપાસના લોકોમાં નાસભાગ મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડી આગળની તપાસ હાથ ધરી છે, પરંતુ હજુ સુધી મૃતકની ઓળખ કે હત્યારાઓનો કોઈ પતો લાગ્યો નથી.

આ કોઈ પહેલી ઘટના નથી, સુરતમાં અવારનવાર સરેઆમ ચપ્પુબાજી, લૂંટ અને હત્યાના બનાવો સામાન્ય બની ગયા છે. પુણા, ડીંડોલી, લિંબાયત અને કાપોદ્રા જેવા વિસ્તારો જાણે ગુનેગારોના અડ્ડા બની ગયા હોય તેવું લાગી રહ્યું છે. સ્થાનિક નાગરિકો હવે ઘરમાંથી બહાર નીકળતા પણ ડરી રહ્યા છે.

સુરતની જનતા આજે આક્રોશ સાથે પોલીસ પ્રશાસનને આ તીખા સવાલો પૂછી રહી છે: શું સુરતમાં કાયદાનું શાસન છે કે પછી ગુંડાઓનું?

ધોળા દિવસે તીક્ષ્ણ હથિયારો લઈને ફરતા લુખ્ખાઓ પર પોલીસનો વ્હીપ ક્યારે વાગશે?

પુણા તળાવ જેવા જાહેર સ્થળોએ જો જનતા સુરક્ષિત નથી, તો સુરક્ષિત ક્યાં છે?

પોલીસ માત્ર ટ્રાફિકના નામે દંડ વસૂલવામાં વ્યસ્ત છે કે ગુનેગારોને પકડવામાં પણ રસ છે?

પાક્કો ગુજરાત વ્યુ: હવે તો જાગો સાહેબ! સુરત પોલીસ કમિશનર અને ગૃહ વિભાગે હવે એસી ચેમ્બરોમાંથી બહાર આવીને ગ્રાઉન્ડ ઝીરો પર કડક એક્શન લેવાની જરૂર છે. જો આ જ રીતે ગુનેગારો બેફામ હથિયારો ઉગામતા રહેશે, તો સુરતની શાંતિ અને સલામતી કાયમ માટે રોળાઈ જશે. પુણાની આ ઘટનાએ પોલીસના નાઈટ પેટ્રોલિંગ અને કાયદાના ખોફના દાવાઓની ધજ્જિયાં ઉડાવી દીધી છે. જનતાને સોશિયલ મીડિયા પર 'સેફ સુરત'ના સ્લોગન નહીં, પણ રિયાલિટીમાં સુરક્ષિત સુરત જોઈએ છે!

હિંમતનગર સેશન્સ કોર્ટનો ઐતિહાસિક ચુકાદો

# સલૂન સંચાલકની ઘાતકી હત્યાના બે આરોપીઓને ફાંસીની સજા ફટકારાઇ

હિંમતનગર



સાબરકાંઠા જિલ્લાની હિંમતનગર સેશન્સ કોર્ટે હત્યાના એક ચકચારી કેસમાં ઐતિહાસિક અને દાખલારૂપ ચુકાદો સંભળાવ્યો છે. પૈસાની લેતીદેતીની અદાવતમાં સલૂન સંચાલકની નિર્મમ હત્યા કરી તેની લાશને પ્લાસ્ટિકની ડોલમાં ભરીને ફેંકી દેવાના ગુનામાં અદાલતે બે મુખ્ય આરોપીઓને ફાંસીની (મૃત્યુદંડની) સજા ફટકારી છે, જ્યારે અન્ય એક આરોપીને સાત વર્ષની સખત કેદની સજાનો હુકમ કર્યો છે.

આ સનસનાટીપૂર્ણ ઘટનાની વિગત એવી છે કે, થોડા સમય પહેલાં હિંમતનગરમાં પૈસાની બાબતે થયેલા વિવાદમાં એક સલૂન સંચાલકની ક્રૂરતાપૂર્વક હત્યા કરી નાખવામાં આવી હતી. એટલું જ નહીં, પાપ છુપાવવા માટે આરોપીઓએ મૃતકની લાશને એક મોટી ડોલમાં ભરી દીધી હતી અને પુરાવાનો નાશ કરવાના ઈરાદે તેને અવાવરૂ જગ્યાએ ફેંકી દીધી હતી. આ મામલે પોલીસે ગુનો નોંધીને તમામ આરોપીઓની ધરપકડ કરી હતી અને કોર્ટમાં સચોટ પુરાવા રજૂ કર્યા હતા.

આ કેસ હિંમતનગર સેશન્સ કોર્ટમાં ચાલી જતાં, સરકારી વકીલની ધારદાર દલીલો, સાક્ષીઓની જુબાની અને મેડિકલ પુરાવાઓને આધારે કોર્ટે આ ગુનાને 'રેરેસ્ટ ઓફ રેર' (અતિ દુર્લભ) ગણાવ્યો હતો. માનવતાને શર્મસાર કરતી આ ક્રૂર હત્યા બદલ કોર્ટે બે મુખ્ય આરોપીઓને ફાંસીની સજા સંભળાવીને સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે કાયદો અને વ્યવસ્થાની સામે આવી ગંભીર ગુનાખોરી ચલાવી લેવામાં નહીં આવે.

જ્યારે આ ગુનામાં મદદગારી કરનાર અને પુરાવાનો નાશ કરવામાં સામેલ અન્ય એક આરોપીને કોર્ટે સાત વર્ષની જેલની સજા ફટકારી છે. કોર્ટના આ કડક વલણ અને કડક આદેશ બાદ કાયદાના નિષ્ણાતો અને સામાન્ય જનતામાં ન્યાયતંત્ર પ્રત્યેનો વિશ્વાસ વધુ મજબૂત બન્યો છે. આ ચુકાદાને પગલે સમગ્ર પંથકમાં ભારે ચર્ચા જાગી છે.

જાહેર સ્થળોએ અસામાજિક તત્વોના અડ્ડાથી મુસાફરો ત્રાહિમામ

# દાંતા બસ સ્ટેન્ડ ઉપર ખુલ્લેઆમ દેશી-વિદેશી દારૂની મહેફિલ : મહિલાઓની સુરક્ષા સામે સવાલ

દાંતા (પ્રતિનિધિ દ્વારા)

બનાસકાંઠા જિલ્લાના યાત્રાધામ અને સરહદી વિસ્તાર ગણાતા દાંતાના મુખ્ય બસ સ્ટેન્ડ પર કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સંપૂર્ણપણે કથળી ગઈ હોવાનો ગંભીર આક્ષેપ સામે આવ્યો છે. ગુજરાતમાં સજ્જડ દારૂબંધીના દાવાઓ વચ્ચે દાંતા બસ સ્ટેન્ડ જેવા ધમધમતા જાહેર સ્થળે અસામાજિક તત્વો દ્વારા ખુલ્લેઆમ દેશી તેમજ વિદેશી દારૂની મહેફિલો માણવામાં આવી રહી છે. આ દૂષણના કારણે અહીંથી પસાર થતા સામાન્ય મુસાફરો, ખાસ કરીને મહિલાઓ અને શાળાએ જતી બાળકીઓ અત્યંત અસુરક્ષિતતા અનુભવી રહી છે. સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, બસ સ્ટેન્ડ પરિસરમાં હવે અસામાજિક તત્વોનો ભારે ત્રાસ વધી ગયો છે. દિવસ-રાત અહીં દેશી દારૂની પોટલીઓ અને વિદેશી દારૂની બોટલો સાથે તત્વો અડ્ડો જમાવીને બેસે છે, જેના કારણે સભ્ય સમાજના નાગરિકો માટે અહીંથી પસાર થવું પણ મુશ્કેલ બન્યું છે. બસ સ્ટેન્ડની બિલકુલ અડીને આવેલા જાહેર બગીચાની હાલત પણ આવી જ છે. જાણે કાયદા કે પોલીસનો કોઈ ભય જ ન હોય તેવો માહોલ સર્જાયો છે. સ્થાનિક લોકો ભારે આક્રોશ સાથે કહી રહ્યા છે કે દાંતામાં અત્યારે ગુજરાત જેવી શાંતિ નહીં, પરંતુ રાજસ્થાનના ગુનાખોરી વાળા સરહદી વિસ્તારો જેવો ભયજનક માહોલ જોવા મળી રહ્યો છે. દારૂના આ ખુલ્લા વેચાણ અને વપરાશના કારણે વિસ્તારમાં ક્રાઈમ રેટ અને અન્ય ગુનાહિત પ્રવૃત્તિઓ વધવાની આશંકા પણ સેવાઈ રહી છે.

જનતાની મુખ્ય ૫ માંગણીઓ:

૧. ચોવીસ કલાક પેટ્રોલિંગ: દાંતા બસ સ્ટેન્ડ અને બગીચા વિસ્તારમાં તાત્કાલિક ધોરણે દિવસ-રાત પોલીસ પેટ્રોલિંગ શરૂ કરાય.

૨. કડક કાયદાકીય પગલાં: જાહેરમાં દારૂ પીતા અને વેચતા ઈસમો સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ કડકમાં કડક કાર્યવાહી કરી જેલભેગા કરાય.

૩. આઈ.જી.ની સ્પેશિયલ ડ્રાઈવ: રેન્જ આઈ.જી. કચેરી દ્વારા દાંતા પંથકમાં ચાલતા દારૂના નેટવર્કને તોડવા માટે સ્પેશિયલ સ્ક્વોડ મોકલી ડ્રાઈવ યોજવામાં આવે.

૪. CCTV અને મહિલા પોલીસ: મહિલા મુસાફરોની સુરક્ષા માટે બસ સ્ટેન્ડ પર મહિલા પોલીસ કર્મીઓની નિમણૂક થાય અને બંધ પડેલા CCTV કેમેરા ત્વરિત કાર્યરત કરાય.

૫. જવાબદારો સામે એક્શન: જો આ પ્રવૃત્તિમાં સ્થાનિક પોલીસની નિષ્ક્રિયતા કે મિલીભગત જણાય, તો જવાબદાર અધિકારીઓ સામે કડક ખાતાકીય પગલાં લેવામાં આવે.

# પંચમહાલમાં સંબંધોને શર્મસાર કરતી કાળજું કંપાવતી ઘટના

## પિતરાઈ ભાઈ સાથેના પ્રેમ સંબંધમાં નડતરરૂપ બનતા પતિની પત્નીએ જ કરી નાખી ક્રૂર હત્યા

- **ભાદરોલી ગામે હત્યા બાદ પાપ છુપાવવા પ્રેમી પંખીડાએ મૃતદેહના ટુકડા કરી જમીનમાં દાટી દીધો**
- **પોલીસે ગણતરીના કલાકોમાં ભેદ ઉકેલ્યો**

પંચમહાલ

પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના ભાદરોલી ગામમાંથી માનવતા અને પવિત્ર લગ્નસંબંધને લજવતી એક અત્યંત ચોંકાવનારી અને લોહીયાળ ઘટના સામે આવી છે. ગેરકાયદેસર પ્રેમ સંબંધની આંધળી આસક્તિમાં એક પત્નીએ તેના જ સગા પતિની ક્રૂરતાપૂર્વક હત્યા કરી નાખી છે. એટલું જ નહીં, હત્યાના પુરાવા નષ્ટ કરવા માટે પત્નીએ પોતાના પ્રેમી સાથે મળીને મૃતદેહના ટુકડા કરી તેને જમીનમાં દાટી દીધો હતો. આ હૃદયદ્રાવક ઘટના સામે આવતા જ સમગ્ર પંથકમાં અરેરાટી સાથે ભારે ચકચાર મચી ગઈ છે.

પોલીસના પ્રાથમિક અહેવાલો અને તપાસ દરમિયાન સામે આવેલી વિગતો મુજબ, ભાદરોલી ગામે રહેતી પરિણીતાને તેના જ પિતરાઈ ભાઈ (કાકાના દીકરા) સાથે આંખ મળી ગઈ હતી. બંને વચ્ચે છેલ્લા ઘણા સમયથી પ્રેમ સંબંધ અને અવારનવાર મુલાકાતો ચાલતી હતી. આ ગેરકાયદેસર સંબંધોની જાણ પત્નીના કાયદેસરના પતિને થઈ ગઈ હતી. પતિએ આ બાબતે વિરોધ કરી પત્નીને સુધરી જવા અને પ્રેમી સાથે સંબંધ તોડી નાખવા દબાણ કર્યું હતું. બસ, આ જ વિરોધ પતિ માટે કાળ સાબિત થયો.

પ્રેમમાં અંધ બનેલી પત્ની અને તેના પ્રેમી પિતરાઈ ભાઈએ પતિને રસ્તામાંથી કાયમ માટે હટાવી દેવાનો એક ભયાનક પ્લાન ઘડી કાઢ્યો હતો. યોજના મુજબ, રાત્રિના સમયે જ્યારે પતિ ઘસઘસાટ ઊંઘી રહ્યો હતો, ત્યારે બંનેએ તેના પર જીવલેણ હુમલો કરીને તેને મોતને ઘાટ ઉતારી દીધો હતો.

હત્યા કર્યા બાદ પાપ પર પડદો પાડવા માટે બંને પ્રેમી પંખીડાઓએ હેવાનિયતની તમામ હદો વટાવી દીધી. તેમણે મૃતદેહના કરપીણ રીતે ટુકડા કર્યા અને કોઈને શંકા ન જાય તે રીતે અવાવરું જગ્યાએ જમીન ખોદીને ટુકડા દાટી દીધા હતા.

પતિ અચાનક ગુમ થતાં પરિવારજનો અને આસપાસના લોકોને શંકા ગઈ હતી, જેથી આ અંગે પોલીસને જાણ કરવામાં આવી હતી.

પંચમહાલ પોલીસે ગુમશુદગીની કડીઓ મેળવીને જ્યારે પત્નીની આકરી પૂછપરછ કરી, ત્યારે તે ભાંગી પડી હતી અને વટાણા વેરી દીધા હતા. પોલીસે પત્ની અને તેના પ્રેમી પિતરાઈ ભાઈની ધરપકડ કરી લીધી છે અને તેમની નિશાનદેહી પરથી જમીનમાંથી મૃતદેહના અવશેષો બહાર કાઢી પોસ્ટમોર્ટમ અર્થે મોકલી આપ્યા છે. કાનૂની આડઅસરોથી બચવા કરાયેલા આ ક્રૂર હત્યાકાંડના પર્દાફાશથી ગ્રામજનો સ્તબ્ધ થઈ ગયા છે.

# સુરત જિલ્લા પંચાયતના સિનિયર કલાર્ક દિલીપ પટેલ વિરૂદ્ધ 31 લાખથી વધુની અપ્રમાણસર મિલકતનો ગુનો દાખલ કરતી ACB

સુરત

રાજ્યમાં ભ્રષ્ટાચારીઓ સામે લાલ આંખ કરનારી સંસ્થા એન્ટી કરપ્શન બ્યુરો (એ.સી.બી.) દ્વારા સુરતમાં એક મોટી કાર્યવાહી કરવામાં આવી છે. સુરત જિલ્લા પંચાયતમાં ક્લાસ-૩ ના કર્મચારી તરીકે ફરજ બજાવતા સિનિયર કલાર્ક દિલીપભાઈ નારણભાઈ પટેલ વિરૂદ્ધ રૂા. ૩૧,૦૦,૪૦૦/- ની અપ્રમાણસર મિલકત (આવક કરતાં વધુ સંપત્તિ) વસાવવા અંગેનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે. એ.સી.બી.ની આ



ત્વરિત કાર્યવાહીથી સરકારી આલમમાં ભારે ખળભળાટ મચી ગયો છે. મળતી વિગતો મુજબ, સુરત જિલ્લા પંચાયતના સિનિયર કલાર્ક દિલીપભાઈ પટેલ સામે અપ્રમાણસર મિલકત વસાવી હોવાની શંકાના આધારે એ.સી.બી. દ્વારા તપાસ આદરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન એ.સી.બી.ના ઉચ્ચ અધિકારીઓ અને સર્ચ ટીમ દ્વારા દિલીપભાઈ પટેલની કાયદેસરની આવક, તેમના દ્વારા કરવામાં આવેલા રોકાણો, ખરીદવામાં આવેલી સ્થાવર-જંગમ મિલકતો તેમજ તેમના ઘરના ખર્ચના હિસાબોની ઝીણવટભરી ગણતરી કરવામાં આવી હતી. તપાસના અંતે ચોંકાવનારી વિગતો સામે આવી હતી કે, દિલીપભાઈ પટેલે પોતાની સરકારી નોકરીના સેવાકાળ દરમિયાન તેમની કાયદેસરની આવકના સ્ત્રોત કરતાં રૂપિયા ૩૧,૦૦,૪૦૦/- (એકત્રીસ લાખ ચારસો) જેટલી માતબર રકમની વધુ મિલકત મેળવી હતી, જેનો તેમની પાસે કોઈ સંતોષકારક હિસાબ નહોતો. આ ભ્રષ્ટાચારના પુરાવા મળતા જ એ.સી.બી. દ્વારા દિલીપભાઈ નારણભાઈ પટેલ વિરૂદ્ધ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ (એન્ટી કરપ્શન એક્ટ) ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## હડાદ દાંતા તાલુકામાં ન્યુઝના અહેવાલ બાદ તમામ CHOના સેન્ટરો ઉપર અધિકારીઓનુ ચેકીંગ

દાંતા

દાંતા હડાદ તાલુકામાં ઘણા સી એચ ઓ પોતાની ફરજ ઉપર ઘેર હાજર રહેતા લોકોએ મિડીયાનો સંપર્ક કર્યો હતો અને લોકોના સંપર્ક બાદ લોકોને મળ્યા બાદ પોતાની વેથા ઠાલવી હતી ત્યાર બાદ પેપરમાં સમાચાર પ્રસિદ્ધ કરતા અધિકારીઓ દ્વારા દરેક સી એચ ઓ ના સેન્ટર ની નોંધ લેવામાં આવી હતી ત્યારે ગુલ્લીબાજ સી એચ ઓ માં ફફડાટ જોવા મળ્યો હતો ત્યારે હજ પણ ઘણા એવા અંતરિયાળ વિસ્તારમાં ઘણા સમયથી સી એચ ઓ પોતાની ફરજ પર સી એચ ઓ ગુલ્લી મારતા હતા ત્યારે આવા સી એચ ઓ મા ફફડાટ જોવા મળી રહ્યો હતો ત્યારે હવે ફરજ પર સી એચ ઓ હાજર નહીં મળે તો કેવા પ્રકારના કાર્યવાહી થશે તે આવનારો સમય બતાવશે.

# વડોદરામાં વહેલી સવારે ધણધણી ગોળીઓ : હાથીખાના ટેકરા વિસ્તારમાં ફાયરિંગથી ચકચાર

વડોદરા

સંસ્કારી નગરી વડોદરામાં વહેલી સવારે ફાયરિંગની એક સનસનાટીપૂર્ણ ઘટના સામે આવતા સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ છે. શહેરના કુંભારવાડા પોલીસ સ્ટેશનની હદમાં આવેલા હાથીખાના ટેકરા વિસ્તારમાં આ અંધાધૂંધ ગોળીબારની ઘટના બની હોવાનું સામે આવ્યું છે.

સ્થાનિક સૂત્રો પાસેથી મળતી પ્રાથમિક માહિતી અનુસાર, આ વિસ્તારમાં વહેલી સવારે અચાનક ફાયરિંગ થતાં લોકોમાં ભારે નાસભાગ અને ગભરાટનો માહોલ સર્જાયો હતો. ચર્ચા છે કે કોઈ અદાવત અથવા તકરારમાં ત્રણ વ્યક્તિઓને નિશાન બનાવીને આ ગોળીબાર કરવામાં આવ્યો હતો. ઘટનાની ગંભીરતાને જોતા સ્થાનિક લોકોના ટોળેટોળા ઘટનાસ્થળે એકત્ર થઈ ગયા હતા.

ફાયરિંગની ઘટનાની જાણ થતાં જ વડોદરા પોલીસનો ઉચ્ચ અધિકારીઓ સહિતનો મોટો કાફલો તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યો હતો અને સમગ્ર વિસ્તારને કોર્ડન કરી લીધો હતો. કુંભારવાડા પોલીસે ત્વરિત એક્શન લેતા આ ગુનામાં સામેલ આરોપીઓને હાલ રાઉન્ડઅપ એટલે કે ડીટેઇન કરી લીધા હોવાના અહેવાલ મળી રહ્યા છે.

પોલીસે ઘટનાસ્થળેથી એફએસએલ (FSL) ની મદદથી પુરાવા એકત્ર કરવાની કામગીરી શરૂ કરી દીધી છે. આ સાથે જ આસપાસના વિસ્તારોમાં લાગેલા CCTV કેમેરાના ફૂટેજ પણ ખંખોળવામાં આવી રહ્યા છે, જેથી ઘટનાનો ચોક્કસ ક્રમ જાણી શકાય. આ મામલે ઉચ્ચ પોલીસ અધિકારીઓએ જણાવ્યું છે કે, ઘટનાના તમામ પાસાઓની ખૂબ જ ગંભીરતાપૂર્વક તપાસ ચાલી રહી છે. કયા કારણોસર ફાયરિંગ કરવામાં આવ્યું અને કેટલા રાઉન્ડ ગોળીઓ ચાલી, તેની સચોટ હકીકત પૂરી તપાસ અને આરોપીઓની પૂછપરછ બાદ જ સત્તાવાર રીતે બહાર આવશે. પોલીસે હાલ વિસ્તારમાં ચુસ્ત બંદોબસ્ત ગોઠવીને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગાંધીનગરમાં ફરી કોરોનાની એન્ટ્રીથી ફફડાટ

## ચારધામની યાત્રાથી પરત ફરેલા 51 વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝિટિવ : કેસ સામે આવતા જ આરોગ્ય તંત્ર દોડતું થયું, એલર્ટ મોડ પર આવ્યું..

ગાંધીનગર

રાજ્યના પાટનગર ગાંધીનગરમાં લાંબા સમયના શાંતિના ગાળા બાદ ફરી એકવાર વૈશ્વિક મહામારી કોરોના વાયરસની એન્ટ્રી થતાં સ્થાનિક રહીશો અને તંત્રમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. ચારધામની પવિત્ર યાત્રા કરીને પરત ફરેલા એક ૫૧ વર્ષીય મહિલા કોરોના સંક્રમિત હોવાનું સામે આવ્યું છે.

પોઝિટિવ કેસની પુષ્ટિ થતાં જ ગાંધીનગરનું આરોગ્ય વિભાગ તાત્કાલિક એક્શન મોડમાં આવી ગયું છે.

મળતી માહિતી મુજબ, ગાંધીનગરમાં રહેતા ૫૧ વર્ષીય મહિલા તાજેતરમાં જ ઉત્તરાખંડ ખાતે ચારધામની યાત્રાએ ગયા હતા. ત્યાંથી પરત ફર્યા બાદ તેમના શરીરમાં કોરોનાના પ્રાથમિક લક્ષણો જેવા કે તાવ, શરદી અને ખાંસી જોવા મળ્યા હતા. શંકાસ્પદ લક્ષણો જણાતા તેમનો કોવિડ-૧૯ ટેસ્ટ કરવામાં આવ્યો હતો, જેનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. મહિલાની તબિયત વધુ ન બગડે તે માટે તેમને તાત્કાલિક ગાંધીનગરની સિવિલ હોસ્પિટલના ખાસ વોર્ડમાં દાખલ કરવામાં આવ્યા છે, જ્યાં ડોક્ટરોની ટીમ તેમની દેખરેખ રાખી રહી છે.

ગાંધીનગરમાં કોરોનાનો નવો કેસ નોંધાતા જ આરોગ્ય અધિકારીઓ એલર્ટ થઈ ગયા છે. તંત્ર દ્વારા સાવચેતીના ભાગરૂપે સંક્રમિત મહિલાના પરિવારજનો અને તેમની સાથે પ્રવાસમાં ગયેલા અન્ય યાત્રાળુઓનું કોન્ટેક્ટ ટ્રેસિંગ શરૂ કરી દેવામાં આવ્યું છે. આ તમામ લોકોને હોમ ક્વોરેન્ટાઇન થવા અને લક્ષણો દેખાય તો તુરંત ટેસ્ટ કરાવવાની સૂચના આપવામાં આવી છે.

પાક્કો ગુજરાતની અપીલ: સાવચેત રહો, ગભરાશો નહીં : લાંબા સમય બાદ કોરોનાનો કેસ સામે આવતા તબીબોએ નાગરિકોને ભીડભાડવાળી જગ્યાએ માસ્ક પહેરવા અને સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન કરવાની સલાહ આપી છે. જો કે, આરોગ્ય વિભાગના જણાવ્યા અનુસાર પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ છે અને નાગરિકોએ ગભરાવાની કોઈ જરૂર નથી, માત્ર તકેદારી રાખવી જરૂરી છે.

ભરૂચમાં કાળજું કંપાવતું ડબલ મર્ડર

# છૂટાછેડા ન આપવાની રીસ રાખી સસરાએ પુત્રવધૂ અને વેવાણ પર ચપ્પુના 67 ઘા ઝીંકી કરી નિર્મમ હત્યા

ભરૂચ

ઔદ્યોગિક નગરી ભરૂચમાંથી એક અત્યંત ચોંકાવનારી, ક્રૂર અને પારિવારિક સંબંધોને લજવતી લોહીયાળ ઘટના સામે આવી છે. ભરૂચ શહેરમાં ચાલતા એક પારિવારિક વિવાદમાં ઉશ્કેરાયેલા સસરાએ હેવાનિયતની તમામ હદો વટાવી દીધી છે. પરણિતા છૂટાછેડા આપવા તૈયાર ન હોવાની અદાવત રાખીને સસરાએ પોતાની જ સગી પુત્રવધૂ અને તેની માતા પર ચપ્પુના અસંખ્ય ઘા ઝીંકીને બંનેની કરપીણ હત્યા કરી નાખતા સમગ્ર પંથકમાં અરેરાટી સાથે ભારે સનસનાટી મચી ગઈ છે.

પોલીસના પ્રાથમિક અહેવાલો અને સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, ભરૂચના એક પરિવારમાં છેલ્લા ઘણા સમયથી ઘરકંકાસ અને પારિવારિક વિવાદ ચાલી રહ્યો હતો. સાસરીયાઓ પુત્રવધૂ અલીફીયા પાસેથી છૂટાછેડા (ડિવોર્સ) ઈચ્છતા હતા, પરંતુ અલીફીયા આ છૂટાછેડા માટે બિલકુલ તૈયાર નહોતી. આ બાબતની રીસ રાખીને સાસરી પક્ષના લોકો સતત માનસિક અને શારીરિક ત્રાસ આપતા હતા. આ દરમિયાન વિવાદ એટલો વણસ્યો કે વાત સીધી હત્યા સુધી પહોંચી ગઈ. બંને પક્ષો વચ્ચે ચાલી રહેલી તકરાર દરમિયાન આરોપી સસરાએ આવેશમાં આવીને ધારદાર ચપ્પુ વડે પુત્રવધૂ અલીફીયા પર એક પછી એક એમ ધડાધડ ૪૪ જેટલા ઘા ઝીંકી દીધા હતા. દીકરીને બચાવવા વચ્ચે પડેલા અલીફીયાના માતા શહેનાજબેન પર પણ નરાધમ સસરાએ કોઈ દયા રાખ્યા વિના ૨૩ જેટલા ઘા મારી દીધા હતા. લોહીલુહાણ હાલતમાં બંને મહિલાઓ ઘટનાસ્થળે જ ઢળી પડી હતી અને તડપી-તડપીને તેમનું પ્રાણપંખેરું ઊડી ગયું હતું.

એક જ ઘરમાં બે-બે મહિલાઓની નિર્મમ હત્યાના સમાચાર વાયુવેગે ફેલાતા જ આસપાસના લોકોના ટોળેટોળા ઘટનાસ્થળે ઉમટી પડ્યા હતા. ઘટનાની ગંભીરતાને જોતા ભરૂચ પોલીસના ઉચ્ચ અધિકારીઓનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસે બંને મૃતદેહોને પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલ ખસેડ્યા છે અને ઘટનાસ્થળેથી પુરાવા એકત્રિત કર્યા છે.

પોલીસે આ ઘાતકી ડબલ મર્ડર કેસમાં ગુનો નોંધીને હત્યારા સસરા સહિત આ ગુનામાં સંડોવાયેલા અન્ય શખ્સોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

ગાંધીનગરમાં હૃદયકંપાવનારો ખૂની ખેલ

# પરિવાર અને પોલીસની હાજરીમાં પ્રેમીએ પ્રેમિકાનું ગળું કાપી પોતે પણ આત્મહત્યાનો પ્રયાસ કર્યો..!

ગાંધીનગર

પાટનગર ગાંધીનગરની એક હોટેલમાં પ્રેમપ્રકરણનો એવો ભયાનક અને લોહિયાળ અંત આવ્યો છે, જે સાંભળીને ગમે તેવા કઠણ કાળજાના માણસનું દિલ પણ ધ્રૂજી ઊઠે. ઘરથી ભાગી ગયેલા પ્રેમીપંખીડાને પરત લઈ જતી વખતે, પરિવારજનો અને પોલીસની નજર સામે જ પ્રેમીએ પોતાની પ્રેમિકાને ખોળામાં સુવડાવીને તેનું ગળું કાપી ઘાતકી હત્યા કરી નાખી હતી. આટલું જ નહીં, પ્રેમિકાને મોતને ઘાટ ઉતાર્યા બાદ યુવકે પોતાના ગળા પર પણ જીવલેણ ઘા ઝીંકી દીધા હતા. મળતી વિગતો મુજબ, આ પ્રેમીપંખીડા થોડા સમય પહેલાં ઘરેથી ભાગી ગયા હતા. જેમને શોધી કાઢ્યા બાદ પરિવારજનો અને પોલીસ તેમને પરત લઈ જઈ રહ્યા હતા. આ દરમિયાન ગાંધીનગરની એક હોટેલમાં રોકાણ કરવામાં આવ્યું હતું. હોટેલના રૂમમાં પરિવારના સભ્યો અને પોલીસ કર્મચારીઓ પણ હાજર હતા. સૌ કોઈ વિચારી રહ્યા હતા કે મામલો થાળે પડી જશે, પરંતુ પ્રેમીના મગજમાં કંઈક અલગ જ ચાલી રહ્યું હતું. રૂમમાં અચાનક જ પ્રેમીએ પ્રેમિકાને પોતાના ખોળામાં સુવડાવી દીધી હતી. હાજર રહેલા લોકોને લાગ્યું કે આ સામાન્ય વાતચીત છે, પરંતુ પળભરમાં જ યુવકે પોતાની પાસે છુપાવી રાખેલું તીક્ષ્ણ હથિયાર કાઢ્યું હતું અને પ્રેમિકાનું ગળું ચીરી નાખ્યું હતું. આ અણધારી ઘટનાથી રૂમમાં ચીસાચીસ અને દોડધામ મચી ગઈ હતી. પોલીસ અને પરિવાર કંઈ સમજે કે આગળ વધે તે પહેલાં જ, યુવકે એ જ લોહીલુહાણ હથિયારથી પોતાના ગળા પર પણ જોરદાર ઘા ઝીંકી દીધા હતા. ઘટનાને પગલે હોટેલ સ્ટાફ અને સ્થાનિક પોલીસ ઉચ્ચ અધિકારીઓનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. ગંભીર રીતે ઘવાયેલી પ્રેમિકાનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું, જ્યારે લોહીથી લથપથ પ્રેમીને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે, જ્યાં તેની સ્થિતિ અત્યંત નાજુક હોવાનું જાણવા મળ્યું છે. પરિવાર અને કાયદાના રક્ષક ગણાતી પોલીસની હાજરીમાં જ હોટેલના રૂમમાં ખેલાયેલા આ ખૂની ખેલને પગલે સમગ્ર ગાંધીનગરમાં ચકચાર મચી ગઈ છે.

# ઓશોના બૉડીગાર્ડનો વિસ્ફોટક ખુલાસો: "રજનીશ મારી ગર્લફ્રેન્ડ સાથે સૂતા અને મને 400 માઇલ દૂર મોકલી દેતા"

## આધ્યાત્મ, યોગ અને સેક્સના કૉકટેલની અંદરની કહાણી; પૂર્વ બૉડીગાર્ડે વર્ષો જૂના સિક્રેટ્સ છતા કરતા વિશ્વભરમાં ચર્ચા

વિશ્વભરમાં 'સેક્સ ગુરુ' તરીકે પ્રખ્યાત અને પોતાના ક્રાંતિકારી તેમજ વિવાદાસ્પદ વિચારોથી દુનિયાને હચમચાવી મુકનારા આધ્યાત્મિક ગુરુ ઓશો (ભગવાન રજનીશ) મૃત્યુના વર્ષો પછી પણ ચર્ચાના કેન્દ્રમાં રહે છે. ઓશોના જીવન, તેમના આશ્રમની અંદરની ગતિવિધિઓ અને તેમના રહસ્યો પરથી અવારનવાર પડદા ઊંચકાતા રહે છે. તાજેતરમાં ઓશોના જ એક સમયના અત્યંત નજીકના અંગત બૉડીગાર્ડે આશ્રમની અંદર ચાલતી ગૂઢ પ્રવૃત્તિઓ અને ઓશોના અંગત જીવન વિશે એવા વિસ્ફોટક ખુલાસા કર્યા છે, જેણે આધ્યાત્મિક જગતમાં ફરી એકવાર મોટો ભૂકંપ લાવી દીધો છે.

### "આશ્રમમાં સૌને સેક્સની છૂટ હતી, ઓશો શિષ્યાઓ સાથે સહશયન કરતા"



ઓશોના પૂર્વ બૉડીગાર્ડે એક ઈન્ટરવ્યૂ દરમિયાન આશ્રમના બંધ દરવાજા પાછળની વાસ્તવિકતા રજૂ કરી હતી. તેના જણાવ્યા અનુસાર, ઓશોના આશ્રમમાં પરંપરાગત નૈતિકતા કે સામાજિક બંધનોને કોઈ સ્થાન નહોતું. બૉડીગાર્ડે દાવો કર્યો કે, 'આશ્રમમાં રહેતા તમામ સન્યાસીઓ અને શિષ્યોને મુક્તપણે સેક્સ કરવાની છૂટ હતી. ત્યાં કોઈના પર કોઈ બંધન નહોતું. એટલું જ નહીં, આશ્રમમાં રહેતા દરેક વ્યક્તિને એ વાતની સારી રીતે ખબર હતી કે ઓશો પોતે પણ પોતાની ખાસ અને પસંદગીની શિષ્યાઓ સાથે નિયમિત રીતે સહશયન (શારીરિક સંબંધ) કરતા હતા.'

### બોડીગાર્ડની આપવીતી: "મને 400 માઇલ દૂર મોકલી દીધો"

પોતાના અંગત જીવનનો એક ચોંકાવનારો કિસ્સો શેર કરતા બૉડીગાર્ડે જણાવ્યું કે, આશ્રમની આ મુક્ત સેક્સ લાઈફનો ભોગ ક્યારેક તેમના અંગત સિક્યોરિટી સ્ટાફના લોકો પણ બનતા હતા. તેણે કહ્યું, 'એક દિવસ રજનીશ (ઓશો) મારી જ ગર્લફ્રેન્ડ સાથે તેના રૂમમાં સૂતા હતા. આ વાતની મને સમયસર ખબર ન પડે અથવા હું તેમાં અડચણ ન બનું તે માટે ઓશોએ એક સમજી વિચારેલી ચાલ ચાલી. તેમણે મને એક ખાસ કામના બહાને આશ્રમથી ૪૦૦ માઈલ દૂર મોકલી દીધો હતો.' બૉડીગાર્ડના મતે, ઓશો પોતાના પાવર અને આધ્યાત્મિક પ્રભાવનો ઉપયોગ કરીને આશ્રમની સુંદર સ્ત્રીઓને પોતાના તરફ આકર્ષિત કરતા હતા અને આશ્રમના પુરુષો આ વ્યવસ્થાનો વિરોધ કરી શકતા નહોતા.

### આધ્યાત્મ, યોગ અને સેક્સનું અનોખું 'કૉકટેલ'

ઓશો હંમેશાંથી પરંપરાગત ધર્મો, સાધુતા અને બ્રહ્મચર્યના કટ્ટર વિરોધી રહ્યા હતા. તેમણે વર્ષો પહેલાં 'સંભોગ સે સન્યાસ તક' (From Sex to Superconsciousness) નામનું પુસ્તક આપીને સનાતન પરંપરાના મૂળિયા હચમચાવી દીધા હતા. ઓશોનું માનવું હતું કે સેક્સ એ કુદરતી ઉર્જા છે અને તેને દબાવવાને બદલે તેનો સ્વીકાર કરીને જ માણસ પરમ ચૈતન્ય (આધ્યાત્મ) તરફ ગતિ કરી શકે છે.

પૂર્વ બોડીગાર્ડના કથન અનુસાર, અમેરિકાના ઓરેગોન સ્થિત 'રજનીશપુરમ' આશ્રમ અને ભારતના પુણે આશ્રમમાં આ જ વિચારધારા હેઠળ એક આખી અલગ જ સૃષ્ટિ વસાવવામાં આવી હતી. જ્યાં દિવસ દરમિયાન યોગ, ધ્યાન અને પ્રવચનો ચાલતા અને રાત્રિના સમયે મુક્ત પ્રેમ (Free Love) ના નામે સેક્સ પાર્ટનરો બદલાતા હતા. પશ્ચિમી દેશોના હજારો અમીર અને ભણેલા-ગણેલા લોકો આ જ મુક્તિના આકર્ષણમાં ખેંચાઈને ઓશોના શરણમાં આવ્યા હતા.

### મુક્ત વિચારો કે સત્તાનો દુરુપયોગ?

બૉડીગાર્ડના આ ખુલાસા બાદ સોશિયલ મીડિયા અને આધ્યાત્મિક વર્તુળોમાં બે જૂથ પડી ગયા છે.

ટીકાકારોનું કહેવું છે કે: ઓશો આધ્યાત્મ અને દર્શનશાસ્ત્રની આડમાં માત્ર એક એવો પંથ (Cult) ચલાવતા હતા, જ્યાં સત્તા અને પૈસાના જોરે શિષ્યાઓનું શારીરિક અને માનસિક શોષણ કરવામાં આવતું હતું.

બૉડીગાર્ડનો આ દાવો સાબિત કરે છે કે ત્યાં મુક્ત પ્રેમ નહીં, પણ ગુરુની અંધભક્તિનો દુરુપયોગ થતો હતો.

ઓશોના સમર્થકોનું કહેવું છે કે: ઓશોએ ક્યારેય કંઈ છુપાવ્યું નથી. તેમણે ખુલ્લેઆમ સેક્સને જીવનના એક ભાગ તરીકે સ્વીકારવાની હિમાયત કરી હતી. આશ્રમમાં બધું જ સહમતિથી થતું હતું અને બૉડીગાર્ડ માત્ર સસ્તા પ્રચાર માટે આ પ્રકારના નિવેદનો આપી રહ્યો છે.


સત્ય ગમે તે હોય, પણ ખુદ ઓશોની ૨૪ કલાક સુરક્ષામાં તૈનાત રહેલા બૉડીગાર્ડના આ સિક્રેટ્સે 'ભગવાન રજનીશ' ના ભવ્ય સામ્રાજ્ય પાછળના વિવાદાસ્પદ ચહેરાને ફરી એકવાર દુનિયા સામે લાવી દીધો છે.

---

## તંત્રી લેખ...

## સાહસનો સાચો અર્થ: મુશ્કેલીઓ સામે ઝૂકવું નહીં, પણ ઝઝૂમવું એ જ જિંદગીની અસલી જીત

જિંદગીનો સીધો અને સાદો નિયમ છે - જે ડરી ગયો, તે અટકી ગયો; અને જેણે સાહસ કર્યું, તે ઈતિહાસ રચી ગયો. આપણે ઘણીવાર એવું માની લેતા હોઈએ છીએ કે સાહસ એટલે ડરનો અભાવ, અથવા તો એવી સ્થિતિ જ્યાં કોઈ મુશ્કેલીઓ જ ન હોય. પણ વાસ્તવમાં, મુશ્કેલીઓ ન હોવી એ સાહસ નથી. મુશ્કેલીઓની આંખમાં આંખ પરોવીને, તેની સામે અડીખમ ઊભા રહીને તેને જીતી લેવાની શક્તિ અને માનસિક દ્રઢતા જ સાચું સાહસ છે. સાહસ એ કોઈ શારીરિક તાકાતનું પ્રદર્શન નથી, પરંતુ આંતરિક આત્મબળની પરાકાષ્ઠા છે.



પડકારો: આપણને તોડવા નહીં, પણ ઘડવા આવે છે

આપણા જીવનમાં જ્યારે પણ કોઈ નવો પડકાર કે મુશ્કેલી આવે છે, ત્યારે સામાન્ય રીતે માણસ ગભરાઈ જાય છે. પરંતુ કુદરતનો નિયમ છે કે સોનું પણ અગ્નિમાં તપ્યા પછી જ શુદ્ધ અને ચમકદાર બને છે. એવી જ રીતે, દરેક પડકાર આપણને તોડવા માટે નહીં, પણ આપણી અંદર છુપાયેલી અસલી તાકાતને બહાર લાવવા અને આપણને ઘડવા માટે આવે છે. દરેક નાની-મોટી મુશ્કેલી માણસને અંદરથી વધુ મજબૂત અને પરિપક્વ બનાવે છે. રસ્તામાં આવતો દરેક અવરોધ એક એવા સ્પીડ બ્રેકર જેવો છે, જે આપણી ગતિને થોડી ક્ષણો માટે ધીમી ભલે કરે, પણ આપણને વધુ સાવધ રહીને નવો માર્ગ શોધવાની પ્રેરણા આપે છે. જ્યારે તમે એક પછી એક અવરોધોને પાર કરતા જાવ છો, ત્યારે તમારો આત્મવિશ્વાસ સાતમા આસમાને પહોંચે છે અને પછી ગમે તેટલું મોટું વાવાઝોડું પણ તમને ડગાવી શકતું નથી.

નિર્ભયતા એ જ પ્રગતિનું પ્રથમ પગથિયું

ગભરાઈને, નસીબના ભરોસે બેસી રહેવાથી ક્યારેય મંઝિલ મળતી નથી. સાહસિક બનવાનો અર્થ એ છે કે પરિણામની ચિંતા કર્યા વગર સત્ય અને પોતાના સપનાઓ માટે લડવું. ડર દરેક માણસને લાગે છે, પણ એ ડરને પોતાના પર હાવી ન થવા દેવો અને ડર હોવા છતાં પણ આગળ વધવું, એ જ સાચી નિર્ભયતા છે. જ્યારે તમે મનમાંથી અસફળ થવાનો ભય કાઢી નાખો છો અને નિર્ભય બનીને પ્રગતિના પંથે આગળ વધો છો, ત્યારે આખી કાયનાત અને પરિસ્થિતિઓ પણ તમને રસ્તો આપવા માટે મજબૂર થઈ જાય છે. તમારી હિંમત જ તમારી સૌથી મોટી ભાગીદાર બને છે.

દુનિયા હંમેશાં સંઘર્ષ કરનારને જ સલામ કરે છે

આ સંસારનો એક કડવો પણ સાચો નિયમ છે: આ દુનિયા ક્યારેય હાથ જોડીને બેસી રહેનારા, રડનારા કે અડધે રસ્તેથી હિંમત છોડી દેનારા લોકોને યાદ રાખતી નથી. ઈતિહાસ હંમેશાં એવા લોકોનો જ લખાણોથી અંકિત થાય છે જેમણે મુશ્કેલીઓ સામે ઘૂંટણ ટેકવાને બદલે લડવાનું પસંદ કર્યું હોય. જેમનામાં કંઈક કરી છૂટવાની તમન્ના હોય છે, જેઓ પવનની વિરુદ્ધ દિશામાં પણ પોતાનો દીવો પ્રગટાવી રાખવાનું સાહસ કરે છે, સમય પણ તેમની સામે નમે છે. કારણ કે જે હિંમત રાખે છે, દુનિયા અંતે તેને જ સલામ કરે છે! સફળતા કદાચ મોડી મળી શકે, પણ સાહસ કરનાર વ્યક્તિ ક્યારેય હારતી નથી; કાં તો તે જીતે છે અને કાં તો તે કંઈક નવું શીખે છે.

પાક્કો ગુજરાતનો સંદેશ: આજે જ સાહસનું એક ડગલું ભરો

ગુજરાતીઓ તો સદીઓથી સાહસિકતા માટે જાણીતા છે. સાત સમુદ્ર પાર જઈને વેપાર કરવો હોય કે શૂન્યમાંથી સર્જન કરવું હોય, સાહસ આપણા લોહીમાં છે. માટે જ, આજે જ મનમાંથી નિષ્ફળતાના ડરને કાયમ માટે વિદાય આપો. મુશ્કેલીઓથી ડરીને પાછા હટવાને બદલે, સાહસનો હાથ પકડો, તમારી ક્ષમતા પર ભરોસો રાખો અને તમારા સપના તરફ એક અડગ ડગલું આગળ વધારો. યાદ રાખો, અડગ મનના મુસાફરને હિમાલય પણ નડતો નથી!

**- ગ્રુપ એડિટર પવન માકન**

---

# વિજ્ઞાનના યુગમાં ભૂત-પ્રેતના નામે મોટું શોષણ! જાગવાની જરૂર છે!

## 21મી સદીમાં પણ અંધશ્રદ્ધાનો કાળો કારોબાર ધમધમી રહ્યો છે: ધર્મના ઓઠા હેઠળ ભોળી જનતાના ખિસ્સા ખાલી કરતા લેભાગુ ભુવાઓ અને તાંત્રિકો પર ક્યારે કસાશે કાયદાનો સિંકજો?

આપણે મંગળ ગ્રહ પર પહોંચી ગયા, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ના યુગમાં જીવી રહ્યા છીએ, અને ડિજિટલ ઈન્ડિયાની વાતો કરીએ છીએ. પણ આ બધી જ ઝાકઝમાળ વચ્ચે ગુજરાતના ખૂણે-ખૂણે એક એવું અંધારું પણ ભળેલું છે, જે સમાજને ઉધઈની જેમ કોરી ખાધું છે. આ અંધારું એટલે–અંધશ્રદ્ધા, ભૂત-પ્રેતનો વહેમ અને તેના નામે ચાલતું કરોડો રૂપિયાનું આર્થિક અને શારીરિક શોષણ!

આજે પણ વિજ્ઞાનના આ સુવર્ણ યુગમાં સરેઆમ 'ભૂત ભગાડવા' અને 'વળગાડ મુક્ત' કરવાના નામે નિર્દોષ અને લાચાર લોકોને શિકાર બનાવવામાં આવી રહ્યા છે. હવે સમય આવી ગયો છે કે સમાજે જાગવું પડશે, નહીંતર આ લેભાગુ તત્વો ભવિષ્યની પેઢીને પણ બરબાદ કરી નાખશે.

### બીમારી મેડિકલ સાયન્સની, ઈલાજ ભુવા-તાંત્રિકોનો?

ઘણીવાર જોવા મળે છે કે જ્યારે કોઈ વ્યક્તિ માનસિક બીમારી (જેમ કે હિસ્ટિરિયા, સ્કીઝોફ્રેનિયા કે ડિપ્રેશન) નો ભોગ બને છે, ત્યારે મેડિકલ કાઉન્સિલિંગ કે સાયકિયાટ્રિસ્ટ પાસે જવાના બદલે તેને કોઈ દોરા-ધાગા કરનાર કે તાંત્રિકના મઢે લઈ જવામાં આવે છે.

### ત્યાં શરૂ થાય છે શોષણનો અસલી ખેલ!

'તમારા ઘર પર કોઈએ મેલી વિદ્યા કરી છે', 'તમારા દીકરાને વળગાડ છે' - એવા ડરના ઈન્જેક્શન આપીને ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોના લોહી-પરસેવાની કમાણી લૂંટી લેવામાં આવે છે.

અફસોસની વાત એ છે કે, ભણેલા-ગણેલા લોકો પણ આ જાળમાં ફસાઈ રહ્યા છે.

### ચોંકાવનારી મોડસ ઓપરેન્ડી: ડર વેચીને કમાવવાનો ધંધો

ભય એ અંધશ્રદ્ધાની જનની છે. આ તાંત્રિકો અને ઢોંગી ભુવાઓ પહેલા માણસના મનમાં ડર પેદા કરે છે. સોનાની ચેઈન કાઢી આપવી, હવામાંથી ભસ્મ કાઢવી કે લીંબુમાંથી લોહી કાઢવા જેવી સામાન્ય હાથચાલાકી (Magic Tricks) ને ચમત્કારનું નામ આપીને ભોળા લોકોને અંજી દેવામાં આવે છે. ત્યારબાદ વિધિના નામે હજારો-લાખો રૂપિયા પડાવવામાં આવે છે. હદ તો ત્યારે થાય છે જ્યારે સંતાન પ્રાપ્તિ કે ગુપ્ત ધનની લાલચમાં મહિલાઓનું શારીરિક શોષણ કરવા સુધીના કિસ્સાઓ અવારનવાર સામે આવે છે.

ભય એ અંધશ્રદ્ધાની જનની છે. આ તાંત્રિકો અને ઢોંગી ભુવાઓ પહેલા માણસના મનમાં ડર પેદા કરે છે. સોનાની ચેઈન કાઢી આપવી, હવામાંથી ભસ્મ કાઢવી કે લીંબુમાંથી લોહી કાઢવા જેવી સામાન્ય હાથચાલાકી (Magic Tricks) ને ચમત્કારનું નામ આપીને ભોળા લોકોને અંજી દેવામાં આવે છે. ત્યારબાદ વિધિના નામે હજારો-લાખો રૂપિયા પડાવવામાં આવે છે. હદ તો ત્યારે થાય છે જ્યારે સંતાન પ્રાપ્તિ કે ગુપ્ત ધનની લાલચમાં મહિલાઓનું શારીરિક શોષણ કરવા સુધીના કિસ્સાઓ અવારનવાર સામે આવે છે.

### કાયદો અને વ્યવસ્થા ક્યાં સુધી મૌન રહેશે?

મહારાષ્ટ્ર અને કર્ણાટક જેવા રાજ્યોમાં અંધશ્રદ્ધા વિરોધી કાયદાઓ અસ્તિત્વમાં છે, ત્યારે ગુજરાતમાં પણ આવા કડક અને સમર્પિત કાયદાની તાતી જરૂરિયાત વર્તાઈ રહી છે. સોશિયલ મીડિયા પર ખુલ્લેઆમ '૧ ગેરંટીમાં વશીકરણ', 'દુશ્મન નાશ' ની જાહેરાતો કરતા ઠગો સામે સાયબર ક્રાઈમ અને સ્થાનિક પોલીસ ક્યારે લાલ આંખ કરશે?

### 'પાક્કો ગુજરાત' નો સણસણતો સવાલ: જાગશો ક્યારે?

જે વિજ્ઞાન આપણને વીજળી, મોબાઈલ અને દવાઓ આપે છે, તેના પર ભરોસો કેમ નહીં?

પૂજા-પાઠ અને આસ્થા વ્યક્તિગત વિષય છે, પણ આસ્થા જ્યારે અંધશ્રદ્ધા બને ત્યારે તે ગુનો છે.

કોઈનામાં વળગાડ ધૂણતો નથી, એ માત્ર માનસિક બીમારી અથવા નબળા મનનો વહેમ છે.

પાક્કો :

ચમત્કારોના નામે છેતરાવાનું બંધ કરો. જો કોઈ બીમારી કે તકલીફ હોય તો ભુવા-તાંત્રિકો પાસે જવાના બદલે ડૉક્ટરની સલાહ લો. વિજ્ઞાનના યુગમાં જીવતા શીખો, વહેમના યુગમાં મરવાનું છોડો. જાગો ગુજરાત જાગો, આ શોષણ સામે અવાજ ઉઠાવવાનો સમય હવે આવી ગયો છે!

- વિશેષ અહેવાલ, 'પાક્કો ગુજરાત' સમાચાર સેવા.

---

# ઓફિસનું AC તમારા માટે બનશે માથાનો દુખાવો!

ગરમી અને ઉમસના વાતાવરણમાં ઓફિસનું AC રાહતનો શ્વાસ આપે છે. પરંતુ આ જ ઠંડું વાતાવરણ ડિહાઈડ્રેશનનું કારણ પણ બની શકે છે. ACની ઠંડકમાં તરસનો અહેસાસ ઓછો થાય છે, જ્યારે શરીર સતત ભેજ ગુમાવતું રહે છે. જો આવા સમયે વારંવાર ચા-કોફી પી રહ્યા હો તો ડિહાઈડ્રેશનનું જોખમ વધુ વધી જાય છે. એનું પરિણામ એ આવે છે કે દિવસ પૂરો થતાં થતાં માથાનો દુખાવો, થાક અને સુસ્તી અનુભવવા લાગે છે. તેથી ડિહાઈડ્રેશનના શરૂઆતી સંકેતોને ઓળખવા અને સમયસર સાવચેતી રાખવી ખૂબ જ જરૂરી છે. આ ખૂબ સામાન્ય છે. ખરેખર, એર કન્ડિશન્ડ વાતાવરણમાં શરીર પરસેવો બનાવતું નથી. તેમ છતાં શરીરમાં પાણીની કમી થઈ શકે છે. આને પોઈન્ટર્સથી સમજો- કિડની હંમેશા લોહીને ફિલ્ટર કરીને પેશાબ બનાવતી રહે છે. ઓછું પાણી પીવાથી પણ પેશાબ બને છે. જોકે, તેની માત્રા ઓછી અને રંગ ઘેરો થઈ જાય છે. શ્વાસ બહાર કાઢતી વખતે હવામાં કાર્બન ડાયોક્સાઈડની સાથે ભેજ પણ જાય છે. AC અથવા ડ્રાય એરમાં આ નુકસાન વધુ થઈ શકે છે. ત્વચામાંથી હળવો પરસેવો હંમેશા નીકળતો રહે છે, પરંતુ આ માત્રા એટલી ઓછી હોય છે કે દેખાતી નથી. તેને ઈનસેન્સિબલ વોટર લોસ કહેવાય છે. પાચન પ્રક્રિયામાં પણ થોડું પાણી ખર્ચ થાય છે. એર કંડિશન્ડ રૂમની હવા સૂકી હોય છે. તેથી ત્વચા અને શ્વસનતંત્રમાંથી બાષ્પીભવન વધી જાય છે. આને ટ્રાન્સએપિડર્મલ વોટર લોસ કહેવાય છે. આ જ કારણ છે કે પરસેવો આવ્યા વિના પણ ડિહાઈડ્રેશન થઈ શકે છે. પોઈન્ટર્સથી તેને વધુ વિગતવાર સમજો- ઠંડી હવા શરીરની રક્તવાહિનીઓને સંકોચે છે. આનાથી સ્નાયુઓમાં જકડાઈ જવું અને માથાનો દુખાવો થઈ શકે છે. સતત ઠંડી, સૂકી હવામાં શ્વાસ લેવાથી નાક અને ગળાની મ્યુકસ લાઈનિંગ સુકાઈ જાય છે. આનાથી બળતરા અથવા ચેપનું જોખમ વધે છે. તાપમાનમાં વારંવાર ફેરફાર (AC માંથી બહાર ગરમીમાં જવું) શરીરની થર્મોરેગ્યુલેશન ક્ષમતા પર દબાણ લાવે છે, જેનાથી થાક અને અસ્વસ્થતા અનુભવાય છે. સામાન્ય રીતે તરસનો અહેસાસ ત્યારે વધે છે, જ્યારે શરીરનું તાપમાન અને પરસેવો વધે છે, પરંતુ AC ના ઠંડા વાતાવરણમાં આ ટ્રિગર નબળું પડી જાય છે. તેથી મગજને આ સંકેત મળતો જ નથી કે શરીર પાણી ગુમાવી રહ્યું છે, તેને પાણીની જરૂર છે. જ્યારે શરીરમાં પાણીની કમી હોય છે, ત્યારે કિડની પાણી બચાવવા માટે પેશાબને વધુ સાંદ્ર કરી દે છે. તેને વિગતવાર સમજો- આ પ્રક્રિયામાં એન્ટિડાયયુરેટિક હોર્મોન (ADH) ની ભૂમિકા હોય છે.

---

# નર્સોના ડ્રેસકોડ અને સુરક્ષા પર કંગના રનૌતનું નિવેદન: મીડિયાના વિવાદો પાછળ છુપાયેલી હોસ્પિટલોની વરવી વાસ્તવિકતા...

## મહિલા નર્સોના ચીડાયેલા સ્વભાવ પાછળ માત્ર કામનો બોજ નહીં, પરંતુ દર્દીઓ દ્વારા થતી માનસિક અને જાતીય કનડગત પણ જવાબદાર? એક ગંભીર સામાજિક વિશ્લેષણ.

અમદાવાદ

તાજેતરમાં ફિલ્મ અભિનેત્રી અને સાંસદ કંગના રનૌત દ્વારા નર્સિંગ વ્યવસાય અને તેમના ડ્રેસકોડને લઈને કરવામાં આવેલી ટિપ્પણી મીડિયા અને સોશિયલ મીડિયા પર ભારે ચર્ચાનો વિષય બની છે. હંમેશની જેમ મીડિયાના એક વર્ગે આ નિવેદનને માત્ર હેડલાઈન પૂરતું મર્યાદિત રાખીને વિવાદ ઊભો કરવાનો પ્રયાસ કર્યો છે, પરંતુ જો આ બાબતને ઊંડાણપૂર્વક અને સંવેદનશીલતાથી જોવામાં આવે તો તેની પાછળ નર્સિંગ વ્યવસાય સાથે જોડાયેલી મહિલાઓની એક ખૂબ જ ગંભીર અને વરવી વાસ્તવિકતા છુપાયેલી છે.

### માત્ર ડ્રેસકોડ નહીં, ગરિમાનો મુદ્દો

કંગના રનૌતે માત્ર બ્રિટિશ કાળથી ચાલ્યા આવતા કોલોનિયલ ડ્રેસકોડને બદલવાની વાત નથી કરી, પરંતુ તેમણે હોસ્પિટલો જેવા ગંભીર કાર્યસ્થળો પર મહિલા નર્સોને જે રીતે 'સેક્સ્યુઅલાઈઝ્ડ' (જાતીય દ્રષ્ટિકોણથી જોવાની પ્રવૃત્તિ) કરવામાં આવે છે, તેવા અતિ સંવેદનશીલ મુદ્દા તરફ આંગળી ચીંધી છે. વૈશ્વિક સ્તરે પોર્ન ઈન્ડસ્ટ્રી અને ગ્લેમર જગતમાં નર્સિંગના પવિત્ર વ્યવસાયને એક 'ફેટીશ' તરીકે રજૂ કરવામાં આવ્યો છે, જેની સીધી આડઅસર વાસ્તવિક જીવનમાં હોસ્પિટલના પલંગ પર સૂતેલા અમુક વિકૃત માનસિકતા ધરાવતા દર્દીઓ પર જોવા મળે છે.

### નર્સોના 'ચીડાયેલા' સ્વભાવ પાછળનું અસલી કારણ

આપણે ઘણીવાર સામાન્ય વાતચીતમાં એવું કહેતા સાંભળીએ છીએ કે સરકારી કે ખાનગી હોસ્પિટલોમાં નર્સો હંમેશાં ચીડાયેલી કે ગુસ્સામાં કેમ રહેતી હોય છે? સામાન્ય રીતે તેને કામના ભારણ સાથે જોડવામાં આવે છે, જે એક હકીકત છે. પરંતુ તેની પાછળનો બીજો અને વધુ અંધકારમય



પક્ષ એ છે કે મહિલા નર્સોએ પોતાની ફરજ દરમિયાન સતત વિકૃત માનસિકતા ધરાવતા પુરુષોનો સામનો કરવો પડે છે.

આજના સમયમાં હોસ્પિટલોમાં પુરુષ નર્સ (બ્રધર્સ) પણ મોટી સંખ્યામાં જોવા મળે છે, પરંતુ તેઓ મહિલા નર્સો જેટલા તણાવમાં કે ચીડાયેલા જોવા મળતા નથી. તેનું મુખ્ય કારણ એ છે કે એક પુરુષ તરીકે તેમણે કાર્યસ્થળ પર એ પ્રકારની જાતીય કનડગતનો સામનો નથી કરવો પડતો જે મહિલાઓએ કરવો પડે છે. આ ઉપરાંત, મહિલા નર્સો પર ઘરની જવાબદારીઓ અને ઓફિસના કામનું બેવડું ભારણ પણ હોય છે.

### દર્દીઓની વિકૃતિ અને મજબૂરીનો ગેરફાયદો

હોસ્પિટલમાં દાખલ થતા કેટલાક પુરુષ દર્દીઓ પોતાની બીમારી કે પથારીવશ અવસ્થામાં પણ નર્સો સાથે ગેરવર્તણૂક કરતા અચકાતા નથી. તેમને ખબર હોય છે કે નોકરીની જવાબદારી અને પ્રોફેશનલ નૈતિકતાના કારણે નર્સોએ તેમની સેવા કરવી જ પડશે. આ મજબૂરીનો ગેરફાયદો ઉઠાવીને ઘણા પુરુષો નર્સો સાથે:

### ડબલ મિનિંગ (દ્વિઅર્થી) વાતો કરવી,

બિનજરૂરી અંગત પ્રશ્નો પૂછવા, મોબાઈલ નંબર કે સરનામા માંગવા,

સતત તાકી રહેવું અથવા અણછાજતા અડપલાં કરવા,

સારવારના બહાને બિનજરૂરી ફરિયાદો કરીને પરેશાન કરવા,

ધાકધમકી આપવી અથવા જાતિ-ધર્મ વિષયક અપમાનજનક ટિપ્પણીઓ કરવી,

જેવી હલકી પ્રવૃત્તિઓ કરતા જોવા મળે છે. અમુક પુરુષો હોસ્પિટલના વાતાવરણમાં મહિલા નર્સની હાજરી માત્રથી ઉત્તેજિત થઈ જાય છે અને પોતાની જાતીય વૃત્તિ પર કાબૂ રાખી શકતા નથી. જ્યારે નર્સો પ્રોફેશનલ અંતર રાખવાનો પ્રયાસ કરે છે, ત્યારે આવા દર્દીઓ અહમ ઘવાતાં વધુ હિંસક કે હેરાન કરનારા બની જાય છે.

પબ્લિક સેન્સ અને સિવિક સેન્સની ભારે અછત

આ સમગ્ર વિવાદ એક બહુ મોટી સામાજિક ખામી તરફ ઈશારો કરે છે. આપણા સમાજમાં પુરુષોના એક મોટા વર્ગમાં જનરલ સિવિક સેન્સ (નાગરિક હોવાની સમજ) તેમજ હોસ્પિટલ, શાળા કે ઓફિસ જેવા ગંભીર જાહેર સ્થળોએ કેવું વર્તન કરવું જોઈએ તેની 'પબ્લિક સેન્સ'નો ભારે અભાવ છે. હોસ્પિટલ એ જીવન-મરણની લડાઈ લડવાનું સ્થળ છે, કોઈ મનોરંજનનું કેન્દ્ર નથી, એ મૂળભૂત વાત સમજાવવામાં આપણી સામાજિક વ્યવસ્થા નિષ્ફળ રહી છે.

### પાક્કો ગુજરાત ન્યૂઝનો સૂર:

**કંગના રનૌતના નિવેદનને રાજકીય ચશ્માથી જોવાની બહેનબાજી છોડીને, એક સમાજ તરીકે આપણે વિચારવાની જરૂર છે કે રાત-દિવસ આપણી સેવામાં હાજર રહેતી આ 'સિસ્ટર્સ' (બહેનો) ને આપણે કેવું વાતાવરણ આપી રહ્યા છીએ? જ્યાં સુધી પુરુષોમાં હોસ્પિટલ સેન્સ નહીં કેળવાય અને નર્સો પ્રત્યેનો દ્રષ્ટિકોણ પવિત્ર નહીં બને, ત્યાં સુધી ગમે તેટલા કાયદાઓ પણ તેમની આંતરિક અસુરક્ષાને દૂર નહીં કરી શકે.**

# વાંકોલ ગામે ગેરકાયદે રેત ખનન પર ગામલોકોની 'જનતા રેડ' : તંત્રની મીલીભગત સામે ભડકો, અધિકારીઓ મૌન..!

છોટા ઉદેપુર, ઇમરાન મિર્ઝા

છોટાઉદેપુર જિલ્લાના પાવીજેતપુર તાલુકામાંથી એક સળગતો અને સણસણતો અહેવાલ સામે આવી રહ્યો છે. પાવીજેતપુરના વાંકોલ ગામે ઓરસંગ નદીના પટમાં લાંબા સમયથી ચાલી રહેલા ગેરકાયદેસર રેત ખનનના કાળા કારોબારનો આજે ગામલોકોએ જાતે જ પર્દાફાશ કર્યો છે. વારંવારની રજૂઆતો છતાં ઘોર નિંદ્રામાં પોઢેલા તંત્રને જગાડવા માટે આજે સવારે ગામલોકોએ એકઠા થઈને નદીના પટમાં 'જનતા રેડ' પાડી હતી અને રેતી માફિયાઓમાં ફફડાટ મચાવી દીધો હતો. છેલ્લા ઘણા સમયથી પાવીજેતપુર અને તેની આસપાસના વિસ્તારોમાં નદીઓના સીના ચીરીને બેફામ રીતે ગેરકાયદેસર રેતી ઉલેચવામાં આવી રહી હોવાની ફરિયાદો ઉઠી રહી હતી. કુદરતી સંપત્તિની આ લૂંટ સામે જ્યારે તંત્રએ આંખ આડા કાન કર્યા, ત્યારે આખરે ગામલોકોએ કાયદો હાથમાં લીધા વિના, પણ એક મજબૂત નાગરિક તરીકે મેદાને આવવું પડ્યું. આજે સવારે વાંકોલ ગામના લોકો મોટી સંખ્યામાં ઓરસંગ નદીના પટમાં પહોંચી ગયા હતા. ગામલોકોના આ અચાનક આક્રમણ અને વિરોધ પ્રદર્શનને જોઈને ગેરકાયદેસર ખનન કરનારાઓમાં નાસભાગ મચી ગઈ હતી. ગ્રામજનોએ સ્થળ પર જ ઉગ્ર વિરોધ નોંધાવી, ખાણ-ખનીજ વિભાગ અને સ્થાનિક પ્રશાસનને આ કાળા કારોબારના જીવતા પુરાવા બતાવવા માટે બોલાવ્યા હતા. ગામલોકોની આ હિંમત અને જનતા રેડના સમાચાર વાયુવેગે પ્રસરતા જ છોટાઉદેપુર જિયોલોજી (ખાણ-ખનીજ) વિભાગની ટીમ તાબડતોબ સ્થળ પર દોડી આવી હતી. અધિકારીઓએ સ્થળ પર પહોંચીને તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે અને જરૂરી પુરાવાઓ એકત્ર કરવાની કામગીરી હાથ ધરી છે. પરંતુ, અહીં સૌથી મોટો અને ચોંકાવનારો સવાલ એ ઊભો થાય છે કે જ્યારે મીડિયાના મિત્રો અને પત્રકારો દ્વારા ખાણ-ખનીજ વિભાગના અધિકારીઓને આ ગેરકાયદેસર ખનન અંગે સવાલો પૂછવામાં આવ્યા, ત્યારે અધિકારીઓએ કંઈ પણ બોલવાનો સાફ ઈનકાર કરી દીધો હતો! અધિકારીઓનું આ મૌન ઘણું બધું કહી જાય છે. શું અધિકારીઓ પાસે સવાલોના જવાબ નહોતા? કે પછી રેતી માફિયાઓ પાછળ કોઈ મોટા માથાઓનો હાથ છે, જેના ડરથી અધિકારીઓ કેમેરા સામે બોલતા ગભરાઈ રહ્યા છે? હાલમાં તો જિયોલોજી વિભાગ તપાસના નામે કાગળો દોડાવી રહ્યો છે અને જણાવી રહ્યો છે કે તપાસના અંતે હકીકત સામે આવ્યા બાદ આગળની કાર્યવાહી કરવામાં આવશે. પરંતુ ગામલોકો અને પબ્લિક બધું જ જાણે છે. ગામલોકોએ હવે આરપારની લડાઈના મૂડમાં સીધી અને કડક કાર્યવાહીની માંગ કરી છે.

હવે જોવાનું એ રહેશે કે છોટાઉદેપુરનું વહીવટી તંત્ર આ ગેરકાયદેસર ખનન કરનારા રાક્ષસો સામે લાલ આંખ કરીને જેલના સળિયા પાછળ ધકેલે છે, કે પછી હંમેશાની જેમ આખા મામલા પર 'ભીનું સંકેલી' ને ફાઈલો બંધ કરી દેવામાં આવશે? જો આ વખતે કડક પગલાં ન લેવાયા, તો આગામી સમયમાં જનતાનો આક્રોશ વધુ ઉગ્ર બને તો નવાઈ નહીં.




ખેડબ્રહ્મા-અંબાજી હાઈવે પર

# સિમેન્ટ ભરેલી ટ્રક અને પેસેન્જર મિની લક્ઝરી બસ વચ્ચે અકસ્માત

ઈડર, જાકીર મેમણ

ટ્રક-લક્ઝરીનો અકસ્માત: ચાડા ગામ પાસે સિમેન્ટ ટ્રક અને મિની લક્ઝરી અથડાયા ખેડબ્રહ્મા-અંબાજી સ્ટેટ હાઈવે પર ચાડા ગામ નજીક સવારે એક સિમેન્ટ ભરેલી ટ્રક અને પેસેન્જર મિની લક્ઝરી બસ વચ્ચે ગંભીરઅકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં મિનીલક્ઝરીમાં સવાર કેટલાક મુસાફરો ઘાયલ થયા હતા, જેમને તાત્કાલિક સારવાર અર્થેહોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.પ્રાથમિકમાહિતી અનુસાર, આ અકસ્માત ચાડા ગામની દૂધ ડેરી પાસે થયો હતો અકસ્માતમાં સામેલ વાહનોમાં મિની બસ લક્ઝરી ગાડી નંબર DD 01 AE 9261 અને ટેમ્પો (ટ્રક) નંબર GJ 23 X 3697 નો સમાવેશ થાય છે.ઘાયલોમાં મધુબેન ખુશાલદાસ સોનયા (ઉંમર 49),



નાંદની ખુશાલદાસ સોનયા (ઉંમર 24) અને ગોધરાના મોહિનીબેન જેઠવાની (ઉંમર 74) નો સમાવેશ થાય છે. આ ત્રણ લોકોને ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલ ખાતે સારવાર આપવામાં આવી હતી.અન્ય ઘાયલોને વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ફરજ પરના ડોકટરોએ તમામ ઘાયલોને તાત્કાલિક સારવાર પૂરી પાડી હતી.

CCTV ફૂટેજ સોશિયલ મીડિયામાં વાયરલ થતાં ભારે ચકચાર મચી

# કૂવાણા ગામે ધોળા દિવસે ઘાતકી હત્યા

હાઈવે પર આવેલી ભવાની પાર્લર એન્ડ ટી સ્ટોલ પાસે ત્રણ શખ્સોએ એક યુવાન પર ધારિયા, છરી સહિતના ઘાતક હથિયારો વડે હુમલો કરી તેને મોતને ઘાટ ઉતારી દીધો હતો

લાખણી, મુકેશ સોની લાખણી

વાવ-થરાદ જિલ્લાના લાખણી તાલુકાના કૂવાણા ગામે જેતડા-દિયોદર હાઈવે પર ગુરુવારે ધોળા દિવસે થયેલી એક સનસનાટીભરી હત્યાની ઘટનાએ સમગ્ર પંથકને હચમચાવી દીધું છે. હાઈવે પર આવેલી ભવાની પાર્લર એન્ડ ટી સ્ટોલ પાસે ત્રણ શખ્સોએ એક યુવાન પર ધારિયા, છરી સહિતના ઘાતક હથિયારો વડે હુમલો કરી તેને મોતને ઘાટ ઉતારી દીધો હતો. ઘટનાનો સમગ્ર બનાવ સીસીટીવી કેમેરામાં કેદ થયો હતો, જેના ફૂટેજ સોશિયલ મીડિયામાં વાયરલ થતાં ભારે ચકચાર મચી છે. પ્રાથમિક માહિતી મુજબ, મૃતકની ઓળખ શામળભાઈ ફોટાભાઈ ભીલ તરીકે થઈ છે. તેઓ પાર્લર




નજીક ઉભા હતા ત્યારે અચાનક ત્રણ હુમલાખોરો ત્યાં ધસી આવ્યા હતા. હુમલાખોરોએ યુવાન પર ઉપરાઉપરી ઘા ઝીંકી ગંભીર ઈજાઓ પહોંચાડતાં તેમનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. હત્યા બાદ હુમલાખોરો ફરાર થઈ ગયા હતા. ઘટનાસ્થળની નજીક રહેલા પૂર્વ સરપંચ હોથીભાઈ રાજપૂતે જણાવ્યું હતું કે, કેટલાક અજાણ્યા લોકો હોટલમાં બેઠા હતા ત્યારે ત્રણ શખ્સો ત્યાં આવ્યા અને ફાયરિંગ કર્યું હતું. ત્યારબાદ ધારિયા વડે હુમલો કરી યુવકને ઢાળી દેવામાં આવ્યો હતો. ઘટનાને પગલે આસપાસના વિસ્તારમાં દોડધામ મચી ગઈ હતી. ધોળા દિવસે થયેલી હત્યાની જાણ થતાં જ જિલ્લા પોલીસ વડા, ડીવાયએસપી, પીઆઈ સહિતનો મોટો પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે મૃતદેહને કબજે લઈ પોસ્ટમોર્ટમ માટે લાખણી સરકારી હોસ્પિટલમાં ખસેડ્યો હતો.

પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતક તથા હુમલાખોરો સ્થાનિક ન હોવાનું સામે આવ્યું છે. હત્યા પાછળ જૂની અદાવત, અંગત વેરઝેર કે અન્ય કોઈ કારણ જવાબદાર છે કે કેમ તે અંગે પોલીસે તપાસ શરૂ કરી છે.

ચાંગોદર પોલીસે કેબલ ચોરીનો વણઉકેલાયેલો ગુનો ઉકેલ્યો

# એરટેલ કંપનીના1.61 લાખના કેબલ સાથે 4 આરોપીઓની ધરપકડ

પોલીસે ઘટનાસ્થળની આસપાસના CCTV ફૂટેજ ચકાસ્યા હતા અને હ્યુમન ઇન્ટેલિજન્સ (બાતમીદારો) ને સક્રિય કર્યા હતા

ચાંગોદર

ચાંગોદર પોલીસે બાતમીદારો અને સીસીટીવી ફૂટેજના આધારે એક મહત્વની સફળતા મેળવીને લાંબા સમયથી વણઉકેલાયેલા કેબલ ચોરીના ગુનાનો પર્દાફાશ કર્યો છે. પોલીસે આ મામલે ચોરીના મુદ્દામાલ સાથે ચાર શખ્સોની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગત ૨૫ નવેમ્બર, ૨૦૨૫ના રોજ ચાંગોદરમાં આવેલી નામદેવ કંપની નજીક કેનાલ પાસેના ખુલ્લા વિસ્તારમાંથી કેબલ ચોરીની એક ઘટના સામે આવી હતી. આ કેબલ ભારતી એરટેલ MSC હબનો હતો. તસ્કરો ત્યાંથી આશરે ૫૭૧ મીટર લાંબો કેબલ ચોરી કરી ગયા હતા, જેની અંદાજિત કિંમત રૂપિયા ૧,૬૧,૦૦૦ જેટલી થવા જતી હતી. આ અંગે ચાંગોદર પોલીસ સ્ટેશનમાં ક્રાઈમ રજિસ્ટર નંબર 11192015260653/2026 અને આઈપીસી




(IPC) કલમ ૩૦૩(૨) હેઠળ ગુનો નોંધી તપાસ શરૂ કરવામાં આવી હતી. આ વણઉકેલાયેલા ગુનાને ઉકેલવા માટે પોલીસ ઈન્સ્પેક્ટર એચ.એચ. સિસેટા અને પોલીસ સબ-ઈન્સ્પેક્ટર એચ.એમ. પટેલના માર્ગદર્શન હેઠળ અલગ-અલગ ટીમો બનાવવામાં આવી હતી. પોલીસે ઘટનાસ્થળની આસપાસના સીસીટીવી ફૂટેજ ચકાસ્યા હતા અને હ્યુમન ઈન્ટેલિજન્સ (બાતમીદારો) ને સક્રિય કર્યા હતા. દરમિયાન પોલીસ કોન્સ્ટેબલ રાજહંસસિંહ (બકલ નંબર ૨૨૭) ને મળેલી ચોક્કસ બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવીને ચારેય આરોપીઓને દબોચી લીધા હતા. પકડાયેલા આરોપીઓના નામ: આકાશ લક્ષ્મણભાઈ બચુભાઈ ચૌહાણ, રણજીત ઉર્ફે કાયો કાશીરામ સોમાભાઈ ચૌહાણ, જનવ ભરતભાઈ વિઘનભાઈ ચૌહાણ, સુનિલ ઉર્ફે અજય ગોવિંદભાઈ કામશીભાઈ ચૌહાણ. પોલીસે પકડાયેલા આ ચારેય આરોપીઓ પાસેથી ચોરી થયેલો તમામ મુદ્દામાલ રિકવર કરી લીધો છે અને તેમની સામે આગળની કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

# ગીર સોમનાથ પોલીસનું 'ઓપરેશન મ્યુલ હન્ટ 2.0' : 310 કરોડ રૂપિયાના દેશવ્યાપી સાયબર ફ્રોડનો પર્દાફાશ

ગીર સોમનાથ

ગુજરાત પોલીસના સાયબર ક્રાઈમ સેલ દ્વારા દેશભરમાં આચરવામાં આવતા આર્થિક કૌભાંડો સામે એક બહુ મોટું ઓપરેશન પાર પાડવામાં આવ્યું છે.

ગીર સોમનાથ પોલીસે 'ઓપરેશન મ્યુલ હન્ટ ૨.૦' અંતર્ગત કાર્યવાહી કરીને અંદાજે ૩૧૦ કરોડ રૂપિયાના અધધ કહી શકાય તેવા સાયબર ફ્રોડના મસમોટા રેકેટનો પર્દાફાશ કર્યો છે. આંતરરાજ્ય કક્ષાએ સંકળાયેલી આ ટોળકીના ૫ મુખ્ય સાગરીતોને પોલીસે દબોચી લીધા છે.

મળતી વિગતો મુજબ, સાયબર ગુનેગારો નિર્દોષ લોકોને પોતાની જાળમાં ફસાવીને તેમની પાસેથી કરોડો રૂપિયા પડાવતા હતા. આ ગેંગ દેશભરના ૨૯૦ જેટલા ભોગ બનનારા લોકોની રકમ અલગ-અલગ બેંક ખાતાઓમાં ટ્રાન્સફર કરવાનું આખું નેટવર્ક ચલાવતી હતી. છેતરપિંડીના નાણાં ક્યાં અને કયા ખાતામાં ટ્રાન્સફર કરવા, તેના માટે આ ટોળકી 'મ્યુલ એકાઉન્ટ્સ' (ભાડાના ખાતાઓ) નો ઉપયોગ કરતી હતી.

આ મામલે ગીર સોમનાથ પોલીસની વિશેષ ટીમે ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીદારોની મદદથી ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી હતી. પોલીસની સચોટ વ્યૂહરચનાને કારણે આ ડિજિટલ લૂંટારુઓ કાયદાના સિંજામાં આવી ગયા છે. પકડાયેલા આરોપીઓ પાસેથી ગુનામાં વપરાયેલા અસંખ્ય સિમ કાર્ડ, મોબાઈલ ફોન, ચેકબુક અને એટીએમ કાર્ડ જેવા શંકાસ્પદ મુદ્દામાલ પણ જપ્ત કરવામાં આવ્યા હોવાની માહિતી મળી છે.

આ આખી કામગીરીથી સાયબર ઠગોની મોડસ ઓપરેન્ડીનો મોટો ખુલાસો થયો છે. પોલીસ હવે એ તપાસ કરી રહી છે કે આ રેકેટના તાર અન્ય કયા રાજ્યો કે વિદેશી હેકર્સ સાથે જોડાયેલા છે. ીર સોમનાથ પોલીસની આ ગૌરવપૂર્ણ અને મોટી સફળતાને પગલે સમગ્ર રાજ્યમાં પોલીસ તંત્રની કામગીરીની પ્રશંસા થઈ રહી છે.

ભજન, ગીતો અને બેવડા ઉત્સવથી વડીલો મંત્રમુગ્ધ

# ગોત્રીના સિનિયર સિટીઝન ગ્રુપ દ્વારા ગુજરાતી ગીતોનો રંગારંગ કાર્યક્રમ

વડોદરા

વડોદરાના ગોત્રી વિસ્તારમાં કાર્યરત સિનિયર સિટીઝન ગ્રુપ ઓફ ગોત્રી દ્વારા ગત બુધવારે એક શાનદાર અને રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. વડીલોના આ મંડળમાં ગુજરાતી ભજન, લોકગીતો અને જાણીતા ગુજરાતી ફિલ્મી ગીતોની રમઝટ જામી હતી, જેમાં તમામ સભ્યોએ ભારે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ગ્રુપના માનદ તંત્રી અને સંપાદક શ્રી ઘનશ્યામભાઈ રાવ દ્વારા જાહેર કરવામાં આવેલી યાદી મુજબ, કાર્યક્રમની શરૂઆત પરંપરાગત રીતે પ્રભુ સ્મરણ સાથે કરવામાં આવી હતી. મંડળના સભ્ય મીનાબેન વસાણીએ ખૂબ જ મધુર અવાજમાં સુંદર પ્રાર્થના રજૂ કરીને સમગ્ર હોલનું વાતાવરણ




ભક્તિમય બનાવી દીધું હતું. ત્યારબાદ, મંડળના આશરે આઠથી દસ જેટલા ઉત્સાહી સભ્યોએ એક પછી એક લોકપ્રિય ગુજરાતી ભજનો, ગીતો અને જુના યાદગાર ફિલ્મી ગીતો ગાઈને ઉપસ્થિત તમામ વડીલોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. સભ્યો પણ ગીતોના તાલે ઝૂમી ઉઠ્યા હતા. આ સંગીતમય સંધ્યા દરમિયાન મંડળમાં બેવડા ઉત્સવનો માહોલ જોવા મળ્યો હતો. મંડળના સક્રિય સભ્ય શ્રી ચંદ્રકાન્તભાઈ ભટ્ટ અને તેમના ધર્મપત્ની ક્રિષ્નાબેન ભટ્ટના લગ્ન જીવનના સફળ ૫૦ વર્ષ પૂર્ણ થતાં, એટલે કે ગોલ્ડન એનિવર્સરી નિમિત્તે મંડળના અન્ય સભ્ય શ્રી નવીનભાઈ સોની અને તેમના પત્ની દ્વારા આ વડીલ દંપતીને પુષ્પગુચ્છ અર્પણ કરીને ભાવભીનું સન્માન કરવામાં આવ્યું હતું. આ ખુશીના પ્રસંગે ચંદ્રકાન્તભાઈ તરફથી તમામ સભ્યોનું મોઢું મીઠું કરાવાયું હતું. આ સાથે જ, મંડળના અન્ય એક મહિલા સભ્ય શ્રીમતી કોકિલાબેન દેસાઈનો પણ તે જ દિવસે જન્મદિવસ હોવાથી, મંડળના સભ્યોની હાજરીમાં હોંશે-હોંશે કેક કાપીને તેમનું અભિવાદન કરવામાં આવ્યું હતું.

142 ગુનાઓમાં જપ્ત કરાયેલ દારૂનો નાશ કરવામાં આવ્યો

# છોટાઉદેપુરમાં વર્ષ દરમિયાન લાખો રૂપિયાનો વિદેશી દારૂ નાશ

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

છોટાઉદેપુર જિલ્લા પોલીસ દ્વારા વર્ષ 2024-25 દરમિયાન વિવિધ પોલીસ મથકોમાં નોંધાયેલા પ્રોહિબિશનના ગુનાઓમાં જપ્ત કરાયેલ ભારતીય બનાવટના વિદેશી દારૂનો કાયદેસર નાશ કરવામાં આવ્યો હતો. જિલ્લા પોલીસના માર્ગદર્શન હેઠળ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

જિલ્લાના ક્વાંટ, જેતપુરપાવી, કવાંટ, છોટાઉદેપુર, બોડેલી, સંખેડા, રંગપુર, પાનવડ અને નસવાડી સહિતના પોલીસ સ્ટેશનોમાં નોંધાયેલા કુલ 142 ગુનાઓમાં જપ્ત કરાયેલ દારૂનો નાશ કરવામાં આવ્યો હતો.


પોલીસ તંત્ર દ્વારા જપ્ત કરાયેલ વિવિધ બ્રાન્ડની દારૂની બોટલો અને ટીનનો જથ્થો નક્કી કરેલી પ્રક્રિયા મુજબ રોડ રોલર ચલાવી નષ્ટ કરવામાં આવ્યો હતો. જપ્ત કરાયેલ દારૂની અંદાજિત કિંમત રૂ. 3.39 કરોડથી વધુ હોવાનું જણાવાયું છે.

આ કાર્યવાહી દરમિયાન પોલીસ અધિકારીઓ



અને કર્મચારીઓની ઉપસ્થિતિમાં સમગ્ર પ્રક્રિયા પારદર્શક રીતે પૂર્ણ કરવામાં આવી હતી. જિલ્લા પોલીસ દ્વારા પ્રોહિબિશન કાયદાના અસરકારક અમલીકરણ માટે સતત કાર્યવાહી કરવામાં આવી રહી હોવાનું જણાવાયું છે.

# છોટાઉદેપુર જિલ્લામાં બોગસ ડોક્ટરોનો રાફડો ફાટ્યો : નસવાડીના કાંધા ગામે કોલકાતાનો નકલી ડોક્ટર કેમેરામાં કેદ








- આદિવાસી વિસ્તારમાં ગરીબ દર્દીઓના આરોગ્ય સાથે ખુલ્લેઆમ ચેડાં
- ગુજરાત મેડિકલ કાઉન્સિલની નકલી ડિગ્રી લગાવી ભાડાના મકાનમાં ચાલતું હતું દવાખાનું
- બ્લોક હેલ્થ ઓફિસર તપાસમાં પહોંચ્યા: તંત્રની મીલીભગત સામે ઉઠતા સવાલો

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

છોટાઉદેપુર જિલ્લાના અંતરિયાળ આદિવાસી વિસ્તારોમાં ગરીબ અને ભોળા શ્રમિકોના આરોગ્ય સાથે રમત રમતા ઝોલાછાપ (બોગસ) ડોક્ટરોનો રાફડો ફાટ્યો છે. જિલ્લાના ગામડે ગામડે આવા નકલી ડોક્ટરો પોતાની હાટડીઓ ખોલીને બેઠા છે. તાજેતરમાં નસવાડી તાલુકાના કાંધા ગામે આવો જ એક બોગસ ડોક્ટર રંગેહાથ કેમેરામાં કેદ થતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. આ ઘટનાની જાણ થતાં જ નસવાડીના બ્લોક હેલ્થ ઓફિસર તપાસ અર્થે દોડી ગયા હતા.

મળતી માહિતી મુજબ, નસવાડી તાલુકાના કાંધા ગામે એક ભાડાના મકાનમાં પરપ્રાંતમાંથી આવેલો પ્રોદીપ સુકુમાર સરકાર નામનો શખ્સ કોઈ પણ અધિકૃત ડિગ્રી કે લાયકાત વિના ક્લિનિક ચલાવતો હતો. આ શખ્સે પોતાના દવાખાનામાં ગુજરાત રાજ્ય મેડિકલ કાઉન્સિલની નકલી ડિગ્રી પણ ટીંગાડી રાખી હતી, જેથી સ્થાનિક લોકો છેતરાઈ જાય. તપાસ દરમિયાન તેના આ નકલી દવાખાનામાંથી પલંગ તેમજ મોટા પ્રમાણમાં એલોપેથિક દવાઓ અને ઈન્જેક્શનોનો જથ્થો મળી આવ્યો હતો. સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, પરપ્રાંતમાંથી આવતા આવા બોગસ ડોક્ટરો ગામડાઓમાં ભાડાના મકાન રાખીને ગેરકાયદેસર પ્રેક્ટિસ શરૂ કરી દે છે. આ અંગે સ્થાનિક પોલીસ સ્ટેશનમાં કોઈ પણ પ્રકારની જાણ કરવામાં આવતી નથી.

આશ્ચર્યની વાત એ છે કે છોટાઉદેપુર જિલ્લાના આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓ વાકેફ હોવા છતાં, કોઈ નક્કર પગલાં ભરવામાં આવતા નથી. સ્થાનિક પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (PHC) ના ડોક્ટરોની જવાબદારી હોવા છતાં, તેમની નજર સામે જ આ નકલી ડોક્ટરો ગરીબ આદિવાસીઓના સ્વાસ્થ્ય અને જીવ સાથે રમત રમી રહ્યા છે. આ ઘટના સામે આવ્યા બાદ સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

હાઇકોર્ટના દ્વાર ખખડાવવાની આપી ચીમકી

# ઇડર તાલુકા પંચાયતમાં પ્રમુખ પદ મુદ્દે વિવાદ વણસ્યો; કોંગ્રેસ આરપારના મૂડમાં

બક્ષીપંચ મહિલાની અનામત બેઠક સામે સામાન્ય બેઠકના વિજેતાને પ્રમુખ બનાવતા હોબાળો

ઇડર, જાકીર મેમણ

સાબરકાંઠા જિલ્લાની ઈડર તાલુકા પંચાયતમાં પ્રમુખની સીટને લઈને શરૂ થયેલો રાજકીય વિવાદ હવે ઉગ્ર સ્વરૂપ ધારણ કરી રહ્યો છે. અનામતના નિયમોનું સરેઆમ ઉલ્લંઘન કરીને પ્રમુખની વરણી કરવામાં આવી હોવાના ગંભીર આક્ષેપ સાથે કોંગ્રેસે મોરચો માંડ્યો છે. કોંગ્રેસે આક્રમક વલણ અપનાવતા સ્પષ્ટ કર્યું છે કે જો આ મામલે યોગ્ય ન્યાય નહીં મળે તો તેઓ ગુજરાત હાઈકોર્ટ સુધી લડત લઈ જશે.

તાજેતરમાં યોજાયેલી ઈડર તાલુકા પંચાયતની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ ૧૮ બેઠકો સાથે સ્પષ્ટ બહુમતી મેળવી હતી, જ્યારે કોંગ્રેસના ફાળે ૧૦ બેઠકો આવી હતી. વિવાદની શરૂઆત પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી વખતથી થઈ હતી. ઈડર તાલુકા પંચાયતમાં પ્રમુખ પદની બેઠક બક્ષીપંચ (OBC) મહિલા માટે અનામત રાખવામાં આવી હતી. કોંગ્રેસનો આક્ષેપ છે કે, અનામત બેઠક હોવા છતાં, સામાન્ય (જનરલ) બેઠક પરથી ચૂંટણી જીતેલી મહિલા સદસ્યને ઈડર તાલુકા પંચાયતનું પ્રમુખ પદ સોંપી દેવામાં આવ્યું છે. જ્યારે વરણી થઈ ત્યારે પણ કોંગ્રેસે વાંધો



ઉઠાવ્યો હતો, પરંતુ તે સમયે અધિકારીઓએ વાત ટાળી દીધી હતી. આજે ઈડર તાલુકા પંચાયતમાં નવી કારોબારી સમિતિની રચના કરવાનો એજન્ડા હતો. આ માટે ધારાસભ્યના નિવાસસ્થાને ભાજપની સંકલન બેઠક યોજાયા બાદ તમામ સદસ્યો તાલુકા પંચાયત કચેરી ખાતે પહોંચ્યા હતા. તાલુકા વિકાસ અધિકારી (TDO) ભરતભાઈ ચૌધરીની અધ્યક્ષતામાં પ્રથમ સામાન્ય સભા મળી હતી, જેમાં પક્ષ દ્વારા મૂકવામાં આવેલા નામોને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા હતા.

પરંતુ, આ સામાન્ય સભા દરમિયાન કોંગ્રેસના સદસ્યોએ ફરી એકવાર પ્રમુખ પદનો મુદ્દો ઉઠાવીને ઉગ્ર વિરોધ પ્રદર્શિત કર્યો હતો. કોંગ્રેસે દલીલ કરી હતી કે જે મહિલા ખરેખર બક્ષીપંચ અનામત બેઠક પરથી વિજેતા થઈ હોય, તેને જ પ્રમુખ બનાવવી જોઈએ. સામાન્ય બેઠક પરથી જીતેલી મહિલાને આ પદ આપવું તે નિયમ વિરુદ્ધ છે. અન્ય બક્ષીપંચ બેઠક પરથી જીતેલી લાયક મહિલાઓને કેમ સાઈડલાઈન કરાઈ, તેવો સવાલ વિપક્ષે પૂછ્યો હતો.

વિપક્ષના ભારે વિરોધને પગલે TDO ભરતભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, આ બાબતે જો કોઈ વાંધો હોય તો ચૂંટણી પંચ અથવા નામદાર કોર્ટના દ્વાર ખખડાવી શકાય છે. અધિકારીના આ જવાબ બાદ કોંગ્રેસે લડાઈને હાઈકોર્ટ સુધી લઈ જવાની સત્તાવાર જાહેરાત કરી દીધી છે. બીજી તરફ, ભાજપની અંદર પણ આ મામલે આંતરિક અસંતોષ હોવાનું ચર્ચાઈ રહ્યું છે. પક્ષમાંથી જ જે બક્ષીપંચ મહિલાઓ પ્રમુખ પદની પ્રબળ દાવેદાર ગણાતી હતી, તેમને કિનારે કરાતા પક્ષના જ એક વર્ગમાં નારાજગી છે. હવે કોંગ્રેસ હાઈકોર્ટના દ્વાર ક્યારે ખખડાવે છે તે જોવાનું રહ્યું.



### 'આપકી તો મા-બહેન એક હો ગઈ...': વિદ્યા બાલન

# માધુરી અને તૃપ્તિ ડિમરીની નવી ફિલ્મ જોઈને વિદ્યા બાલને આપી ચોંકાવનારી પ્રતિક્રિયા

મુંબઈ

નેટફ્લિક્સ પર રિલીઝ થયેલી માધુરી દીક્ષિત, તૃપ્તિ ડિમરી અને ધરના દુર્ગા સ્ટારર ડાર્ક કોમેડી ફિલ્મ 'મા-બહેન'ની બોલિવૂડ અભિનેત્રી વિદ્યા બાલને પ્રશંસા કરી છે. ઓટીટી પ્લેટફોર્મ નેટફ્લિક્સ પર માધુરી દીક્ષિત, તૃપ્તિ ડિમરીની ફિલ્મ 'માં-બહેન' રિલીઝ થઈ છે. આ એક ડાર્ક કોમેડી ફિલ્મ છે. દર્શકોથી માંડીને સેલેબ્રિટિઝ સુધી દરેક વ્યક્તિએ આ ફિલ્મના વખાણ કર્યા હતા, જેમાં તાજેતરમાં વિદ્યા બાલન પણ આ લિસ્ટમાં સામેલ થઈ ગઈ છે. વિદ્યાએ ફિલ્મના વખાણ કરતા કહ્યું હતું કે 'આપકી તો મા-બહેન એક હો ગઈ'. વિદ્યાએ સોશિયલ મીડિયા પર લખ્યું કે, 'આપકી તો મા-બહેન એક હો ગઈ. માધુરી દીક્ષિત, તૃપ્તિ ડીમરી અને ધરના દુર્ગા વચ્ચે ઘણી મજેદાર કેમેસ્ટ્રી હતી.' આ ફિલ્મ માટે વિદ્યાને પણ અપ્રોચ કરવામાં આવી હતી. બાદમાં માધુરીને આ ફિલ્મ આપવામાં આવી હતી.

વિદ્યા બાલને દિગ્દર્શક સુરેશ ત્રિવેણી સાથે ફિલ્મ 'તુમ્હારી સુલુ'માં કામ કર્યું હતું. ત્યાર બાદ બંનેએ ફિલ્મ 'જલસા'માં પણ સાથે કામ કર્યું છે. આ બંને વચ્ચે પ્રોફેશનલ બોન્ડ ઘણી સારી છે. આ ફિલ્મની સ્ટોરીની વાત કરીએ તો આ ફિલ્મમાં એક સિંગલ મધરની વાર્તાને દેખાડવામાં આવી છે. આ સિંગલ મધરને બધા ખોટી નજરોએ જુએ છે. તેના જીવનમાં મુશ્કેલી ત્યારે આવે છે, જ્યારે તેના પાડોશી ગુપ્તાનું મોત તેના ઘરે થાય છે ત્યારે પોતાની માતાની મદદ કરવા માટે બંને દીકરીઓ આગળ આવે છે. ત્યાર બાદ ત્રણેય કેવી રીતે આ પરિસ્થિતિમાંથી પોતાને બહાર કાઢે છે તે ફિલ્મની સ્ટોરી છે. આ ફિલ્મને સુરેશ ત્રિવેણીએ ડાયરેક્ટ કર્યું છે. વિક્રમ મલ્હોત્રાએ આ ફિલ્મને સુરેશ સાથે પ્રોડ્યૂસ કર્યું છે, જ્યારે આ ફિલ્મમાં માધુરી, તૃપ્તિ અને ધરના સીવાય રવિ કિશન પણ મુખ્ય ભૂમિકામાં છે. નેટફ્લિક્સ પર રિલીઝ થયેલી માધુરી દીક્ષિત, તૃપ્તિ ડિમરી અને ધરના દુર્ગા સ્ટારર ડાર્ક કોમેડી ફિલ્મ 'મા-બહેન'ની બોલિવૂડ અભિનેત્રી વિદ્યા બાલને પ્રશંસા કરી છે. ઓટીટી પ્લેટફોર્મ નેટફ્લિક્સ પર માધુરી દીક્ષિત, તૃપ્તિ ડિમરીની ફિલ્મ 'માં-બહેન' રિલીઝ થઈ છે. આ એક ડાર્ક કોમેડી ફિલ્મ છે. દર્શકોથી માંડીને સેલેબ્રિટિઝ સુધી દરેક વ્યક્તિએ આ ફિલ્મના વખાણ કર્યા હતા, જેમાં તાજેતરમાં વિદ્યા બાલન પણ આ લિસ્ટમાં સામેલ થઈ ગઈ છે. વિદ્યાએ ફિલ્મના વખાણ કરતા કહ્યું હતું કે 'આપકી તો મા-બહેન એક હો ગઈ'. વિદ્યાએ સોશિયલ મીડિયા પર લખ્યું કે, 'આપકી તો મા-બહેન એક હો ગઈ. માધુરી દીક્ષિત, તૃપ્તિ ડીમરી અને ધરના દુર્ગા વચ્ચે ઘણી મજેદાર કેમેસ્ટ્રી હતી.' આ ફિલ્મ માટે વિદ્યાને પણ અપ્રોચ કરવામાં આવી હતી.


**વિદ્યા બાલને દિગ્દર્શક સુરેશ ત્રિવેણી સાથે ફિલ્મ 'તુમ્હારી સુલુ'માં કામ કર્યું હતું.**

# અભિનેતા દિનયાર તીરંદાજનું 69 વર્ષની વયે નિધન

### દિનયાર તીરંદાજના નિધનની માહિતી સોશિયલ મીડિયા પેજ "પારસી ઝોરોસ્ટ્રિયન વર્લ્ડવાઈડ" દ્વારા આપવામાં આવી હતી

મુંબઈ

ટીવી અને બોલિવૂડ ઈન્ડસ્ટ્રીમાંથી એક દુઃખદ સમાચાર સામે આવ્યા છે. 90ના દાયકાના લોકપ્રિય અને કલ્ટ ક્લાસિક ટીવી શો 'જુબાન સંભાલ કે'થી ઘરેઘરે ઓળખ મેળવેલા અભિનેતા દિનયાર તીરંદાજનું 69 વર્ષની વયે નિધન થયું છે. તેમના અવસાનના સમાચારથી મનોરંજન જગતમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે. દિનયાર તીરંદાજના નિધનની માહિતી સોશિયલ મીડિયા પેજ "પારસી ઝોરોસ્ટ્રિયન વર્લ્ડવાઈડ" દ્વારા આપવામાં આવી હતી. પોસ્ટમાં જણાવાયું કે દિનયાર તીરંદાજ હવે આપણી વચ્ચે રહ્યા નથી. આ સમાચાર વાયરલ થતા જ તેમના ચાહકો અને અનેક બોલિવૂડ કલાકારોએ તેમને શ્રદ્ધાંજલિ અર્પી હતી. દિનયાર તીરંદાજે પોતાના કરિયરમાં ટીવીથી લઈને બોલિવૂડ સુધી અનેક ક્ષેત્રોમાં કામ કર્યું હતું. તેઓએ પોતાની અનોખી એક્ટિંગ અને કોમિક ટાઈમિંગથી દર્શકોના દિલમાં ખાસ સ્થાન બનાવ્યું હતું. 'જુબાન સંભાલ કે'માં તેમના અભિનયને દર્શકો દ્વારા ખૂબ પસંદ કરવામાં આવ્યો હતો. અભિનેતાએ બોલિવૂડના ઘણા મોટા સ્ટાર્સ સાથે પણ કામ કર્યું હતું. તેઓ સલમાન ખાન અને શાહરુખ ખાન જેવા સુપરસ્ટાર્સ સાથે અનેક પ્રોજેક્ટ્સમાં જોવા મળ્યા હતા. લાંબા સમય સુધી મનોરંજન જગતમાં સક્રિય રહેલા દિનયાર તીરંદાજના નિધનથી તેમના ચાહકોમાં દુઃખની લાગણી છવાઈ ગઈ છે. હાલ તેમના નિધનનું ચોક્કસ કારણ જાહેર કરવામાં આવ્યું નથી. સોશિયલ મીડિયા પર ચાહકો સતત તેમને યાદ કરીને શ્રદ્ધાંજલિ પાઠવી રહ્યા છે. ટીવી અને બોલિવૂડ ઈન્ડસ્ટ્રીમાંથી એક દુઃખદ સમાચાર સામે આવ્યા છે. 90ના દાયકાના લોકપ્રિય અને કલ્ટ ક્લાસિક ટીવી શો 'જુબાન સંભાલ કે'થી ઘરેઘરે ઓળખ મેળવેલા અભિનેતા દિનયાર તીરંદાજનું 69 વર્ષની વયે નિધન થયું છે. તેમના અવસાનના સમાચારથી મનોરંજન જગતમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે. દિનયાર તીરંદાજના નિધનની માહિતી સોશિયલ મીડિયા પેજ "પારસી ઝોરોસ્ટ્રિયન વર્લ્ડવાઈડ" દ્વારા આપવામાં આવી હતી.



# 'ભારત ભાગ્ય વિધાતા': કંગના રનૌતે સાદગીથી દિલ જીત્યું

### 26/11 મુંબઈ હુમલાઓ પર પહેલા પણ ઘણી ફિલ્મો અને વેબ સિરીઝ બની ચૂકી છે. મોટાભાગની વાર્તાઓ પોલીસ, આતંકવાદીઓ કે સુરક્ષા દળોની આસપાસ ફરતી રહી છે. પરંતુ તે રાત્રે કામા હોસ્પિટલની અંદર શું ચાલી રહ્યું હતું

મુંબઈ

26/11 મુંબઈ હુમલાઓ પર પહેલા પણ ઘણી ફિલ્મો અને વેબ સિરીઝ બની ચૂકી છે. મોટાભાગની વાર્તાઓ પોલીસ, આતંકવાદીઓ કે સુરક્ષા દળોની આસપાસ ફરતી રહી છે. પરંતુ તે રાત્રે કામા હોસ્પિટલની અંદર શું ચાલી રહ્યું હતું, ત્યાં હાજર ડોકટરો, નર્સો અને કર્મચારીઓએ કઈ પરિસ્થિતિઓમાં દર્દીઓને બચાવ્યા, તેના પર બહુ ઓછી વાત થઈ. 'ભારત ભાગ્ય વિધાતા' તે ભૂલાઈ ગયેલા અધ્યાયને સામે લાવે છે. આ માત્ર એક હુમલાની વાર્તા નથી, પરંતુ તે લોકોની વાર્તા છે જેઓ ક્યારેય હેડલાઈન્સમાં આવ્યા નથી, પરંતુ જેમની કારણે સેંકડો લોકો સુરક્ષિત ઘરે પાછા ફરી શક્યા. ફિલ્મની વાર્તા ફિલ્મની વાર્તા 26 નવેમ્બર 2008ની તે રાત પર આધારિત છે જ્યારે મુંબઈ ભયના ઓથાર હેઠળ હતું. શહેરના અલગ-અલગ ભાગોમાં ગોળીબાર ચાલી રહ્યો હતો અને તે જ સમયે કામા હોસ્પિટલ પણ ખતરાના દાયરામાં આવી ગઈ. હોસ્પિટલની અંદર હાજર નર્સો, વોર્ડ સ્ટાફ અને અન્ય કર્મચારીઓ અચાનક એવી પરિસ્થિતિઓમાં ફસાઈ જાય છે જેના માટે કોઈ તાલીમ પૂરતી નથી હોતી. વાર્તાનું કેન્દ્ર એક નર્સ અને તેની સાથે કામ કરતા લોકો છે, જેઓ પોતાનો જીવ બચાવતા પહેલા દર્દીઓની સુરક્ષા વિશે વિચારે છે. ફિલ્મનો સારો પાસું એ છે કે તે કોઈ એક પાત્રને સુપરહીરો બનાવતી નથી. અહીં બહાદુરી સામૂહિક છે. દરેક વ્યક્તિ પોતાની ક્ષમતા મુજબ લડે છે અને આ જ વાત વાર્તાને વિશ્વસનીય બનાવે છે. કંગના રનૌત આ ફિલ્મની સૌથી મોટી તાકાતોમાંની એક છે. રસપ્રદ વાત એ છે કે અહીં તે પોતાના સ્ટારડમ પર નહીં, પરંતુ પાત્ર પર ભરોસો કરતી જોવા મળે છે. લાંબા સમય પછી તેમને એવી ભૂમિકામાં જોવામાં આવ્યા છે જ્યાં ઊંચો અવાજ, લાંબા ભાષણ કે નાટકીયતા નથી. તેમનો અભિનય સંયમિત છે અને આ જ વાત અસર છોડે છે. ઘણા દ્રશ્યોમાં કંગના માત્ર આંખો અને ચહેરાના હાવભાવથી ડર, બેચેની અને જવાબદારી વ્યક્ત કરી દે છે. આ તેમના તાજેતરના કામોથી અલગ પ્રદર્શન છે. ગિરિજા ઓક, સ્મિતા તાંબે અને બાકીના કલાકારો પણ વાર્તાને મજબૂતી આપે છે. ફિલ્મનો એક મોટો ગુણ એ છે કે સહાયક કલાકારો માત્ર પૃષ્ઠભૂમિ નથી બનતા, પરંતુ વાર્તાનો જરૂરી ભાગ લાગે છે. ઘણી વાર એવું લાગે છે કે ફિલ્મ કોઈ એક કલાકારની નહીં, આખી ટીમની છે.





# 'આલ્ફા'નું ટીઝર શૅર કરી શાહરૂખે આલિયા ભટ્ટના વખાણ કર્યા

### આ ફિલ્મ 3 જુલાઈના રોજ રિલીઝ થઈ રહી છે.

મુંબઈ

આલિયા ભટ્ટ, બોબી દેઓલ, અનિલ કપૂર અને શરવરી વાઘને ચમકાવતી યશરાજ બેનરની ફિલ્મ 'આલ્ફા'નું ટીઝર રિલીઝ થઈ ચૂક્યું છે. આ ટીઝર જ્યારથી રિલીઝ થયું છે ત્યારથી ચર્ચા આના કોન્ટેંટની થઈ રહી છે. ઘણા દર્શકો કહે છે કે, ટીઝરનો પહેલો સીન જ હોલિવૂડની જાણીતી ફિલ્મનો કોપી સીન છે. તો કોઈ આલિયાને 18 વર્ષની હોવા પર કોમેન્ટ કરી રહ્યા છે. ઓવરઓલ ચર્ચા સ્પાય ફિલ્મ પર આવીને અટકી છે. પણ મામલો અહીંયાથી અટકતો નથી. કિંગ ખાન-શાહરૂખ ખાને જ્યારે આલિયાના વખાણ કરતી પોસ્ટ મૂકી ત્યારે આ મુદ્દાને પાંખ ફૂટી. પણ કિંગખાનની વાત પર ફેન્સ હવે સામા પ્રશ્નો કરી રહ્યા છે. શું છે આખો મામલો? શાહરૂખ ખાને સોશિયલ મીડિયા પર 'આલ્ફા' ફિલ્મનું ટીઝર શૅર કરીને આલિયાના વખાણ કર્યા છે. એક્ટરે લખ્યું કે, વેલડન આલિયા, અત્યાર સુધી દિલ તોડ્યા બાદ હવે હાડકા તોડવા સુધીની તારી સ્કિલ વધી રહી છે. પછી ફિલ્મની ટીમને શુભેચ્છાઓ પાઠવી છે. મામલો હવે શરૂ થાય છે. આ પોસ્ટ મૂક્યા બાદ ફેન્સે કિંગખાનને સણસણતા સવાલ પૂછી લીધા છે. નેટીઝને આ જ પોસ્ટ પર કોમેન્ટમાં લખતા પોતાની ભડાશ કાઢી છે. એક યુઝરે લખ્યું કે, કોલંબિયાના, કેટ અને ડોમ કરીને ગ્રાઈન્ડ કરી દો ત્યારે આવું જ જોવા મળે છે. એક યુઝરે લખ્યું કે, થોડા મહિના પહેલા ફિલ્મ 'ધુરંધર' પણ રીલિઝ થઈ હતી. એ સમયે આપ ક્યાં હતા? હકીકત એ પણ છે કે, જ્યારે આ ફિલ્મ રિલીઝ થઈ ત્યારે દુનિયાભરમાંથી ફિલ્મને વાહવાહી મળી રહી હતી, એ સમયે શાહરૂખ ખાન મૌન હતો.. એક યુઝરે એવું લખ્યું કે, 'ધુરંધર' ફિલ્મ માટે કંઈ ન લખ્યું અને આવી કાર્ટુન જેવી ફિલ્મ માટે એક પેરેગ્રાફ લખી કાઢ્યો? અન્ય એક યુઝરે મેકર્સની મેકિંગ ફોર્મેટ પર વાર કર્યો, કહ્યું કે સ્પાય યુનિવર્સમાં નવા ચહેરાઓ જોડાઈ રહ્યા છે પણ ટેમ્પેટ એ જ છે. ઓપનિંગ સીન પણ કોપી કરેલો છે. અન્ય એક યુઝરે રણવીર સિંહનો ફોટો પોસ્ટ કરીને લખ્યું કે, ''મૈં ભી એક સ્પાય હું, મેરી ભી થોડી તારીફ કર દો'' આ ફિલ્મ માટે આલિયાએ સારી એવી મહેનત કરી છે પણ મામલો ત્યારે વિવાદમાં આવ્યો જ્યારે ફિલ્મનું ટીઝર સામે આવ્યું. માત્ર આલિયા ભટ્ટ જ નહીં શાહરૂખ ખાને બોબી દેઓલના પણ વખાણ કર્યા હતા. કિંગ ખાને લખ્યું કે, બોબી જ્યારે નેગેટિવ રોલ પ્લે કરે છે ત્યારે તે વધારે પ્રભાવશાળી લાગે છે. હકીકત એ છે કે, લોકો આલિયા કરતા બોબી દેઓલના લૂક્સ અને એક્શનના દિલ ખોલીને વખાણ કરી રહ્યા છે. આ ફિલ્મ 3 જુલાઈના રોજ રિલીઝ થઈ રહી છે.

# આદિત્ય ધર પ્રભાસને લઈને ફિલ્મ બનાવશે? ચર્ચા પાછળની હકીકત સાવ જુદી જ નીકળી

મુંબઈ

'ધુરંધર' ફિલ્મના ડાયરેક્ટર આદિત્ય ધર પોતાના કોઈ નવા પ્રોજેક્ટને લઈ કામ કરી રહ્યા છે. આ ફિલ્મી પ્રોજેક્ટ છે કે, કોઈ રીસર્ચ એ વાત તો સામે આવી નથી. પણ છેલ્લા કેટલાક સમયથી બોલિવૂડ ઈન્ડસ્ટ્રીમાં એવી ચર્ચાએ જોર પકડ્યું છે કે, આદિત્ય ધર પ્રભાસને લઈને ફિલ્મ બનાવવા માટે જઈ રહ્યા છે. હકીકત એવી છે કે, પ્રભાસની એક વર્ષ પહેલા આવેલી ફિલ્મ 'ધ રાજા સાહબ' ખરાબ રીતે પીટાઈ ગઈ હતી. આ પછી પ્રભાસે ખાસ કોઈ પ્રતિક્રિયા આપી નથી. પણ વાત એવી વહેતી થઈ છે કે, આદિત્ય ધર પ્રભાસ સાથે કોઈ પ્રોજેક્ટ શરૂ કરી શકે છે. પણ આ વાત પાછળનું સત્ય કંઈક ઔર છે. કઈ ફિલ્મ આવી રહી છે? હકીકત એવી છે કે, પ્રભાસ અને આદિત્ય ધર હાલમાં કોઈ પ્રોજેક્ટ પર કે કોઈ ફિલ્મમાં સાથે કામ નહીં કરે. બોક્સ ઓફિસ પર 'ધુરંધર' ફિલ્મના બન્ને ભાગે પૈસાની સુનામી લાવી દેતા ફિલ્મો કરોડો રૂપિયાનો ફાયદો કરાવી દીધો છે. આદિત્ય ધર હવે ફરીવાર રણવીર સિંહ સાથે અન્ય કોઈ પ્રોજેક્ટ પર લાઈનઅપ થયા છે. રિપોર્ટ અનુસાર પ્રભાસ અને આદિત્ય ધર સાથે કામ કરે એ વાતને લઈને હજું સુધી કોઈ સમર્થન મળ્યું નથી. બન્નેએ ફિલ્મને લઈને મુલાકાત કરી હોવાની વાત પણ સાચી નથી. વાસ્તવિકતા એવી છે કે, બન્ને પોતાના શેડ્યુલ પ્રોજેક્ટ પર કામ કરી રહ્યા છે. પ્રભાસ પોતાની ઘણી ફિલ્મોમાં વ્યસ્ત છે જેમાં 'સ્પિરિટ', 'સલાર-2', 'ફૌજી','કલ્કી 2898 એડી' જેવી ફિલ્મનો સમાવેશ થાય છે. અત્યારે એના પાસે બીજા પ્રોજેક્ટ માટે ટાઈમ પણ નથી. માત્ર ચર્ચા, હકીકત અલગ છે હોમ્બ્લે ફિલ્મ સાથે પ્રભાસ લાંબા ગાળાનું પ્લાનિંગ કરી ચૂક્યો છે. ત્રણેય ફિલ્મને લઈને કામ આગળ વધી રહ્યું છે. હાલ આદિત્ય પણ કોઈ પ્રોડ્યુસર સાથે કામ કરી રહ્યા નથી.



### 1 જૂને જર્મનીથી પાછા ફરતી વખતે તબિયત લથડી; ડબલ ઓલિમ્પિક મેડલ જીતનાર મનુ ભાકરના કોચ હતા

# ભારતીય શૂટર જસપાલ રાણાનું 49 વર્ષની ઉંમરે અવસાન

નવી દિલ્હી

ભારતના દિગ્ગજ શૂટર જસપાલ રાણાનું નિધન થયું છે. તેઓ 49 વર્ષના હતા. તેમને દિલ્હીની મેક્સ સાકેત હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં શુક્રવારે સવારે જસપાલે અંતિમ શ્વાસ લીધા. NRAI (નેશનલ રાઈફલ એસોસિએશન ઓફ ઈન્ડિયા) ના પ્રમુખ કાલિકેશ નારાયણ સિંહ દેવે તેમના નિધનની પુષ્ટિ કરી છે. એક જૂનની રાત્રે મ્યુનિકથી પાછા ફરતી વખતે ફ્લાઈટમાં જસપાલની તબિયત બગડી હતી. જ્યાં તેમને મેડિકલ મદદ આપવામાં આવી હતી. સ્વદેશ પાછા ફર્યા પછી જસપાલને દિલ્હીની મેક્સ સાકેત હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં ટેસ્ટ પછી એક સ્ટેન્ટ બેસાડવામાં આવ્યું. જસપાલ રાણા પેરિસ ઓલિમ્પિકમાં ડબલ ઓલિમ્પિક મેડલ જીતનાર નિશાનેબાજ મનુ ભાકરના કોચ હતા. તેઓ જુનિયર ટીમના કોચ અને હાઈ પરફોર્મન્સ ટ્રેનર હતા. જસપાલને ફેબ્રુઆરી 2025થી 25 મીટર પિસ્તોલમાં ભારતના હાઈ પરફોર્મન્સ કોચ બનાવવામાં આવ્યા હતા. ખેલાડી તરીકે જસપાલ રાણાએ એશિયન ગેમ્સમાં 8 મેડલ જીત્યા. જેમાં 4 ગોલ્ડ, 2 સિલ્વર અને 2 બ્રોન્ઝનો સમાવેશ થાય છે. તેમણે કોમનવેલ્થ ગેમ્સમાં 9 ગોલ્ડ સહિત 15 મેડલ જીત્યા છે. જેમાં 4 સિલ્વર અને બે બ્રોન્ઝનો પણ સમાવેશ થાય છે. ભારતીય શૂટિંગ જગતના દિગ્ગજ ખેલાડી અને જાણીતા કોચ જસપાલ રાણાનું શુક્રવારે 49 વર્ષની નાની ઉંમરે અવસાન થયું છે. જર્મનીના મ્યુનિખ ખાતે યોજાયેલા ISSF વર્લ્ડ કપથી ભારત પરત ફરતી વખતે તેમને અચાનક શારીરિક અસ્વસ્થતા અને પીડા થઈ હતી. નવી દિલ્હી એરપોર્ટ પર લેન્ડ કર્યા



બાદ તેમને તાત્કાલિક સાકેતની મેક્સ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. નેશનલ રાઈફલ એસોસિએશન ઓફ ઈન્ડિયા (NRAI) દ્વારા તેમના નિધનની સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી છે. ત્રણ દાયકાથી વધુ સમય સુધી એક શ્રેષ્ઠ ખેલાડી અને પ્રભાવશાળી કોચ તરીકે રમતને સમર્પિત રહેનાર જસપાલ રાણાનું જવું એ ભારતીય શૂટિંગ જગત માટે ક્યારેય ન પુરાય તેવી મોટી ખોટ છે. જસપાલ રાણા ભારતના સૌથી પ્રતિષ્ઠિત અને સફળ પિસ્તોલ શૂટર્સમાંના એક હતા. 1990ના દાયકામાં તેમણે આંતરરાષ્ટ્રીય મંચ પર ભારતનો દબદબો સ્થાપિત કર્યો હતો. એશિયન ગેમ્સ, કોમનવેલ્થ ગેમ્સ અને એશિયન ચેમ્પિયનશિપમાં ભારતના નામે અસંખ્ય મેડલ જીતનાર રાણાએ એવા સમયે દેશમાં શૂટિંગ રમતને લોકપ્રિય બનાવી હતી, જ્યારે ભારતમાં આ રમતનો વિકાસ થઈ રહ્યો હતો. તેમની શાનદાર સિદ્ધિઓએ દેશના લાખો યુવાનોને હાથમાં બંદૂક પકડીને દેશ માટે મેડલ જીતવાની પ્રેરણા આપી હતી. પોતાના શાનદાર શૂટિંગ કરિયરને અલવિદા કહ્યા બાદ જસપાલ રાણાએ કોચિંગ ક્ષેત્રે ઝંપલાવ્યું અને ત્યાં પણ શિખરો સર કર્યા.

## હિંસાના કારણે ટીમ ઈન્ડિયાના આયરલેન્ડ પ્રવાસ પર સંકટના વાદળ

મુંબઈ

ટીમ ઈન્ડિયા હાલમાં અફઘાનિસ્તાનની યજમાની કરી રહી છે. એકમાત્ર ટેસ્ટ મેચ બાદ ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે ત્રણ મેચોની વન-ડે સિરિઝ રમાશે. આ સિરિઝ પૂરી થતાં જ ભારતીય ખેલાડીઓ UKના પ્રવાસે જશે. ભારતને આયર્લેન્ડ સામે બે મેચની T20 સિરિઝ રમવાની છે, ત્યારબાદ ટીમ ઈન્ડિયા ઈંગ્લેન્ડ જવા રવાના થશે. જોકે, બેલફાસ્ટમાં ફાટી નીકળેલી હિંસાના કારણે ભારતના આયર્લેન્ડ પ્રવાસ પર સંકટના વાદળો ઘેરાયા છે. ક્રિકેટ આયર્લેન્ડે આ અંગે એક સત્તાવાર નિવેદન પણ જારી કર્યું છે. હાલમાં એ કન્ફર્મ નથી કે ભારતની મેચ બેલફાસ્ટથી અન્ય કોઈ સ્થળે શિફ્ટ થશે કે પછી આ આખો પ્રવાસ જ રદ કરી દેવામાં આવશે. BCCI અને ક્રિકેટ આયર્લેન્ડ હાલની પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યા છે. જો ભારતનો આયર્લેન્ડ પ્રવાસ રદ થશે તો વૈભવ સૂર્યવંશીએ ડેબ્યૂ માટે વધુ રાહ જોવી પડી શકે છે. લિસબર્નમાં યોજાનારો ઈન્ટર-પ્રોવિન્શિયલ T20 ફેસ્ટિવલ રદ કરી દેવામાં આવ્યો છે. ગુરુવારે ક્રિકેટ આયર્લેન્ડે પુષ્ટિ કરી છે કે રવિવારે યોજાનારી આઈરિશ સિનિયર કપ અને નેશનલ કપની મેચો અંગે આગામી 48 કલાકમાં અંતિમ નિર્ણય લેવામાં આવશે. 48 કલાકમાં લેવાશે મોટો નિર્ણય ક્રિકેટ આયર્લેન્ડે એક સત્તાવાર નિવેદનમાં કહ્યું કે, 'ક્રિકેટ આયર્લેન્ડ હાલમાં જે વિસ્તારોમાં અશાંતિનો માહોલ છે ત્યાની પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યું છે અને આ રવિવારે યોજાનારી આઈરિશ સિનિયર કપ અને નેશનલ કપની મેચો અંગે આગામી 48 કલાકમાં નિર્ણય લેવામાં આવશે.' નિવેદનમાં આગળ કહેવામાં આવ્યું કે, 'અમે સંબંધિત અધિકારીઓ અને અમારા પ્રોવિન્શિયલ યુનિયનો સાથે સતત સંપર્કમાં છીએ. ખેલાડીઓ, કોચ, મેચ અધિકારીઓ અને સમર્થકોની સુરક્ષા અમારા માટે સૌથી મહત્વપૂર્ણ છે. આ અંગે જેમ જેમ વધુ માહિતી મળશે.


### દક્ષિણ કોરિયા-ચેકિયાની મેચમાં જોવા મળી ખાલી બેઠકો

## ખાલી સીટો, મોંઘી ટિકિટો અને માર્ગો પર હોબાળો... ફિફાના દાવાની પોલ ખૂલી ગઈ

મુંબઈ

ફિફા (FIFA) વર્લ્ડ કપ 2026ની શરૂઆત જેટલી ભવ્ય અને રોમાંચક થવાની અપેક્ષા રાખવામાં આવી હતી, ટુર્નામેન્ટ તેના પહેલા જ દિવસે તેટલી જ ઝડપથી વિવાદો અને ગંભીર પ્રશ્નોના ઘેરાવામાં આવી ગઈ છે.

એક તરફ મેક્સિકો સિટીના ઐતિહાસિક એઝટેકા સ્ટેડિયમમાં રંગારંગ ઉદ્ઘાટન સમારોહ અને યજમાન મેક્સિકોની જીતનો જશ્ન જોવા મળ્યો, તો બીજી તરફ સ્ટેડિયમોમાં ખાલી બેઠકો, ટિકિટોના આસમાને પહોંચેલા ભાવ અને રસ્તાઓ પર થયેલા હિંસક વિરોધ પ્રદર્શનોએ ફિફા મેનેજમેન્ટ માટે મોટી મુશ્કેલીઓ ઊભી કરી દીધી છે. દક્ષિણ કોરિયા-ચેકિયાની મેચમાં જોવા મળી ખાલી




બેઠકો ટુર્નામેન્ટની બીજી મેચમાં જ્યારે દક્ષિણ કોરિયા અને ચેકિયાની ટીમો ગ્વાડાલાહારામાં આમને-સામને હતી, ત્યારે સ્ટેડિયમનો નજારો ચોંકાવનારો હતો. ટીવી પ્રસારણ દરમિયાન સ્ટેડિયમના અનેક મહત્ત્વના ભાગો, ખાસ કરીને VIP સેક્શનમાં મોટી સંખ્યામાં બેઠકો સાવ ખાલી જોવા મળી હતી. જોકે, સ્ટેડિયમ સંચાલકોએ એવો દાવો કર્યો હતો કે 45,664ની ક્ષમતા ધરાવતા આ સ્ટેડિયમમાં 44,985 દર્શકો હાજર હતા. ફિફાએ પણ સત્તાવાર રીતે માત્ર 700 જેટલી બેઠકો ખાલી હોવાનું જણાવ્યું હતું, પરંતુ ટીવી સ્ક્રીન પર દેખાતા વીડિયો દૃશ્યોમાં સ્ટેડિયમ ઘણું વધારે ખાલી હોવાનું સ્પષ્ટ જણાતું હતું. આ મેચમાં દક્ષિણ કોરિયાએ ચેકિયાને 2-1થી હરાવ્યું હોવા છતાં, ફૂટબોલ જગતમાં ચર્ચા મેચ કરતાં વધુ ખાલી બેઠકો અંગે થઈ રહી છે.

## મેક્સિકોએ FIFA વર્લ્ડકપ 2026ની પહેલી મેચ જીતી

### સાઉથ આફ્રિકાને 2-0થી હરાવ્યું; જુલિયન-જિમેનેઝે ગોલ કર્યા

નવી દિલ્હી

મેક્સિકોએ FIFA ફૂટબોલ વર્લ્ડ કપ 2026ની ઓપનિંગ મેચ જીતી લીધી છે. ટીમે મેક્સિકો સિટીના એઝટેકા સ્ટેડિયમમાં સાઉથ આફ્રિકાને 2-0થી હરાવ્યું છે. 9મી મિનિટે મેક્સિકોના જુલિયન ક્વિનોનેસે ગોલ કર્યો હતો. સાઉથ આફ્રિકાના કેપ્ટન અને ગોલકીપર રોનવેન વિલિયમ્સની બેકપાસ પર થયેલી ભૂલનો ફાયદો ઉઠાવીને ક્વિનોનેસે ગોલ કરી દીધો હતો. 67મી મિનિટે સ્ટ્રાઈકર રાઉલ જિમેનેઝે શાનદાર હેડર લગાવીને મેક્સિકોની લીડ બમણી કરી દીધી હતી. 49મી મિનિટે સાઉથ આફ્રિકન મિડફિલ્ડર સ્પિફેલો સિથોલેને રેડ કાર્ડ બતાવીને મેદાનની બહાર મોકલી દેવામાં આવ્યો હતો. સિથોલેએ ગોલ તરફ આગળ વધી રહેલા મેક્સિકોના બ્રાયન ગુટીરેઝને પાછળથી ફાઉલ કરીને રોક્યો હતો. 84મી મિનિટે સાઉથ



આફ્રિકાને બીજું રેડ કાર્ડ મળ્યું. થેમ્બા ઝવાનેને વાયોલન્ટ કન્ડક્ટ (હિંસક વર્તન) માટે રેડ કાર્ડ બતાવવામાં આવ્યું હતું. રેફરીના જણાવ્યા અનુસાર ઝવાનેએ વિપક્ષી ખેલાડીને પાછળથી પકડી લીધો હતો. આ નિર્ણય બાદ સાઉથ આફ્રિકાની ટીમ 9 ખેલાડીઓ સુધી મર્યાદિત થઈ ગઈ હતી. FIFA પ્રેસિડેન્ટ જીઆની ઈન્ફેન્ટિનોએ દર્શકો સમક્ષ વર્લ્ડ કપ ટ્રોફી રજૂ કરી હતી. તેની સાથે હોલિવૂડ એક્ટ્રેસ સલ્મા હાયેક પણ હાજર રહી હતી. ઓપનિંગ સેરેમનીમાં પોપ સ્ટાર શકીરા અને નાઈજીરિયન કલાકાર બર્ના બોયે ટુર્નામેન્ટનું ઓફિશિયલ સોંગ 'ડાય-ડાય' ગાયું હતું. આ પહેલાં કોલમ્બિયન સિંગર જે બલવિને પણ પરફોર્મન્સ આપ્યું હતું. ફૂટબોલની રમતમા રેડ કાર્ડ મળવું એ ખૂબ જ ગંભીર બાબત ગણાય છે. રેફરી જ્યારે કોઈ ખેલાડીને રેડ કાર્ડ બતાવે છે, ત્યારે તેને તરત જ મેદાન છોડીને બહાર જવું પડે છે. એટલું જ નહીં, તે ખેલાડીની જગ્યાએ ટીમ અન્ય કોઈ સબ્સ્ટિટ્યૂટ ખેલાડીને મેદાન પર ઉતારી શકતી નથી, જેના કારણે ટીમે બાકીની મેચ 10 ખેલાડીઓ સાથે જ રમવી પડે છે. સામાન્ય રીતે ગંભીર ફાઉલ, મેદાન પર હિંસક કે અણછાજતું વર્તન અથવા નિયમોના ગંભીર ઉલ્લંઘન બદલ આ કડક સજા આપવામાં આવે છે. મેક્સિકો અને દક્ષિણ આફ્રિકા વચ્ચેના આ મુકાબલામાં મેદાન પર ખેલાડીઓ વચ્ચે જોરદાર ટક્કર, રેફરી સાથે દલીલો અને ભારે શારીરિક અથડામણ જોવા મળી હતી. ખેલદિલીના નિયમો નેવે મૂકાતા રેફરીએ કડક વલણ અપનાવ્યું અને કુલ ત્રણ વખત રેડ કાર્ડનો ઉપયોગ કર્યો. એક રિપોર્ટ અનુસાર, વર્લ્ડ કપની કોઈ એક ઓપનિંગ મેચમાં ત્રણ રેડ કાર્ડ આપવાનો આ સર્વોચ્ચ અને પ્રથમ ઐતિહાસિક આંકડો છે. ફિફા વર્લ્ડ કપ 2026નો પ્રારંભ અપેક્ષા કરતાં પણ વધુ ધમાકેદાર અને હાઈ-વોલ્ટેજ ડ્રામા સાથે થયો છે. ટુર્નામેન્ટની ઓપનિંગ મેચ સહ-યજમાન મેક્સિકો અને દક્ષિણ આફ્રિકા વચ્ચે રમાઈ હતી, જેમાં મેક્સિકોએ 2-0થી શાનદાર જીત મેળવી પ્રવાસની શરૂઆત કરી છે.

## બિઝનેસ

### સ્પેસએક્સનો IPO બન્યો ઈતિહાસનો સૌથી મોટો IPO

# દુનિયાના પ્રથમ ટ્રિલિયોનેર બન્યા ઈલોન મસ્ક

મુંબઈ

વિશ્વના સૌથી પ્રખ્યાત બિઝનેસમેન ઈલોન મસ્ક હવે સત્તાવાર રીતે દુનિયાના પહેલા 'ટ્રિલિયોનેર' બની ગયા છે. સ્પેસએક્સ (SpaceX) કંપનીએ ઈતિહાસનો સૌથી મોટો IPO સફળતાપૂર્વક પૂર્ણ કર્યો છે, જેના કારણે ઈલોન મસ્કે આ ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે. આ મહત્ત્વપૂર્ણ સિદ્ધિ સાથે જ ટેસ્લા અને સ્પેસએક્સના ચીફ ઈલોન મસ્ક દુનિયાના અન્ય તમામ બિલિયોનેર કરતાં ઘણા આગળ નીકળી ગયા છે. વૈશ્વિક ઈતિહાસમાં આ પ્રથમ વખત બન્યું છે જ્યારે કોઈ એક વ્યક્તિની સંપત્તિ ટ્રિલિયન ડૉલરના આંકડાને પાર કરી ગઈ હોય. ઈલોન મસ્કની રોકેટ, સેટેલાઈટ અને એઆઈ(AI) કંપની સ્પેસએક્સે ગુરુવારે પોતાના આઈપીઓ દ્વારા



બજારમાંથી રેકોર્ડ બ્રેક 75 અબજ ડૉલર એકત્ર કર્યા છે. કંપનીએ પોતાના 55.56 કરોડ શૅર્સ 135 ડૉલર પ્રતિ શૅરની કિંમતે વેચ્યા છે. આ આઈપીઓ સાથે જ સ્પેસએક્સનું માર્કેટ વેલ્યુએશન આશરે 1.77 ટ્રિલિયન ડૉલર પર પહોંચી ગયું છે, જે તેને વિશ્વની સૌથી મૂલ્યવાન લિસ્ટેડ કંપનીઓમાંની એક બનાવે છે. બ્લૂમબર્ગના અહેવાલ મુજબ, આ આઈપીઓ વર્ષ 2019માં સાઉદી અરામકો દ્વારા બનાવવામાં આવેલા અગાઉના રેકોર્ડ કરતાં બમણાથી પણ વધુ મોટો છે. બજારમાં આ શૅર્સની એટલી ભારે માંગ હતી કે ઉપલબ્ધ શૅર્સ કરતાં ચાર ગણા વધુ ઑર્ડર મળ્યા હતા. હવે આ શૅર્સનું ટ્રેડિંગ નાસ્ડેક (Nasdaq) પર શરૂ થઈ ગયું છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ આઈપીઓ પહેલા ઈલોન મસ્કની સંપત્તિ આશરે 780 અબજ ડૉલર આંકવામાં આવી હતી. પરંતુ સ્પેસએક્સના આઈપીઓ બાદ કંપનીમાં ઈલોન મસ્કના હિસ્સાની કિંમત જ એકલી આશરે 866 અબજ ડૉલર થઈ ગઈ છે. જ્યારે આ સંપત્તિને તેની ઈલેક્ટ્રિક કાર કંપની ટેસ્લા અને અન્ય કંપનીઓના શૅર્સ સાથે જોડવામાં આવે, ત્યારે તેની કુલ સંપત્તિ 1.1 ટ્રિલિયન ડૉલર(એટલે કે 1,100 અબજ ડૉલરથી વધુ)ને પાર કરી ગઈ છે.

### નિફ્ટી 461 પોઈન્ટ ચઢીને 23,622 પર પહોંચ્યો

## સેન્સેક્સ 1695 પોઈન્ટ વધ્યો, રોકાણકારો માલામાલ, એક જ દિવસમાં રૂ.10 લાખ કરોડની કમાણી થઈ

મુંબઈ

સપ્તાહના અંતિમ ટ્રેડિંગ દિવસે ભારતીય શેરબજારમાં ઐતિહાસિક તેજી જોવા મળી છે. આ મોટી તેજી પાછળ અમેરિકન રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનું નિવેદન તેમજ અમેરિકા-ઈરાન વચ્ચે શાંતિ સમજૂતી થવાના અહેવાલો મુખ્ય કારણ માનવામાં આવી રહ્યા છે. આ સકારાત્મક સમાચાર આવતાંની સાથે જ સેન્સેક્સ 1695 પોઈન્ટ(2.30 ટકા)ના મોટા ઉછાળા સાથે 75,527.95ના સ્તર પર બંધ થયો હતો. તેવી જ રીતે નિફ્ટી પણ 461.30 પોઈન્ટ (1.99 ટકા) વધીને 23,622.90 પર બંધ રહ્યો હતો. બેંક નિફ્ટીમાં પણ તોફાની તેજી બીજી તરફ Bank Niftyમાં આનાથી પણ મોટી તેજી જોવા મળી હતી. બેંક નિફ્ટી 1638 પોઈન્ટ(2.97 ટકા)ની તોફાની તેજી સાથે 56,800ની સપાટી વટાવીને બંધ થયો હતો. બજારની આ ચોતરફ તેજીને કારણે તમામ સેક્ટરના ઈન્ડેક્સ ગ્રીન ઝોનમાં



રહ્યા હતા અને રોકાણકારોએ મસમોટી કમાણી કરી લીધી હતી. BSEના ટોપ 30 શેરોની વાત કરીએ તો, પાવરગ્રીડ અને ટેક મહિન્દ્રાને બાદ કરતાં તમામ શેર શાનદાર તેજી સાથે બંધ થયા હતા. સૌથી વધુ તેજી બજાજ ફાયનાન્સ(Bajaj Finance)માં 5.62 ટકાની નોંધાઈ હતી. આ ઉપરાંત એલ એન્ડ ટી, ઈન્ડિગો, ટાઈટન અને એટર્નલ જેવા શેરોમાં પણ 5 ટકા સુધીનો ઉછાળો જોવા મળ્યો હતો. માત્ર મોટા શેરો જ નહીં, પરંતુ મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં પણ જોરદાર ખરીદી જોવા મળી હતી, જેના કારણે નાના છૂટક રોકાણકારોથી લઈને મોટા ઈન્વેસ્ટર્સ સુધીના તમામ લોકો માલામાલ થયા હતા. બજારમાં આવેલી આ સુનામીના કારણે બીએસઈનું માર્કેટ કેપિટલાઈઝેશન 452.66 લાખ કરોડ રૂપિયાથી આશરે 10 લાખ કરોડ રૂપિયા વધીને 462 લાખ કરોડ રૂપિયાની ઉપર પહોંચી ગયું હતું. ઈરાનની સરકારી ન્યૂઝ એજન્સીના અહેવાલ મુજબ, તેહરાન-વોશિંગ્ટન વચ્ચે પ્રસ્તાવિત સમજૂતીમાં ઈરાન પરના પ્રતિબંધો હટાવવા, હોર્મુઝ આંતરરાષ્ટ્રીય જળમાર્ગમાં અમેરિકાની નૌકાદળ નાકાબંધી ખતમ કરવી અને ઈરાનની આસપાસ તૈનાત અમેરિકન સૈન્ય દળોને પાછા બોલાવવાનો સમાવેશ થાય છે.

### યુદ્ધવિરામ ફાઇનલ ન થાય ત્યાં સુધી ક્રૂડ અસ્થિર રહી શકે


# અમેરિકા-ઈરાન તણાવ વધશે તો ક્રૂડ 150 ડોલર પહોંચશે

### પશ્ચિમ એશિયામાં સંઘર્ષ શરૂ થયો ત્યારથી, છેલ્લા ત્રણ મહિનામાં વૈશ્વિક બજારમાં કુલ 1 અબજ બેરલ ક્રૂડ ઓઇલ સપ્લાય પર અસર પડી

મુંબઈ

યુએસ અને ઈરાન વચ્ચે વધતા તણાવે એપ્રિલ યુદ્ધવિરામ માટે અત્યાર સુધીનો સૌથી મોટો પડકાર ઉભો કર્યો છે. પરિસ્થિતિ વધુ ખરાબ થવાની આશંકા વચ્ચે ક્રૂડ તેલના ભાવમાં વધારો થયો છે, જ્યારે શેરબજારો દબાણ હેઠળ આવી ગયા છે. ઊર્જા સંશોધન કંપની રાયસ્ટાડ એનર્જીના જણાવ્યા અનુસાર, જો બંને દેશો વચ્ચે સંપૂર્ણ પાયે સંઘર્ષ ફરી શરૂ થાય છે, તો ક્રૂડ ઓઈલના ભાવ ૧૫૦ ડોલર પ્રતિ બેરલ સુધી પહોંચી શકે છે. અહેવાલ મુજબ, ગલ્ફ ક્ષેત્રના છ મુખ્ય તેલ ઉત્પાદક દેશોમાં આશરે ૧૧.૮ મિલિયન બેરલ પ્રતિ દિવસ તેલ ઉત્પાદનને અસર થઈ છે. આધુનિક સમયમાં તેલ પુરવઠા પર આ સૌથી મોટી અસર હોઈ શકે છે. હાલનો તણાવ સંપૂર્ણ વિકસિત યુદ્ધ તરફ પાછા ફરવાનો છે કે કટોકટી જે હજુ પણ કાબુમાં રાખી શકાય છે તે કહેવું હજુ વહેલું છે. આ અનિશ્ચિતતા તેલ બજારમાં પણ પ્રતિબિંબિત થઈ રહી છે. એક સમયે બ્રન્ટ ક્રૂડના ભાવ પ્રતિ બેરલ ૧૦૦ ડોલરની સપાટી કૂદાવી ગયા હતા, જોકે પછીથી તે ઓછા થઈને લગભગ ૯૩ ડોલર પ્રતિ બેરલ થયા હતા.

રિપોર્ટ મુજબ, હાલમાં ત્રણ




પરિબળો તેલ બજારને નિયંત્રણ બહાર જતા અટકાવી રહ્યા છે. પ્રથમ, અમેરિકા તેના વ્યૂહાત્મક તેલ ભંડારમાંથી રેકોર્ડ સ્તરનું તેલ મુક્ત કરી રહ્યું છે. બીજું, ચીને ક્રૂડ તેલની આયાતમાં થોડો ઘટાડો કર્યો છે. ત્રીજું, હોર્મુઝ સ્ટ્રેટને બાયપાસ કરીને સાઉદી અરેબિયાના યાનબુ બંદર દ્વારા દરરોજ આશરે ૫ મિલિયન બેરલ તેલ મોકલવામાં આવી રહ્યું છે. અભ્યાસી વર્તુળો માને છે કે થોડા અઠવાડિયા પહેલા સુધી, અમેરિકા અને ઈરાન વચ્ચે સોદાની શક્યતા લગભગ ૪૦ ટકા હતી, પરંતુ હવે આ સંભાવના નબળી પડી ગઈ છે. રિપોર્ટ મુજબ, આવનારા દિવસો નિર્ણાયક રહેશે. આ દિવસો જાહેર કરશે કે વાટાઘાટો તણાવ ઘટાડશે કે સંઘર્ષ વધારશે. રિપોર્ટમાં જણાવાયું છે કે પશ્ચિમ એશિયામાં સંઘર્ષ શરૂ થયો ત્યારથી, છેલ્લા ત્રણ મહિનામાં વૈશ્વિક બજારમાં કુલ ૧ અબજ બેરલ ક્રૂડ ઓઈલ સપ્લાય પર અસર પડી છે. આ રકમ યુએસ વ્યૂહાત્મક તેલ ભંડારની કુલ ક્ષમતા કરતાં લગભગ અઢી ગણી છે. આ કારણે તેલ બજારમાં અસ્થિરતા વધી છે, અને રોકાણકારો પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહ્યા છે. નિષ્ણાતો માને છે કે જ્યાં સુધી યુદ્ધવિરામ મજબૂત ન થાય અથવા બંને પક્ષો વાટાઘાટોના ટેબલ પર પાછા ન આવે ત્યાં સુધી તેલના ભાવ ખૂબ જ અસ્થિર રહી શકે છે. યુએસ અને ઈરાન વચ્ચે વધતા તણાવે એપ્રિલ યુદ્ધવિરામ માટે અત્યાર સુધીનો સૌથી મોટો પડકાર ઉભો કર્યો છે. પરિસ્થિતિ વધુ ખરાબ થવાની આશંકા વચ્ચે ક્રૂડ તેલના ભાવમાં વધારો થયો છે, જ્યારે શેરબજારો દબાણ હેઠળ આવી ગયા છે. ઊર્જા સંશોધન કંપની રાયસ્ટાડ એનર્જીના જણાવ્યા અનુસાર, જો બંને દેશો વચ્ચે સંપૂર્ણ પાયે સંઘર્ષ ફરી શરૂ થાય છે.

## 5 મહિનામાં પ્રથમ વખત 4%ની નજીક પહોંચી મોંઘવારી

- **મે મહિનામાં વધીને 3.93% થઈ, ખાદ્યપદાર્થો અને પરિવહન મોંઘા થવાથી દબાણ વધ્યું**

મુંબઈ

દેશમાં છૂટક મોંઘવારીની ગતિ ફરી એકવાર વધી ગઈ છે. મે મહિનામાં તે વધીને 3.93% પર પહોંચી ગઈ છે, જે એપ્રિલમાં 3.48% હતી. છેલ્લા 5 મહિનામાં આ પહેલીવાર છે જ્યારે છૂટક મોંઘવારી રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના મધ્યમ-ગાળાના લક્ષ્ય 4%ની ખૂબ નજીક પહોંચી ગઈ છે. 5 મહિનામાં પહેલીવાર 4%ની નજીક પહોંચી મોંઘવારી 2026ની શરૂઆતમાં મોંઘવારી દર ઘણો ઓછો હતો. જાન્યુઆરીમાં તે 2.74%ના સ્તર પર હતી, જે મે સુધી સતત વધતા 3.93% પર આવી ગઈ છે. ગયા મહિને એટલે કે એપ્રિલની સરખામણીમાં મે મહિનામાં છૂટક મોંઘવારીમાં 0.75%નો વધારો નોંધાયો છે. માસિક ધોરણે કિંમતોમાં આવેલો આ ઉછાળો છેલ્લા 16 મહિનામાં સૌથી ઝડપી છે, જે દર્શાવે છે કે બજારમાં સતત ભાવ દબાણ વધી રહ્યું છે. આ વખતે પણ મોંઘવારી વધવા પાછળનું સૌથી મોટું કારણ ખાવા-પીવાની વસ્તુઓના ભાવમાં આવેલી તેજી છે. મે મહિનામાં કન્ઝ્યુમર ફૂડ ઈન્ફ્લેશન વધીને 4.78% પર પહોંચી ગયું, જે એપ્રિલમાં 4.2% હતું.

ખાસ વાત એ છે કે શહેરોની સરખામણીમાં ગ્રામીણ ભારતમાં ખાદ્ય મોંઘવારી દર વધુ રહ્યો. મે મહિનામાં ગ્રામીણ વિસ્તારોમાં ફૂડ ઈન્ફ્લેશન 4.85% નોંધાયું, જ્યારે શહેરી કેન્દ્રોમાં આ આંકડો 4.66% રહ્યો. સોનાની કિંમતોમાં તેજીથી જ્વેલરી 56%થી વધુ મોંઘી થઈ આ વખતે કોમોડિટી અને ડિસ્ક્રિશનરી (બિન-જરૂરી) ખર્ચાઓમાં સૌથી મોટો ઉછાળો જોવા મળ્યો છે. જ્વેલરી અને કિંમતી ધાતુઓ ધરાવતી પર્સનલ ઈફેક્ટ્સ કેટેગરીના ફુગાવાના દરમાં રેકોર્ડ 56.35%નો વધારો થયો છે.

# અમદાવાદ પ્લેન ક્રેશ: 'આજે પણ સિવિલ પરથી પ્લેન નીકળે તો ડર લાગે છે'

## મૃતદેહોનું પીએમ કરનારા તબીબની કંપાવી મૂકે તેવી આપવીતી; કહ્યું- 'શવોની હાલત એવી હતી કે આઘાતમાંથી બહાર આવતા 3 મહિના લાગ્યા હતા'

અમદાવાદ

સમય ગમે તેટલો વીતી જાય, પણ કેટલીક દુર્ઘટનાઓના જખમ ક્યારેય રૂઝાતા નથી. વર્ષ ૧૯૯૦માં અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ એરપોર્ટ નજીક થયેલા એ ભયાનક પ્લેન ક્રેશની યાદો આજે પણ પ્રત્યક્ષદર્શીઓ અને તે સમયના સહભાગીઓના કાળજા ધ્રુજાવી દે છે. આ પ્લેન ક્રેશ બાદ સિવિલ હોસ્પિટલમાં મૃતદેહોનું પોસ્ટમોર્ટમ (PM) કરનારા તબીબે વર્ષો પછી પોતાના એ ભયાનક અનુભવો શેર કર્યા છે, જે વાંચીને પથ્થર હૃદયના માણસની આંખોમાં પણ આંસુ આવી જાય.

તે સમયે સિવિલ હોસ્પિટલમાં ફરજ બજાવતા અને કલાકો સુધી સતત મૃતદેહોનું પીએમ કરનારા સિનિયર તબીબે જણાવ્યું કે, 'આજે આટલા વર્ષો વીતી ગયા હોવા છતાં, જ્યારે પણ હું સિવિલ હોસ્પિટલની ઉપરથી કોઈ પ્લેનને પસાર થતું જોઉં છું કે તેનો અવાજ સાંભળું છું, ત્યારે મારું દિલ જોરથી ધડકવા લાગે છે અને મનમાં એક અજાણ્યો ડર પેસી જાય છે. એ કાળમુખો દિવસ મારા જીવનનો સૌથી મોટો આઘાત હતો.'

તબીબે એ ભયાનક રાત અને સવારના દ્રશ્યો યાદ કરતાં જણાવ્યું કે, પ્લેન ક્રેશ એટલું ગંભીર હતું કે પ્લેનમાં સવાર મુસાફરોના મૃતદેહો કાળી શાહી જેવા બળીને ખાખ થઈ ગયા હતા.

તેમણે ધ્રુજતા અવાજે ઉમેર્યું: 'જ્યારે સિવિલ હોસ્પિટલના પીએમ રૂમમાં એક પછી એક મૃતદેહો લાવવામાં આવ્યા, ત્યારે ત્યાં હાજર સ્ટાફની આંખોમાં આંસુ હતા. શવોની હાલત એટલી વિકૃત અને ભયાનક હતી કે તેમને ઓળખવા પણ અશક્ય હતા.

કેટલાક મૃતદેહો તો માત્ર રાખ અને હાડપિંજર જેવા બચ્યા હતા. મેં મારી કરિયરમાં હજારો પીએમ કર્યા છે, પરંતુ એ દ્રશ્યો એટલા હૃદયદ્રાવક હતા કે તેમાંથી માનસિક રીતે બહાર આવતા મને અને મારી ટીમને ૩ મહિના કરતાં વધુ સમય લાગી ગયો હતો. કેટલાય દિવસો સુધી તો અમે સરખી રીતે જમી પણ શક્યા નહોતા.'

ડોક્ટરોના જણાવ્યા મુજબ, એક તરફ સગા-સંબંધીઓનો આક્રોશ અને રૂદન હતું, તો બીજી તરફ મેડિકલ સ્ટાફ પર વહેલી તકે પીએમની પ્રક્રિયા પૂર્ણ કરીને કાયદાકીય કાગળો તૈયાર કરવાનું ભારે દબાણ હતું. તબીબોએ પોતાની લાગણીઓ પર પથ્થર મૂકીને, સતત ૨૪ કલાકથી વધુ સમય સુધી ભૂખ્યા-તરસ્યા રહીને તમામ મૃતદેહોના પોસ્ટમોર્ટમની કામગીરી પૂરી કરી હતી, જેથી શોકગ્રસ્ત પરિવારોને તેમના સ્વજનોના અવશેષો અંતિમ સંસ્કાર માટે સોંપી શકાય.

અમદાવાદના ઈતિહાસમાં કાળા અક્ષરે લખાયેલી આ વિમાન દુર્ઘટના ભલે ભૂતકાળ બની ગઈ હોય, પરંતુ જે તબીબો અને પેરામેડિકલ સ્ટાફે એ ભયાનકતાને નિકટથી જોઈ છે, તેમના મનમાંથી એ ચીસાચીસ અને બળેલા મૃતદેહોના દ્રશ્યો આજે પણ ભૂંસાયા નથી.

## અમદાવાદ પ્લેન ક્રેશમાં પુત્ર પર લાગેલા કથિત આરોપોને દૂર કરવા 90 વર્ષીય પિતાની હૃદયસ્પર્શી કાનૂની લડાઈ; સિસ્ટમ સામે એકલા હાથે જંગ

'જ્યારે પણ કોઈ વિમાન દુર્ઘટના થાય છે, ત્યારે સિસ્ટમ સૌથી પહેલા પાઈલટને દોષી ઠેરવીને પોતાનો હાથ ઊંચો કરી લે છે... કારણ કે મરી ગયેલો પાઈલટ ક્યારેય પોતાનો પક્ષ રાખવા જીવતો પાછો નથી આવતો!' આ વેદના અને આક્રોશથી ભરેલા શબ્દો એ લાચાર પણ મક્કમ પિતાના છે, જેમના પુત્ર પર દેશની એક મોટી વિમાન દુર્ઘટનાનું કલંક લગાવી દેવાયું હતું. વર્ષ ૧૯૯૦ના એ ભયાનક અમદાવાદ પ્લેન ક્રેશને ત્રણ દાયકા કરતાં વધુ સમય વીતી ગયો હોવા છતાં, તે વિમાનના પાયલટના ૯૦ વર્ષીય વૃદ્ધ પિતા આજે પણ પોતાના પુત્રના નામેથી 'ગુનેગાર'નું લેબલ હટાવવા માટે કોર્ટ-કચેરીના ધક્કા ખાઈ રહ્યા છે.

૧૯૯૦માં અમદાવાદના એરપોર્ટ નજીક ઈન્ડિયન એરલાઈન્સનું વિમાન ક્રેશ થયું, જેમાં કપ્તાન (પાયલટ) સહિત અનેક લોકોએ જીવ ગુમાવ્યા હતા. દુર્ઘટના બાદ પ્રાથમિક તપાસ અહેવાલોમાં અકસ્માતનું આખું ઠીકરું પાયલટની 'માનવીય ભૂલ' (Human Error) પર ફોડી દેવામાં આવ્યું હતું. પરંતુ એક પિતાનું હૃદય આ સ્વીકારવા તૈયાર નહોતું. આજે ૯૦ વર્ષની જર્જરિત ઉંમરે, જ્યારે લોકો લાકડીના ટેકે જીવતા હોય છે, ત્યારે આ વૃદ્ધ પિતા પોતાના દિવંગત પુત્રની પ્રતિષ્ઠા અને સન્માનને પાછું મેળવવા માટે કાનૂની લડાઈ લડી રહ્યા છે.



# અમદાવાદમાં AMC દ્વારા '12 વર્ષ વિકાસ, વિશ્વાસ અને જનકલ્યાણ' અંતર્ગત ભવ્ય શિબિરનું આયોજન

### દર્શનાબેન વાઘેલા, સાંસદ દિનેશભાઈ મકવાણા, પૂર્વ સાંસદ નરહરિભાઈ અમીન અને મેયર હિતેશ બારોટ સહિતના અગ્રણીઓની ગરિમામય ઉપસ્થિતિ

અમદાવાદ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશ અને રાજ્યમાં ચાલી રહેલી વિકાસયાત્રાને બિરદાવવા અને છેવાડાના માનવી સુધી સરકારી યોજનાઓના લાભ પહોંચાડવાના ઉદ્દેશ્ય સાથે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા એક ભવ્ય 'જનકલ્યાણ શિબિર'નું આયોજન કરવામાં આવ્યું હતું. 'બાર વર્ષ વિકાસ, વિશ્વાસ અને જનકલ્યાણ'ની થીમ પર આધારિત આ કાર્યક્રમમાં સરકારની વિવિધ લોકાભિમુખ યોજનાઓની માહિતી અને સહાયનું વિતરણ કરવામાં આવ્યું




હતું. આ શિબિરમાં કલ્યાણકારી યોજનાઓના પ્રચાર-પ્રસાર માટે અનેક રાજકીય અગ્રણીઓ અને કોર્પોરેશનના પદાધિકારીઓ એક મંચ પર ઉપસ્થિત રહ્યા હતા. જેમાં મંત્રી શ્રીમતી દર્શનાબેન વાઘેલા, અમદાવાદના લોકપ્રિય સાંસદ શ્રી દિનેશભાઈ મકવાણા, પૂર્વ સાંસદ શ્રી નરહરિભાઈ અમીન તેમજ સ્થાનિક ધારાસભ્ય શ્રી કૌશિકભાઈ જૈને હાજરી આપી કાર્યક્રમની શોભા વધારી હતી. આ ઉપરાંત, અમદાવાદના મેયર હિતેશ બારોટ, AMCના વિવિધ સમિતિના ચેરમેનો, પદાધિકારીઓ તેમજ મોટી સંખ્યામાં કાઉન્સિલર મિત્રો અને સ્થાનિક અગ્રણીઓ ખાસ હાજર રહ્યા હતા. શિબિર દરમિયાન ઉપસ્થિત મહાનુભાવોએ જણાવ્યું હતું કે, છેલ્લા ૧૨ વર્ષોમાં અમદાવાદ શહેરે વિકાસની નવી ઊંચાઈઓ સર કરી છે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા માળખાકીય સુવિધાઓની સાથે-સાથે ગરીબ અને મધ્યમ વર્ગના ઉત્થાન માટે અનેક જનકલ્યાણ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે, જેનો સીધો લાભ શહેરીજનોને મળી રહ્યો છે. આ જન કલ્યાણ શિબિરમાં મોટી સંખ્યામાં ઉમટી પડેલા નાગરિકોને વિવિધ સરકારી કાર્ડ, આરોગ્યલક્ષી સહાય અને અન્ય યોજનાકીય લાભોનું સ્થળ પર જ વિતરણ કરવામાં આવ્યું હતું. મેયર હિતેશ બારોટે આ પ્રસંગે કોર્પોરેશનની ટીમ અને કાઉન્સિલરોની કામગીરીને બિરદાવી આગામી સમયમાં પણ આ જ રીતે જનસેવાના કાર્યો અવિરત ચાલુ રાખવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

## અમદાવાદમાં નિર્માણાધીન રેલવે ઓવરબ્રિજોની કામગીરી ઝડપી કરવા અસારવા DRM ઓફિસ ખાતે યોજાઈ મહત્વની બેઠક

અમદાવાદ

અમદાવાદ મહાનગર વિસ્તારમાં ટ્રાફિકની સમસ્યા હળવી કરવા અને વિકાસ કાર્યોને વેગ આપવા માટે પ્રશાસન દ્વારા સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. આ અંતર્ગત અમદાવાદના અસારવા સ્થિત ડી.આર.એમ. (DRM) ઓફિસ ખાતે એક મહત્વની સમીક્ષા બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ ઉચ્ચ સ્તરીય બેઠકમાં પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝનના DRM વેદપ્રકાશજી સાથે અમદાવાદ મહાનગર વિસ્તાર અંતર્ગત અલગ-અલગ જગ્યાએ નિર્માણ પામી રહેલા વિવિધ રેલવે ઓવરબ્રિજોની (ROB) કામગીરી અંગે વિસ્તૃત અને ઊંડાણપૂર્વક સમીક્ષા કરવામાં આવી હતી. આ બ્રિજોના નિર્માણમાં આવી રહેલા ટેકનિકલ પ્રશ્નો અને કામગીરીને વધુ ઝડપી બનાવવા માટેના આયોજન અંગે બેઠકમાં હકારાત્મક ચર્ચા થઈ હતી. આ બેઠકમાં અમદાવાદના મેયર હિતેશભાઈ બારોટ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન કલ્પેશ પટેલ, અમદાવાદ પશ્ચિમના સાંસદ દિનેશભાઈ મકવાણા, ધારાસભ્ય કૌશિકભાઈ જૈન તેમજ રેલવે અને કોર્પોરેશનના સંબંધિત ઉચ્ચ અધિકારીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

### અમદાવાદના ઇસનપુરમાં કોર્પોરેશનનું મેગા ડિમોલિશન

# 160થી વધુ દબાણો તોડી આંબા તળાવની 26,000 ચો.મી. સરકારી જમીન ખુલ્લી કરાશે

અમદાવાદ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા શહેરમાં સરકારી જમીનો પર થયેલા ગેરકાયદેસર દબાણો હટાવવા માટે મોટા પાયે ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. આ કડી અંતર્ગત આજે પૂર્વ ઝોનના ઈસનપુર વિસ્તારમાં આવેલા ઐતિહાસિક આંબા તળાવની આસપાસના વિસ્તારમાં તંત્ર દ્વારા કડક પોલીસ બંદોબસ્ત સાથે મેગા ડિમોલિશન હાથ ધરવામાં આવ્યું છે. કોર્પોરેશનની આ કડક કાર્યવાહીથી સમગ્ર વિસ્તારમાં ભારે તંગદિલી અને ઉત્તેજનાનો માહોલ જોવા મળી રહ્યો છે. મળતી માહિતી મુજબ, ઈસનપુરના આંબા તળાવની આસપાસ છેલ્લા ઘણા સમયથી કાચા-પાકા મકાનો અને કોમર્શિયલ શેડ બનાવીને મોટા પાયે ગેરકાયદેસર દબાણો ઊભા કરી દેવામાં આવ્યા હતા. તંત્ર દ્વારા આજે જેસીબી અને હિટાચી જેવા ભારે મશીનો સાથે આશરે ૧૬૦થી



વધુ નાના-મોટા દબાણો પર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું છે. આ કામગીરી પૂર્ણ થતાં તળાવની આસપાસની આશરે ૨૬,૦૦૦ ચોરસ મીટર જેટલી કરોડો રૂપિયાની સરકારી જમીન દબાણમુક્ત બનશે અને રસ્તાની લાઈનદોરી ખુલ્લી થશે. એકતરફ તંત્ર પોતાની કાયદેસરની કામગીરી કરી રહ્યું છે, તો બીજીતરફ વર્ષોથી અહીં વસવાટ કરતા ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારો અચાનક ઘરવિહોણા થઈ જતાં તેમની સ્થિતિ અત્યંત દયનીય બની ગઈ છે. મકાનો તૂટતાની સાથે જ મહિલાઓ અને બાળકો પોતાના ઘરવખરીના સામાન સાથે રસ્તા પર આવી ગયા છે. સ્થાનિક લોકોએ રડતી આંખે તંત્ર સામે આક્રોશ ઠાલવતા જણાવ્યું હતું કે, 'અમે વર્ષોથી અહીં રહીએ છીએ. હવે ચોમાસાની શરૂઆત થવા જઈ રહી છે ત્યારે અમારા માથા પરથી છત છીનવી લેવામાં આવી છે. અમારી પાસે જવા માટે કોઈ જગ્યા નથી. અમે મકાન વગર રોડ પર રખડીશું, પણ અહીંયા જ પડ્યા રહીશું!' સ્થાનિકોએ આક્ષેપ કર્યો છે કે તેમને વૈકલ્પિક આવાસ આપ્યા વિના જ આ રીતે અચાનક બેઘર કરી દેવાયા છે. ડિમોલિશન દરમિયાન કોઈ અનિચ્છનીય ઘટના ન ઘટે અથવા કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ન કથળે તે માટે ઈસનપુર પોલીસ સહિત ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફલો ઘટનાસ્થળે તૈનાત કરી દેવામાં આવ્યો છે.

### પેરોલ પર આવી દારૂ પીને ફટાકડા ફોડ્યાં

# ભાજપ કાર્યકરના હત્યારા મોન્ટુ નામદારે પોલીસને ગાળો ભાંડી..!

### મોન્ટુનો પુત્ર પ્રિન્સ અને દાણીલીમડાના નવાબ બિલ્ડર્સના નવાબખાનના પુત્ર નાદિરખાન ઉર્ફે બાબાખાન પઠાણ પણ તેને મળવા માટે આવ્યો હતો..!



અમદાવાદ

અમદાવાદમાં કાયદા અને વ્યવસ્થાના લીરેલીરા ઉડાડતો એક ચોંકાવનારો કિસ્સો ખાડિયા વિસ્તારમાંથી સામે આવ્યો છે. ભાજપના કાર્યકરની હત્યાના ગુનામાં જેલની સજા કાપી રહેલો કુખ્યાત આરોપી મોન્ટુ નામદાર પેરોલ પર બહાર આવ્યા બાદ જાહેરમાં દારૂ પીને ફટાકડા ફોડી આતંક મચાવી રહ્યો હતો. ખાડિયા પોલીસ જ્યારે તેની ધરપકડ કરવા ગઈ ત્યારે પોલીસ સ્ટેશનની બહાર જ તેણે પોલીસકર્મીને બેફામ ગાળો ભાંડી હતી. એટલું જ નહીં, 2022માં જે મર્ડર કેસમાં તેને પકડ્યો હતો તે જ પોલીસકર્મીને જાહેરમાં જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. પોલીસ સ્ટેશનની બહારના ભાગે જ પોલીસ કર્મચારીને ધમકી આપી હતી કે, 2022માં મેં મર્ડર કર્યું હતું ત્યારે તું મને પકડી લાવ્યો હતો, જેથી હું તને છોડી નહીં અને જાનથી મારી નાખીશ એવી ધમકી આપી હતી. મોન્ટુનો પુત્ર પ્રિન્સ અને દાણીલીમડાના નવાબ બિલ્ડર્સના નવાબખાનના પુત્ર નાદિરખાન ઉર્ફે બાબાખાન પઠાણ પણ તેને મળવા માટે આવ્યો હતો. તેઓએ પણ બોલાચાલી કરી હતી. ખાડિયા પોલીસે પોલીસકર્મીની ફરિયાદ લઈ વધુ તપાસ હાથ ધરી છે. બનાવની વિગત એવી છે કે, ખાડિયા પોલીસ સ્ટેશનની સર્વેલન્સ સ્ક્વોડમાં છેલ્લા 4 વર્ષથી ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ ધર્મેશ ભરવાડને બાતમી મળી હતી કે, 2022ના મર્ડર કેસનો સજા કાપતો ગુનેગાર મોન્ટુ ઉર્ફે મોન્ટુ નામદાર પેરોલ ફર્લોની રજા પર જેલમાંથી બહાર આવ્યો છે. તે હાલમાં હજીરાની પોળ ખાતે નશાની હાલતમાં ધમાલ મચાવી રહ્યો છે અને પોતાના હત્યા કેસના મુખ્ય સાક્ષીને કેસ પાછો ખેંચવા માટે ધાક-ધમકી આપી રહ્યો છે. બાતમીના આધારે હેડ કોન્સ્ટેબલ ધર્મેશભાઈ અન્ય પોલીસ કર્મચારીઓ સાથે તાત્કાલિક સ્થળ પર દોડી ગયા હતા અને મોન્ટુને કોર્ડન કરીને ઝડપી લીધો હતો. પોલીસ સ્ટેશન લાવ્યા બાદ આરોપી મોન્ટુ નામદાર અતિશય દારૂ પીધેલી હાલતમાં હોવાથી કાયદાકીય પ્રોટોકોલ મુજબ તેની મેડિકલ તપાસ અને સારવાર માટે સિવિલ હોસ્પિટલ લઈ જવાની તૈયારી ચાલી રહી હતી.

### કામમાં વિલંબ કરનાર નરોડા ફ્લાયઓવરના કોન્ટ્રાક્ટરને 50લાખનો દંડ!

# અમદાવાદના વિકાસ અને પ્રિ-મોન્સૂન પ્લાનિંગને લઈને AMCનો એક્શન પ્લાન

અમદાવાદ:

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) ની સ્ટેન્ડિંગ કમિટીની મહત્વની બેઠક આજે યોજાઈ હતી. આ બેઠકમાં ચોમાસા પૂર્વેની પ્રિ-મોન્સૂન કામગીરી, શહેરના ટ્રાફિકની સમસ્યા અને વિલંબમાં પડેલા પ્રોજેક્ટ્સને લઈને કેટલાક કડક અને જનહિતના નિર્ણયો લેવામાં આવ્યા છે. બેઠક બાદ પત્રકારો સાથે વાતચીત કરતા AMC સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી કમલેશભાઈ પટેલે કોર્પોરેશનની આગામી યોજનાઓ અને લેવાયેલા એક્શનની વિગતવાર માહિતી આપી હતી.

ચોમાસામાં પૂર્વ અમદાવાદના વિસ્તારોમાં ભરાતા પાણીની સમસ્યાના કાયમી ઉકેલ માટે તંત્ર એક્શન મોડમાં આવ્યું છે. ચેરમેન કમલેશભાઈ પટેલે જણાવ્યું કે, પ્રિ-મોન્સૂન કામગીરીના ભાગરૂપે પૂર્વ વિસ્તારમાં આગામી બે વર્ષની અંદર નવી ટ્રંકલાઈન નાખવામાં આવશે. આ પ્રોજેક્ટ પૂર્ણ થતાં જ પૂર્વ પટ્ટાના હજારો રહીશોને દર ચોમાસે ભોગવવી પડતી જળબંબાકારની સ્થિતિમાંથી કાયમી મુક્તિ મળશે.

અમદાવાદમાં ચાલી રહેલા બ્રિજ પ્રોજેક્ટ્સમાં થતા વિલંબને લઈને પણ કમિટીએ કડક વલણ અપનાવ્યું છે. નરોડા ફ્લાયઓવરની કામગીરીમાં



» રાયપુરમાં ટ્રાફિક સમસ્યા નિવારવા રોડ પહોળો કરાશે, ઓઢવ મધુમાલતી તળાવની સમસ્યામાં 40 ટકા રાહત મળશે : સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન

બિનજરૂરી વિલંબ અને બેદરકારી દાખવવા બદલ સંબંધિત કોન્ટ્રાક્ટરને રૂા. ૫૦ લાખની માતબર રકમનો દંડ (પેનલ્ટી) ફટકારવામાં આવ્યો છે. તંત્રએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે, પ્રજાના નાણાંનો બગાડ કે વિકાસના કામોમાં ઢીલાશ સાંખી લેવામાં આવશે નહીં.

કોટ વિસ્તાર અને પૂર્વ અમદાવાદને જોડતા રાયપુર વિસ્તારમાં વર્ષો જૂની ટ્રાફિકની સમસ્યાનો અંત લાવવા માટે મોટો નિર્ણય લેવાયો છે. રાયપુરમાં વાહનોની ભારે અવરજવરને ધ્યાને રાખીને હાલનો ૧૫ મીટરનો રોડ પહોળો કરીને ૨૪ મીટરનો કરવામાં આવશે. રોડ કટિંગ અને વાઈડનિંગની આ કામગીરીથી પીક અવર્સમાં થતા ટ્રાફિક જામમાં વાહનચાલકોને મોટી રાહત મળશે. ઓઢવના મધુમાલતી વિસ્તારમાં ચોમાસા દરમિયાન પમ્પિંગ સ્ટેશનના કારણે આસપાસના રહીશોને પાણી ભરાવાની મોટી આફતનો સામનો કરવો પડતો હતો. આ અંગે ચેરમેને આશ્વાસન આપતા કહ્યું કે, તંત્ર દ્વારા કરાયેલા નવા આયોજન અને ટેકનિકલ સુધારાઓને કારણે આગામી સમયમાં મધુમાલતી તળાવની આ સમસ્યામાં સ્થાનિક લોકોને સીધી ૪૦ ટકા જેટલી મોટી રાહત મળશે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા લેવાયેલા આ તમામ નિર્ણયો આગામી દિવસોમાં અમદાવાદીઓ માટે સુવિધાજનક સાબિત થશે, તેમ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેને ઉમેર્યું હતું.

### અમદાવાદ ગ્રામ્ય LCBની મોટી કાર્યવાહી

# લાખોના મુદ્દામાલ અને ક્રેટા ગાડી સાથે દેશી દારૂનો જથ્થો ઝડપાયો..!

### પોલીસે વોચ દરમિયાન શંકાસ્પદ હ્યુન્ડાઈ ક્રેટા ગાડીને આંતરીને તેની તલાશી લેતા તેમાંથી મોટા પ્રમાણમાં દેશી દારૂ મળી આવ્યો હતો

અમદાવાદ

ગુજરાતમાં દારૂબંધીના કડક અમલ વચ્ચે અમદાવાદ ગ્રામ્ય લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) દ્વારા પ્રોહીબીશનનો એક મોટો કેસ શોધી કાઢવામાં સફળતા મળી છે. પોલીસ પ્રશાસન દ્વારા અસામાજિક પ્રવૃત્તિઓ સામે ચલાવવામાં આવી રહેલી ઝુંબેશ અંતર્ગત આ મોટી કાર્યવાહી કરવામાં આવી છે.

પોલીસ મહાનિરીક્ષક રાઘવેન્દ્ર વત્સ અને અમદાવાદ ગ્રામ્ય પોલીસ અધિક્ષક ઓમ પ્રકાશ જાટના આદેશ મુજબ, જિલ્લામાં દારૂ અને જુગાર જેવી ગેરકાયદેસર પ્રવૃત્તિઓનો નાશ કરવા માટે ખાસ સૂચના આપવામાં આવી હતી. આ સૂચનાના આધારે અમદાવાદ ગ્રામ્ય LCB એક્શન મોડમાં આવી ગઈ હતી.

LCBના પોલીસ ઈન્સ્પેક્ટર આર.એન. કરમટિયાના સીધા માર્ગદર્શન હેઠળ, પો.સ.ઈ. વી.એ. હરકટ અને તેમની ટીમ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. આ દરમિયાન પોલીસ ટીમને એક ચોક્કસ બાતમી મળી હતી. બાતમીના આધારે પોલીસે વિવેકાનંદનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા વડોદરા-અમદાવાદ એક્સપ્રેસ હાઈવે પર, રાજકોટ એક્ઝિટ પાસે ગેરતપુર ગામની સીમમાં વોચ ગોઠવી હતી.



પોલીસે વોચ દરમિયાન શંકાસ્પદ હ્યુન્ડાઈ ક્રેટા ગાડીને આંતરીને તેની તલાશી લેતા તેમાંથી મોટા પ્રમાણમાં દેશી દારૂ મળી આવ્યો હતો. પોલીસે ઘટનાસ્થળેથી આરોપી રોહિત મનહરભાઈ ઠાકોર (રહેવાસી: મેણવાસ, દરિયાપુર, અમદાવાદ)ની ધરપકડ કરી છે.

પકડાયેલી હ્યુન્ડાઈ ક્રેટા ગાડી (નંબર GJ01HX4213) માંથી પોલીસને અંદાજે 1,50,000 રૂપિયાની કિંમતનો 750 લિટર દેશી દારૂ મળી આવ્યો હતો. પોલીસે દારૂના જથ્થા ઉપરાંત 7,00,000 રૂપિયાની કિંમતની ક્રેટા ગાડી, 520 રૂપિયાની રોકડ રકમ અને 5,000 રૂપિયાની કિંમતનો એક મોબાઈલ ફોન મળીને કુલ 8,55,520 રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI